અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ ઓક્ટોબર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૧૨ | અંક : ૯૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### એરફોર્સ ચીફ એપી સિંહનો મોટો ખુલાસો

# પાકિસ્તાનના પાંચ F-16 અને JF-17 ફાઇટર જેટ થયા તબાહ

## પહેલગામ હુમલા માટે પાકિસ્તાને ભારે કિંમત ચુકવવી પડી : ઓપરેશન સિંદૂરને ઈતિહાસમાં યાદ કરાશે : અમે ૩-૪ દિવસમાં યુદ્ધ પૂરૂ કર્યું : એરફોર્સ ચીફ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતે પાકિસ્તાનને ઓપરેશન સિંદૂર દરમિયાન તેની ઓકાત દેખાડી દીધી હતી, પરંતુ પાક પ્રધાનમંત્રી શાહબાઝ શરીફ ખોટું બોલવાનું છોડી રહ્યા નથી. ભારતીય વાયુસેનાના પ્રમુખ એપી સિંહે પાકિસ્તાનની પોલ ખોલી દીધી છે. તેમણે મોટો ખુલાસો કરતા કહ્યુ કે ભારતીય સેનાએ પાકિસ્તાનના ૪-૫ ફાઇટર જેટ ધરાશાયી કર્યા હતા. પાકિસ્તાને આ ઓપરેશન દરમિયાન ભારે કિંમત ચુકવવી પડી છે. એરફોર્સ ચીફ એપી સિંહે કહ્યુ- પહેલગામ હુમલા માટે પાકિસ્તાને ભારે કિંમત ચુકવવી પડી. ઓપરેશન સિંદૂરને ઈતિહાસમાં યાદ કરવામાં આવશે. અમે ૩-૪ દિવસમાં યુદ્ધ પૂરૂ કર્યું. દુનિયાએ ભારત પાસેથી શીખવું જોઈએ કે યુદ્ધને કઈ રીતે ખતમ કરી શકાય છે. અમે પાકિસ્તાનની સરહદની અંદર ૨૦૦ કિલોમીટર સુધી વાર કર્યો. અમારી જમીનથી માર કરનારી મિસાઈલ અચૂક અને અભેદ હતી. આ દરમિયાન પાકિસ્તાનના સામાન્ય લોકોને કોઈ નુકસાન થયું નહીં. એપી સિંહે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને થયેલા નુકસાન પર કહ્યુ, અમારી સેનાએ પાકિસ્તાનના ૪-૫ ફાઈટર જેટ પાડી દીધા. તેમાં JF-16 સામેલ હતું. ગુપ્ત રિપોર્ટ પ્રમાણે અમે પાકની મિસાઈલ સિસ્ટમને પણ ભારે નુકસાન પહોંચાડ્યું. તેની ૪ રડાર સિસ્ટમ, ૨ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને મોટી સંખ્યામાં એરફીલ્ડને નુકસાન પહોંચ્યું છે. તેના હેંગર્સમાં ઉભેલા C-130 ને પણ તબાહ કરી દેવામાં આવ્યું. તેમણે કહ્યું, "ઓપરેશન સિંદૂર દ્વારા અમે વાયુ શક્તિ વિશે શીખ્યા, અને અમને સમજાયું કે આપણે કેટલી હદ સુધી પ્રહાર કરી શકીએ છીએ. વાયુ શક્તિની સુસંગતતા અકબંધ રહેવી જોઈએ. હું અમારા બધા દેશવાસીઓને વચન આપું છું કે જ્યારે પણ ભારતીય વાયુસેનાની જરૂર પડશે, ત્યારે અમે અમારી જવાબદારી સારી રીતે નિભાવીશું. જો તેઓ (પાકિસ્તાન) વિચારશે કે તેમણે અમારા ૧૫ ફાઈટર જેટ તોડી પાડ્યા છે, તો તેમને વિચારવા દો.

## ભારત કોઈનું અપમાન સહન નહીં કરે : પુતિનનું સ્પષ્ટ નિવેદન

### રશિયન રાષ્ટ્રપતિએ ભારત અને ચીનને રશિયા સાથેના ઓઇલની ખરીદી ઘટાડવા માટેની કાર્યવાહી મુદ્દે વિરોધ વ્યક્ત કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ટ્રમ્પના ટેરીફ વોર મુદ્દે એક મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતુ કે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ભારત પર લાગુ કરાયેલા ટેરિફની કોઈ અસર નહીં થાય. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે ભારત અને ચીન એવા રાષ્ટ્રો છે જે આત્મ-સન્માનથી ઓતપ્રોત છે. ભારતના લોકો ક્યારેય કોઈની સામે અપમાન સ્વીકારશે નહીં. પુતિને વધુમાં કહ્યું કે, "હું વડાપ્રધાન મોદીથી પરિચિત છું. તેઓ આ પ્રકારનું કોઈ પણ પગલું ક્યારેય નહીં ભરે."બ્લેક સીના રિસોર્ટ શહેર સોચીમાં આયોજિત વલદાઈ ડિસ્કશન ગ્રુપમાં વાત કરતાં પુતિને ભારતના વલણની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, "ભારત જેવો દેશ તેના નેતૃત્વના નિર્ણયો પર નજીકથી નજર રાખે છે અને ક્યારેય કોઈની સામે અપમાનજનક સ્થિતિ સ્વીકારશે નહીં. હું વડાપ્રધાન મોદીથી પરિચિત છું. તેઓ પોતે પણ આવું કોઈ પગલું નહીં ભરે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેન યુદ્ધને નબળું પાડવા માટે યુરોપ, ભારત અને ચીનને રશિયન તેલની ખરીદી બંધ કરવાની અપીલ કરી હતી. રશિયન રાષ્ટ્રપતિએ ભારત અને ચીનને રશિયા સાથેના ઓઈલની ખરીદી ઘટાડવા માટેની કાર્યવાહી મુદ્દે વિરોધ વ્યક્ત કર્યો હતો અને વધુમાં ચેતવણી આપી હતી કે જો રશિયાના ઉર્જા પુરવઠામાં ઘટાડો કરવામાં આવશે, તો વૈશ્વિક અર્થતંત્ર ગંભીર સંકટમાં મુકાશે અને બ્રેન્ટ ક્રૂડ તેલની કિંમતો $100 પ્રતિ બેરલથી ઉપર પહોંચી જશે. તેમણે ઉમેર્યું કે ભારત સાથે વેપાર અને ચૂકવણી સંબંધિત સમસ્યાઓનું સમાધાન બ્રિક્સ મંચ અથવા અન્ય માર્ગો દ્વારા કરી શકાય છે.

### ન્યૂઝ બ્રિફ

## આતંકવાદ રોકો નહીંતર પાકિસ્તાન દુનિયાના નકશામાં નહીં હોય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય થલ સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને આકરી ચેતવણી આપતા કહ્યું છે કે, આ વખતે ભારત ઓપરેશન સિંદૂર ૧.૦ જેવો સંયમ નહીં રાખે. શુક્રવારે નવી મંડી ઘડસાણાના ગામ સ્થિત સરહદી વિસ્તારની મુલાકાત લીધા બાદ તેમણે સ્પષ્ટ કહ્યું કે, 'જો પાકિસ્તાન આતંકવાદને સમર્થન આપવાનું બંધ નહીં કરે તો ભારત એવી કાર્યવાહી કરશે કે પાકિસ્તાનનો નકશો જ બદલાઈ જશે. પાકિસ્તાને વિચારવું પડશે કે તેને ઈતિહાસ અને ભૂગોળમાં રહેવું છે કે નહીં.' તેમણે ઓપરેશન સિંદૂરની સફળતાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'આ ઓપરેશનમાં પાકિસ્તાનના ૯ આતંકી ઠેકાણા તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં ૧૦૦ પાકિસ્તાની સૈનિકો અને અનેક આતંકીઓ માર્યા ગયા હતા.' તેમણે આ સફળતાનો શ્રેય સેના અને સ્થાનિક લોકોને આપ્યો હતો. તેમણે ઓપરેશનમાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલ મ્જીહ્લની ૧૪૦મી બટાલિયનના કમાન્ડન્ટ પ્રભાકર સિંહ, રાજપૂતાના રાઈફલ્સના મેજર રિતેશ કુમાર અને હવલદાર મોહિત ગૈરાને સન્માનિત કર્યા હતા. જનરલ દ્વિવેદીએ જણાવ્યું કે, 'આ ઓપરેશનનું નામ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાખ્યું હતુ અને ભારતે તોડી પાડેલા આતંકી ઠેકાણાઓના પુરાવા સમગ્ર વિશ્વને આપ્યા હતા.

### અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીને ભારતની મુલાકાત માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ તરફથી મંજૂરી મળી

# અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી હવે આવશે ભારત

। (એજન્સી) કાબુલ, તા.૩ ।



અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી માટે આવતા અઠવાડિયે ભારતની મુલાકાતનો માર્ગ મોકળો થઈ ગયો છે. તાલિબાન સત્તામાં આવ્યા પછી કોઈ અફઘાન મંત્રીનો આ પહેલો ભારત પ્રવાસ હશે. તેમને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) દ્વારા ભારતની યાત્રા કરવાની મંજૂરી આપવામાં આવી છે. કારણ કે, હજુ પણ UNSC નિયમ ૧૯૮૮ હેઠળ તાલિબાન પ્રતિબંધો લિસ્ટ અંતર્ગત છે. આ લિસ્ટમાં સામેલ હોવાના કારણે તેઓ પર મુસાફરી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની મંજૂરી મળ્યા બાદ આમિર ખાન મુત્તાકીને ૯ થી ૧૬ ઓક્ટોબર સુધી નવી દિલ્હીની મુલાકાત લેવાની પરવાનગી આપવામાં આવી છે. આમિર ખાન મુત્તાકી ૬ ઓક્ટોબરે રશિયાના પ્રવાશે રહેશે, જ્યાં તેઓ મોસ્કો ફોર્મેટની સાતમી વાતચીતમાં ભાગ લેશે. આ પહેલી વાર થઈ રહ્યું છે, જ્યારે તાલિબાન આ બહુપક્ષીય મંચ પર કોઈ મહેમાન તરીકે નહીં, પરંતુ એક સભ્ય તરીકે ભાગ લેશે. ભારત તાલિબાનમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યું છે. તાલિબાનના અધિકારીઓએ પણ ભારત સાથે સંબંધો મજબૂત કરવા માટે પણ અપીલ કરી છે. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી ઉચ્ચ સ્તરીય બેઠકો માટે નવી દિલ્હી આવી રહ્યા છે, જે પાકિસ્તાન અને ચીન સામે ભારતનું એક વ્યૂહાત્મક પગલું છે. પાકિસ્તાન હંમેશા ભારત અને અફઘાનિસ્તાનને એક સાથે આવતા અટકાવવા માંગતું રહ્યું છે. આ જ કારણે તેણે મુત્તાકીની ભારતની પાછલી મુલાકાતમાં અવરોધ ઊભા કર્યા હતા, જેના કારણે તેમની મુલાકાત રદ થઈ હતી. જો કે, આ વખતે ભારતની તૈયારીઓ પાકિસ્તાનને નિષ્ફળ બનાવી દીધી છે. મુત્તાકી ઓગસ્ટ ૨૦૨૧થી અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી છે. અગાઉ મે મહિનાની શરૂઆતમાં મુત્તાકીએ બેઈજિંગમાં ચીન અને પાકિસ્તાનના વિદેશ મંત્રીઓ વાંગ યી અને ઈશાક ડાર સાથે એક અનૌપચારિક બેઠક યોજી હતી. આ બેઠકમાં ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (UNSC)ને અફઘાનિસ્તાન સુધી લંબાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## ભારતે ૧૭ વર્ષે સદોષ માનવવધના આરોપીની અમેરિકાને સોંપણી કરી

। ન્યૂયોર્ક, તા.૩ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફથી લઈને ઈમિગ્રેશન સહિતની આક્રમક નીતિઓને કારણે ભારત સાથેના સંબંધોમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યાં છે. બંને દેશો વચ્ચેના તંગ રાજદ્વારી સંબંધો વચ્ચે ભારતે ૧૭ વર્ષના લાંબાગાળા બાદ અમેરિકા સાથે પ્રત્યાર્પણની પ્રક્રિયા ફરીથી શરૂ કરી છે. પ્રત્યાર્પણની આ પ્રક્રિયા હેઠળ ભારતે, અમેરિકામાં ફોજદારી ગુનામાં વોન્ટેડ એક ભારતીય આરોપીને તાજેતરમાં અમેરિકાને સોંપ્યો છે.

### અભિનેતા અક્ષય કુમારે વર્ણવી વ્યથા

# ઓનલાઈન ગેમિંગ દરમિયાન મારી દીકરી પાસે ન્યૂડ ફોટોઝ મંગાવ્યા

### તેમણે જણાવ્યું કે તેમની દીકરી નિતારા વીડિયો ગેમ રમતા સમયે સાયબર ક્રાઇમનો શિકાર બનતા બનતા બચી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।



બોલિવૂડના સુપરસ્ટાર અક્ષય કુમારે હાલ જ એક એવી ચોંકાવનારી ઘટનાનો ખુલાસો કર્યો જેના વિશે જાણીને તમે નવાઈ પામી જશો. તેમણે સાયબર ક્રાઈમના વધતા ખતરાને લઈને વાત કરી અને જણાવ્યું કે તેમની ૧૩ વર્ષની બાળકી સાથે કેવી રીતે રમત રમતમાં ગંદી હરકત થઈ હતી. પોતાની બાળકી સાથે જે ગંદી હરકત થઈ હતી તેને લઈને તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને વાત કરી છે. જેથી આ મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.મહારાષ્ટ્ર પોલીસ દ્વારા સાયબર અવેરનેસ મંથનો ખુલાસો કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં અક્ષય કુમાર પણ હાજર હતા જેમાં તેમણે પોતાના પરિવાર સાથે જે ઘટના બની તેને લઈને ખુલાસો કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું કે સાયબર ક્રાઈમનો શિકાર કોઈ પણ થઈ શકે છે. તેમણે જણાવ્યું કે તેમની દીકરી નિતારા વીડિયો ગેમ રમતા સમયે સાયબર ક્રાઈમનો શિકાર બનતા બનતા બચી હતી. અક્ષય કુમારે આ મુદ્દે કહ્યું કે હું આપ સૌને એક નાનકડી ઘટના વિશે જણાવવા માગું છું. જે થોડાક મહિના પહેલા મારા ઘરે બની હતી. મારી દીકરી વીડિયો ગેમ રમી રહી હતી જે તમે પણ ઓનલાઈન કોઈના કોઈ સાથે રમે છે. આપણે અજાણ્યા લોકો સાથે ઓનલાઈન વીડિયો ગેમ રમતા હોઈએ છીએ.જ્યારે તમે ગેમ રમો ત્યારે અજાણ્યા લોકો તમને મેસેજ કરતા હોય છે. અક્ષય કુમારે કહ્યું મારી દીકરી જ્યારે ગેમ રમી રહી હતી ત્યારે તેને મેસેજ આવ્યો કે તમે મેલ છો કે ફિમેલ તો તેણે ક્લિક કરીને ફિમેલ જવાબ આપ્યો હતો. બાદમાં તેણે એક મેસેજ મોકલ્યો કે શું તમે તમારી ન્યૂડ તસવીર મોકલી શકશો. આ મેસેજ જોઈને મારી દીકરીએ બધું બંધ કરી દીધું અને મારી પત્નીને જઈને તેણે આ વાત કરી હતી. આ પ્રકારની વસ્તુઓ પણ સાયબર ક્રાઈમનો એક ભાગ છે. ઉલ્લેખનીય છે કે આ સમગ્ર મામલે અક્ષય કુમારે એવું પણ કહ્યું કે મારી દીકરી સાથે હરકત થઈ તેને લઈને તે સતર્ક તો થઈ ગઈ. પરંતુ આ મામલે મહારાષ્ટ્ર પોલીસ અને મુખ્યમંત્રીને તેમણે અપીલ કરતા કહ્યું કે મહારાષ્ટ્રમાં સાતમા, આઠમા, નવમા અને દસમા ધોરણના વિદ્યાર્થીઓ માટે દરેક સપ્તાહે એક સાયબર પીરિયડ નામનો એક લેક્ચર થવો જોઈએ. જ્યાં બાળકોને આ મુદ્દે સમજાવવામાં આવે. વધુમાં તેમણે કહ્યું કે આપ સૌ જાણો છો કે આ ગુનો રસ્તા પર થવા વાળા ગુના કરતા પણ મોટો છે જેથી હું અપીલ કરું છું કે આ અપરાધને રોકવો ઘણો જરૂરી છે.

### ભારતમાં સોનાનો ભાવ ૧૧૭,૦૦૦ ઉપર ટ્રેડ થઈ રહ્યો છે

# ત્રણ દિવસ સુધી ઓલ ટાઇમ હાઈ બાદ સસ્તું થયું સોનું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સતત ત્રણ સત્ર સુધી ઓલ-ટાઈમ હાઈ પહોંચ્યા બાદ સપ્તાહના છેલ્લા કારોબારી દિવસ શુક્રવાર (૩ ઓક્ટોબર ૨૦૨૫) ના સોનાની કિંમતમાં ઘટાડો જોવા મળ્યો છે. એમસીએક્સ પર ગોલ્ડ ડિસેમ્બર ફ્યુચર્સ ૭૨૨ રૂપિયા એટલે કે ૦.૬૧% ઘટી ૧,૧૬,૮૬૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર આવી ગયું. તો સિલ્વર ડિસેમ્બર ફ્યુચર્સ ૨૨૨૦ રૂપિયા તૂટી ૧,૪૨,૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના સ્તર પર પહોંચી ગયું છે. અમેરિકામાં વ્યાજ દરમાં ઘટાડાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ સતત સાતમા દિવસે વધ્યા છે. તહેવારોની મોસમ દરમિયાન ભારતમાં સોનું રૂ.૧૧૭,૦૦૦ ની ઉપર ટ્રેડ થઈ રહ્યું છે. બુધવારે, RBI એ રેપો રેટ ૫.૫% પર યથાવત રાખ્યો હતો. RBI ના નિર્ણય પહેલા, સોનું રૂ.૧૧૭,૩૫૦ પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયું હતું. હાલમાં, ભારતીય બુલિયન પર સોનું રૂ.૧૧૭,૬૩૦ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે વેચાઈ રહ્યું છે. આ પહેલા ૨૩ સપ્ટેમ્બરે સોનું ૧,૧૪,૩૬૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું, જ્યારે ૧૫ સપ્ટેમ્બરે તે ૧,૧૦,૦૦૦ રૂપિયા પર વેચાઈ રહ્યું હતું.

### NSA અટકાયતને ગેરકાયદેસર ગણાવી

# સોનમ વાંગચુકની પત્નીએ સુપ્રીમ કોર્ટમાં કરી અરજી

### ગીતાંજલિએ હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી છે, તેણે સોનમને તત્કાલ છોડવા માટેની માંગ કરી છે

। (એજન્સી) લદ્દાખ, તા.૩ ।



લદ્દાખના સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની અટકાયત વિરુદ્ધ તેની પત્ની ગીતાંજલિએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. ગીતાંજલિએ હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી છે. તેણે સોનમને તત્કાલ છોડવાની માંગ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે સોનમ લોકતાંત્રિક રીતે શાંતિપૂર્ણ આંદોલન કરી રહ્યો હતો. તેના પર ખોટા આરોપ લગાવવામાં આવ્યો. હવે તેની NSA હેઠળ અટકાયત કરી જોધપુર લઈ જવાની વાત કહેવામાં આવી રહી છે, પરંતુ તંત્રએ તેની સાથે જોડાયેલ ડિટેન્શન ઓર્ડર ઉપલબ્ધ કરાવ્યો નથી. તેવામાં આ કસ્ટડી ગેરકાયદેસર છે. સોનમને છોડવામાં આવે. મેગ્સેસે પુરસ્કારથી સન્માનિત પર્યાવરણ વૈજ્ઞાનિક સોનમ વાંગચુક લાંબા સમયથી લદ્દાખના આંદોલનનો મુખ્ય ચહેરો રહ્યો છે. આ આંદોલન લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા અને બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ વિશેષ દરજ્જો આપવાની માંગ સાથે જોડાયેલ છે. છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ કરવાથી પ્રદેશને સ્થાનિક સંસાધનો પર વધુ અધિકારો, સાંસ્કૃતિક સંરક્ષણ અને સ્વાયત્ત પરિષદ જેવી બંધારણીય ગેરંટી મળે છે.




### સીબીઆઇ અને ઇડીના નામે આપી હતી ધમકી : જામીન માટે દસ લાખ ભરવા પડશે તેમ જણાવ્યુ હતું

# અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરીને ભેજાબાજોએ તેર લાખ પડાવ્યા

| વડોદરા, તા.૩ |

વડોદરામાં સુભાનપુરા વિસ્તારમાં રહેતા એલઆઈસીના નિવૃત્ત ૭૩ વર્ષીય અધિકારીને ડિજિટલ એરેસ્ટના નામે દમદાટી આપી ઠગોએ તેર લાખ રૂપિયા ખંખેરી લીધા હોવાનું બનાવો બનતા તેમણે પોલીસને જાણ કરી છે.નિવૃત્ત અધિકારીએ પોલીસને કહ્યું છે કે, ગત તારીખ ૨૩મી એ બપોરે મને વિશાલ શર્મા નામના ટેલીફોન ડિપાર્ટમેન્ટના અધિકારી તરીકે ફોન આવ્યો હતો અને નવ નંબરનું બટન દબાવવા કહ્યું હતું. જે બટન દબાવતા મને સામેથી કહેવાય હતું કે તમારી સામે એફઆઈઆર થઈ છે અને દિલ્હીથી ખરીદેલા આ સીમ કાર્ડ ઉપરથી તમારા દ્વારા બરોડા બેંક દિલ્હીમાં એક સેવિંગ એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યું છે. જેથી મેં આ બાબતનો ઈન્કાર કર્યો હતો.ત્યારબાદ મારા ઉપર પોલીસ ઈન્સ્પેકટર ગોપેશ કુમારના નામે ફોન આવ્યો હતો અને તેમણે એફઆઈઆરની વાત કરી કુલદીપ સિંહ નામના અધિકારી તપાસ કરી રહ્યા છે તેમ કહી એક લેટર મોકલ્યો હતો. જે લેટરમાં પોલીસ સ્ટેશનનું સ્ટેમ્પ પણ દેખાતો હતો. પીઆઈએ કહ્યું હતું કે તમારા એકાઉન્ટ દ્વારા માની લોન્ડરિંગનો કેસ થયો છે જેમાં એક પોલીસ અધિકારી રાજવીર સિંહ અને સ્ટેટ બેંકના લોબી મેનેજર પણ સામેલ




છે પરંતુ તેમને એરેસ્ટ કર્યા નથી. બીજા લોકોને એરેસ્ટ કર્યા તેનો ફોટો જીપમાં લઈ જતા હોય તેવો મોકલ્યો હતો.નિવૃત્ત અધિકારીએ કહ્યું છે કે, ઠગે સીબીઆઈના ડીસીપી સાહેબ વાત કરશે તેમ કહેતા રાજવીર કુમારના નામે વાત કરવામાં આવી હતી. મને વિડીયો કોલ કરવામાં આવ્યો હતો અને આરબીઆઈનો એક લેટર મોકલ્યો હતો. જેમાં મારું નામ લખ્યું હતું અને એરેસ્ટ ઓર્ડર તેમજ ફ્રીજિંગ ઓર્ડર દર્શાવવામાં આવ્યું હતું. મારી પાસે ૧૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા અને તેની સ્લીપ પણ મેં તેમને મોકલી હતી. આવી જ રીતે રાજવીર કુમારે ભંડ સુપરવિઝન સર્ટીફીકેટ મોકલી બીજા બે લાખના ટ્રાન્જેક્શનની વાત કરી હતી અને તેમાં ૬૦૦૦૦ નું ફ્રોડ થયો હોવાનું કહેવાયું હતું. આ રકમ પણ મેં ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ એરેસ્ટ વોરંટ પણ મોકલવામાં આવ્યું હતું અને જામીન માટે દસ લાખ રૂપિયા ભરવા પડશે તેમ કહેવાયું હતું. અને મારા પુત્રને આ બાબતે વાત કરતા એને ફ્રોડ થઈ રહ્યો છે તેમ કહ્યું હતું. જેથી સાયબર સેલનો સંપર્ક કરી પોલીસ ફરિયાદ કરી હતી. અને તેમાં ૬૦૦૦૦ નું ફ્રોડ થયો હોવાનું કહેવાયું હતું. આ રકમ પણ મેં ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ એરેસ્ટ વોરંટ પણ મોકલવામાં આવ્યું હતું અને જામીન માટે દસ લાખ રૂપિયા ભરવા પડશે તેમ કહેવાયું હતું. અને મારા પુત્રને આ બાબતે વાત કરતા એને ફ્રોડ થઈ રહ્યો છે તેમ કહ્યું હતું. જેથી સાયબર સેલનો સંપર્ક કરી પોલીસ ફરિયાદ કરી હતી.

## રાજકોટમાં સોનીબજારમાંથી ઝડપાયેલા અલકાયદાના ત્રણ આતંકીને આજીવન કેદ

**ત્રણેય શખ્સ મૂળ બંગાળના રહેવાસી હોવા છતાં રાજકોટ આવી કાશ્મીર અંગેની પરિસ્થિતિ બાબતે સરકાર વિરોધી દુષ્પ્રચાર કર્યો હતો**



| રાજકોટ, તા.૩ |

રાજકોટની સોનીબજારમાંથી ત્રણ વરસ પહેલા પકડાયેલા અલ-કાયદાના ત્રણ આતંકીને સેશન્સ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. ૨૬ જુલાઈના રોજ અમદાવાદ એટીએસને બાતમી મળી હતી કે પશ્ચિમ બંગાળના વતનીઓ અમન સિરાજ મલિક (ઉં.૨૩), અબ્દુલ શકુરઅલી શેખ (ઉં.૨૦) અને સૈફ નવાઝ અબુ શાહીદ (ઉં.૨૩) રાજકોટની સોનીબજારમાં મજૂરીકામ કર છે અને સાથે મસ્જિદમાંથી દેશવિરોધી જેહાદી પ્રચાર કરે છે.આ ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ એ.ટી.એસ.ના ડી.એસ.પી.ને રાજકોટ ખાતે તપાસ કરવા મોકલાયા હતા અને ૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ અબ્દુલ શકુરઅલી શેખ અને અમન સિરાજ મલિકને રાજકોટ રેલવે સ્ટેશન, પાર્સલ ઓફિસ પાસેથી પકડી પાડવામાં આવ્યા હતા.આ સમયે અબ્દુલ શકુરઅલી શેખ પાસેથી મળેલી બેગમાં એક પિસ્તોલ અને કારતૂસ મળી હતી. એ જ રીતે અમન સિરાજ મલિક પાસેથી મોબાઈલ ફોન તથા સિમકાર્ડ મળ્યાં હતાં. આ મોબાઈલ ફોનમા સરકારવિરોધી પ્રચારનાં લખાણો અને રાહે-એ-હિદાયત નામના ગ્રુપની દેશવિરોધી પ્રવૃત્તિઓની વિગતો મળી હતી. આ પછી આ પ્રવૃત્તિમાં ત્રણ શખસ જોડાયેલા હોવાની ચોક્કસ બાતમી હોવાથી ત્રીજા શખસ વિશે પૂછપરછ કરતાં આ ત્રીજો શખસ સૈફ નવાઝ એબુ શાહીદ સોનીબજારમાં કૃષ્ણકુંજ નામના બિલ્ડિંગમાં રહેતો હોવાનુ જણાવ્યું હતું. એ પછી ત્રીજા શખસના ઘરે રેડ કરીને ઝડપી લેવામાં આવ્યો હતો.

### ૧૦૯૫ કિલો જેટલો શંકાસ્પદ જથ્થો સીઝ

# સાયલા તાલુકામાં સરકારી અનાજની હેરાફેરી ઝડપાઈ

**સરકારી અનાજનો કોથળો લઈ નીકળેલા શખ્સની તપાસ દરમ્યાન સંચાલક દ્વારા ગેરકાયદે વેચાઈ રહેલ અનાજની હેરાફેરીનો પર્દાફાશ થતા ચકચાર મચી જવા પામી**

| (એજન્સી) સાયલા, તા.૩ |

સાયલા તાલુકામાં આવેલ કેટલીક સરકારી સસ્તા અનાજની દુકાનો માંથી ગરીબો માટેના અનાજને બરોબર વેચી મારવાના અનેક બનાવો બનવા પામ્યા છે. ત્યારે ગામમાં ઓચિંતી તપાસ માટે નીકળેલા મામલતદાર દ્વારા સ્કૂટર પર સરકારી અનાજનો કોથળો લઈ નીકળેલા શખ્સની તપાસ દરમ્યાન સંચાલક દ્વારા ગેરકાયદે વેચાઈ રહેલ અનાજની હેરાફેરીનો પર્દાફાશ થતા ચકચાર મચી જવા પામી હતી.

સસ્તા અનાજની દુકાનના પરવાનેદારનું મૃત્યુ થયું હોવાથી અન્ય દુકાનદારને તેનો ચાર્જ સોંપાયો હોવા છતા મૃત દુકાનદારના ભાઈ દ્વારા ગેરકાયદેસર દુકાન ખોલી તેમાંથી જરૂરિયાતમંદ લોકો માટેનું અનાજ બારોબાર વેચી દેવાતું હોવાની ચોંકાવનારી વિગતો પણ તંત્રના દરોડામાં બહાર આવવા પામી હતી.સાયલા મામલતદાર આર.એમ.ચૌધરી તથા તેમના પુરવઠા વિભાગ દ્વારા ગામમાં એક દુકાન માંથી ચણાનું કટ્ટુ લઈ જતા શખ્સની તપાસ દરમ્યાન આ જથ્થો તેને મેઈન બજારમાં આવેલ સ્વ.મગનભાઈ કોશિયાની દુકાનેથી ભીખાભાઈ કોશીયા દ્વારા ૪૦ રૂપિયે પ્રતિ કિલોના ભાવે અપાયો હોવાનું જણાવતા ટીમે દુકાન પર દરોડો પાડ્યો હતો. દરોડા સમયે મૃતક પરવાનેદારનો ભાઈ ભીખાભાઈ કોશિયા ત્યાં હાજર હતો તેમજ પુરવઠા વિભાગે ચણાના કોથળાને ગેરકાયદે વેચવા બાબતે તેને પૂછતા ગેંગેફેફે થઈ ગયો હતો.તંત્રની ટીમ દ્વારા તપાસ કરતા અનઅધિકૃત રીતે દુકાનમાં રાખેલ ચાર કટ્ટા તુવેરદાળ,ત્રણ કટ્ટા ચણા એમ કુલ ૨૭૦ કિલો જથ્થો દુકાન સાથે સીઝ કર્યો હતો સાથે સાથે બાજુમાં આવેલ બીજી દુકાનની તપાસ હાથ ધરતા તેના પરવાનેદાર મહાદેવભાઈ વિરજીભાઈ કોશીયાની દુકાનનું સંચાલન પણ આ ભીખાભાઈ કોશીયા કરતો હોવાની માહિતી બહાર આવી હતી. બીજી દુકાનની તપાસમાં પણ સ્ટોક ચેક કરતા તેમાં જથ્થાની વધઘટ જોવા મળી હતી તેમજ ઓનલાઈન સ્ટોક સામે દુકાનમાં હાજર સ્ટોકમાં પણ ગોટાળા બહાર આવતા ત્યાંથી ઘઉં,ચોખા,ચણા ૮૨૫ કિલોથી વધુ જથ્થા સાથે તેને પણ સીઝ કરાતા સરકાર દ્વારા ગરીબો ને અપાતા સસ્તા અનાજના જથ્થાનો ગેરકાયદે વેપલો ચલાવતા દુકાન ધારકો માં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

### ઘીના નામે તેલની જલેબી પધરાવાઈ

# સુરતમાં સિંગતેલ અને પામોલીન તેલમાં બનેલા ફાફડા એક જ ભાવે વેચાયા

**ભેળસેળયુક્ત વસ્તુઓ ઊંચા ભાવે પધરાવીને ગ્રાહકો સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદો બહાર આવવા લાગી છે**

| (એજન્સી) સુરત, તા.૩ |

દશેરાના પાવન પર્વે સુરતમાં હજારો કિલો ફાફડા અને જલેબીનું વેચાણ થયું, પરંતુ આ મીઠા પર્વમાં કેટલાક લેભાગુ વેપારીઓની લાલચને કારણે સુરતી ગ્રાહકોને કડવો અનુભવ થયો છે. સિંગતેલ અને શુદ્ધ ઘીના નામે પામોલીન તેલ અને ભેળસેળયુક્ત વસ્તુઓ ઊંચા ભાવે પધરાવીને ગ્રાહકો સાથે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદો બહાર આવવા લાગી છે.સુરતની મોટાભાગની દુકાનોમાં દશેરા નિમિત્તે સિંગતેલ કે કપાસિયા તેલમાં બનેલા ફાફડાનું વેચાણ રૂ. ૫૦૦ પ્રતિ કિલોના ભાવે થયું હતું. પરંતુ, ફાફડાની જંગી ડિમાન્ડ જોઈને કેટલાક લેભાગુ વેપારીઓએ આ ભાવનો ગેરલાભ ઉઠાવ્યો.આ વેપારીઓએ પામોલીન તેલ કે ભેળસેળિયા તેલમાં બનેલા ફાફડા પણ રૂ. ૫૦૦ કિલોના ભાવે જ ગ્રાહકોને પધરાવી દીધા હતા. આજના દિવસે સિંગતેલ-કપાસિયા તેલમાં બનેલા ફાફડા અને પામોલીન તેલમાં બનેલા ફાફડા બંનેને એક જ ભાવે વેચીને વેપારીઓએ 'ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા' જેવો ઘાટ સર્જ્યો હતો. ફાફડાનો ઉપયોગ કર્યા બાદ ગ્રાહકોને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.ફાફડાની જેમ જલેબીના વેચાણમાં પણ લેભાગુ વેપારીઓએ ગ્રાહકોને ધક્કો પહોંચાડ્યો હતો. દશેરાના દિવસે મોટાભાગે શુદ્ધ ઘીની જલેબીની માંગ હોય છે. કેટલાક વેપારીઓ અને ઓર્ડર લેનારા કેટરર્સવાળાઓએ એક ચાલાકી અપનાવી: તેઓએ સામાન્ય દુકાનોમાંથી તેલમાં બનેલી જલેબીનો જથ્થો ખરીદ્યો, તેના પર ઘી ઓગાળી અને એલચીનો ભૂકો નાખી દીધો. આ રીતે, તેલમાં બનેલી જલેબીને શુદ્ધ ઘીની જલેબી તરીકે ઊંચા ભાવે વેચી દીધી. આ છેતરપિંડીને કારણે દશેરાના તહેવારની મીઠાશમાં કડવાશ ભળી ગઈ છે. ગ્રાહકો હવે તહેવારોમાં તેમની લાગણીઓ સાથે ખેલ કરનારા આવા લેભાગુ વેપારીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે.

## ૧૦૦ વર્ષથી અશ્વ રેસની પરંપરા અકબંધ, હિન્દુ-મુસ્લિમ એકતાનું ઉત્તમ ઉદાહરણ

| (એજન્સી) અમદાવાદ, તા.૩ |

અમદાવાદ શહેર નજીક આવેલા સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે આજે (૨ ઓક્ટોબર) દશેરાના પવિત્ર તહેવાર નિમિત્તે ૧૦૦ વર્ષ જૂની પરંપરા મુજબ ભવ્ય અશ્વ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માત્ર એક રમત નહીં, પણ ગામની ઐતિહાસિક ધરોહર, સાંસ્કૃતિક વિરાસત અને સામુદાયિક સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ બની રહી હતી. આ અનોખી સ્પર્ધામાં ગામના હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે કોમી એકતા અને ભાઈચારાનું પ્રેરણાદાયી દ્રશ્ય પૂરું પાડે છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ, આ વર્ષે પણ ગ્રામજનોએ આ અશ્વ રેસને જીવંત રાખી હતી.લોકો પોતાના અશ્વોને ખાસ રીતે શણગારી, સજાવીને રેસમાં ભાગ લેવા લાવ્યા હતા. આશરે ૪૦ થી ૫૦ અશ્વોએ આ રોમાંચક સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ અશ્વ દોડ જોવા માટે હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ગામના સરપંચ હિતેન્દ્રસિંહ બારડએ આ પરંપરાનો ઈતિહાસ જણાવતાં કહ્યું કે, "અમારા ગામના વડવાઓ ખેડૂતો હતા અને ખેતરોમાં જવા માટે અશ્વોનો ઉપયોગ કરતા. નવરાત્રિ અને ખાસ કરીને દશેરાના દિવસે, તમામ ખેડૂતો અને વડવાઓ પોતાના અશ્વો સાથે ગામના શક્તિ માતાના મંદિરે દર્શન કરવા આવતા."પહેલાના સમયમાં જીતેલાઓને ઈનામ પણ અપાતા, જોકે હવે ઈનામ અપાતા નથી. તેમ છતાં, ગ્રામજનોએ આ વર્ષો જૂની અશ્વોની રેસની પરંપરાને આજે પણ પૂરા ઉત્સાહ અને એકતા સાથે જાળવી રાખી છે. વિરોચનનગરની આ પરંપરા સાબિત કરે છે કે, તહેવારો અને સંસ્કૃતિ થકી ધર્મ અને સમાજની સીમાઓ ભૂંસી શકાય છે.

### કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ

# નવા કોઠંબા તાલુકાનું ઉદ્‌ઘાટન થતા જ ગામલોકોએ હાઈવે બાનમાં લીધો

**વહીવટી અધિકારીઓ અને મોટા સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા જોકે બીજી તરફ આ નવા કોઠંબા તાલુકા સામે વિરોધના સૂર પણ ઉઠ્યા છે**

| (એજન્સી) મહીસાગર, તા.૩ |

મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકામાંથી કોઠંબા નામે નવા તાલુકા (KOhamba taluka)ની જાહેરાત થતા જ ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે આજે આ નવા તાલુકાના ઉદ્ઘાટનના દિવસે જ આ તાલુકામાં સમાવિષ્ટ થનાર કેટલાક ગામનાં લોકોએ મેઈન હાઈવે ચક્કાજામ (blocked highway) કરીને સખત વિરોધ નોંધાવ્યો છે. ગુજરાત સરકારે તાજેતરમાં મહીસાગર જિલ્લામાં બે નવા તાલુકાઓની જાહેરાત કરી હતી. લુણાવાડા તાલુકા (Lunawada) માંથી અલગ થયેલો કોઠંબા તાલુકો અને સંતરામપુર તાલુકા (Santrampur Taluka)માંથી અલગ થયેલો ગોધર તાલુકો. આજે આ બંને તાલુકાઓનું સત્તાવાર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને કોઠંબા તાલુકા મથકે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ પણ કર્યું હતું. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં ધારાસભ્ય, જિલ્લા ભાજપ પ્રમુખ, વહીવટી અધિકારીઓ અને મોટા સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. જોકે બીજી તરફ આ નવા કોઠંબા તાલુકા સામે વિરોધના સૂર પણ ઉઠ્યા છે. આ ગામોના રહેવાસીઓ માને છે કે, તેઓ લુણાવાડા તાલુકાના જ જોડાયેલા રહેવા જોઈએ, કારણ કે તેમની ભૌગોલિક, સાંસ્કૃતિક અને વહીવટી જરૂરિયાતો ત્યાં જ જોડાયેલી છે. કોઠંબા તાલુકાની જાહેરાત પહેલાં જ આ ગામોના લોકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને મંત્રી કુબેર ડીંડોર તથા જિલ્લા ભાજપ પ્રમુખને લેખિત તથા મૌખિક રજૂઆતો કરી હતી. છતાં નિર્ણય બદલાયો નહીં, જેના કારણે આજે વિરોધ વધુ તીવ્ર બન્યો હતો. આ તરફ સરકારી અધિકારીઓએ આ ગામલોકોના વિરોધ વિશે જાણ કરાઈ છે અને જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આ મુદ્દે વાતચીતની પ્રક્રિયા શરૂ કરવાની શક્યતા છે. નવા તાલુકાઓની રચના વહીવટી સુધારણા માટે કરવામાં આવી હોવાનું સરકારી પક્ષ દ્વારા કહેવામાં આવ્યું છે, પરંતુ સ્થાનિક લોકોની ચિંતાઓને ધ્યાનમાં લઈને નિર્ણય પુનર્વિચારી શકાય છે કે નહીં તે જોવા મળશે. આ વિરોધ મહીસાગર જિલ્લાના વહીવટી વિભાગના નવા અધ્યયનોને પડકાર આપી રહ્યો છે.

## વિરમગામમાં પરંપરાગત લોકમેળામાં જૂથ અથડામણ

| (એજન્સી) અમદાવાદ, તા.૩ |

આજે વિજયાદશમીના પર્વ નિમિત્તે વિરમગામમાં પરંપરાગત લોકમેળો યોજાય છે. આ લોક મેળામાં વાહન પાર્કિંગ કરવા મુદ્દે જૂથ અથડામણ થઈ હતી. જેમાં ૧૦ લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. વિરમગામ રૂરલ પોલીસે ઘટનાસ્થળે તપાસ હાથ ધરી છે. અથડામણ થતાં લોકોમાં પણ નાસભાગ મચી જવા પામી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે વિજયાદશમીના દિવસે વિરમગામ તાલુકાના થોરી થાંભા ગામમાં પરંપરાગત લોકમેળો યોજાય છે. આ લોક મેળામાં વાહન પાર્કિંગ કરવા મુદ્દે બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં ત્રણ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી.

**વિશેષ**

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધી જયંતીની ઉજવણી

# રાજ્યપાલશ્રીએ વિદ્યાપીઠ પરિસરમાં શ્રમદાન અને ખાદીની ખરીદી કરીને સૌને સ્વચ્છતા અને સ્વદેશી અપનાવવા પ્રોત્સાહિત કર્યા

| (માહિતી) રાજકોટ,તા.૩ |

ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ૧૫૬મી ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણમંત્રી શ્રી ઋષિકેશ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રી, મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં સફાઈકાર્યમાં સહભાગી થઈને શ્રમદાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે ડિજિટલ પેમેન્ટ કરીને ખાદીની ખરીદી કરી સ્વદેશી મુહિમને પણ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌને વિજયાદશમીની શુભકામનાઓ પાઠવી હતી. ગાંધી જયંતી અને લાલ બહાદુર શાસ્ત્રી જયંતીના અવસરે તેમણે ગાંધીજી અને શાસ્ત્રીજીના જીવન આદર્શોનું સ્મરણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાષ્ટ્રનિર્માણમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મહામૂલા યોગદાનને પણ આ અવસરે બિરદાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે આજનો દિવસ અત્યંત પ્રેરણાદાયી દિવસ છે. ગાંધીજીના જીવન આદર્શો અને આજના સમયમાં તેમની પ્રસ્તુતતા વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીના જીવન આદર્શો અને મૂલ્યો આજના સમયમાં એટલા જ પ્રસ્તુત અને જીવંત છે. જીવન અને મૃત્યુ વચ્ચે આપણે જનકલ્યાણ માટે કેટલા પ્રયત્નશીલ રહીએ છીએ એ મહત્વનું છે. જેઓ અન્યોના દુઃખો દૂર કરવા અને અન્યોના જીવનમાં ઉજાસ પાથરવા જીવન જીવે છે, તેમનું જીવન સાર્થક બને છે એમ તેમણે ઉમેર્યું હતું. બાપુએ સંસાધનોના અભાવમાં પણ તપસ્વીની જેમ સતત પરિશ્રમ કરીને જીવન ચિંતન આપ્યું હતુ એમ જણાવીને રાજ્યપાલશ્રી કહ્યું હતું કે બાપુએ આપણી પ્રાચીન ઋષિ પરંપરાને જીવંત રાખવા અથાગ પ્રયત્નો કર્યા હતા. 'વૈષ્ણવ જન..' ભજનમાં સંયમ, ત્યાગ, તપશ્ચર્યા, પુણ્ય જેવા બાપુના જીવનના આદર્શોની અનુભૂતિ થાય છે. સત્ય બોલવાથી સુખની અનુભૂતિ થાય છે એમ જણાવીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, અન્યોને સુખી રાખવાની ભાવના હોય તો પોતાને પણ સુખની પ્રાપ્તિ અવશ્ય થતી હોય છે. જેમ આપણું કોઈ છીનવી ન લે એ માટે આપણે સજાગ રહેતા હોઈએ છીએ એમ અન્યોનું કંઈ આપણે ન છીનવી લઈએ એ માટે પણ આપણે સભાન રહેવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.અંગ્રેજોની ગુલામી અને અત્યાચારો સામે બાપુની લડત વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, અંગ્રેજોએ દેશને ગુલામીની માનસિકતા તથા લૂંટફાટ, ઉંચ-નીચના ભેદભાવો અને આંતરિક મતભેદોના બળે ગુલામ બનાવ્યો હતો. ઉત્તરોત્તર તેમણે ભારતની સંસ્કૃતિ અને પરંપરાઓને નષ્ટ કરી હતી. અંગ્રેજોની ગુલામીમાંથી દેશને આઝાદી અપાવવા બાપુએ શાશ્વત જીવન મૂલ્યો અપનાવ્યા હતા. બાપુએ લોકોને જોડવા માટે સ્વદેશીને હથિયાર બનાવ્યું હતું એમ જણાવીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, દેશનું ધન દેશમાં જ રહે અને દેશમાં રોજગારી પેદા થાય તે માટે બાપુએ ગામોમાં કુટીર ઉદ્યોગો પર ભાર મૂક્યો હતો. ગામોમાં પોતાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ સ્થાનિકો જ પેદા કરે અને સ્વદેશી તથા સ્વાવલંબન જળવાય એ બાપુનો આગ્રહ હતો. પૂજ્ય બાપુનું માનવું હતું કે, પરાવલંબન અને પરતંત્રતા એ ગુલામીની નિશાની છે. બાપુના સ્વદેશી અને સ્વાવલંબનના વિચાર મૂલ્યોને આગળ ધપાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આત્મનિર્ભર બનાવવા 'મેક ઈન ઈન્ડિયા', 'વોકલ ફોર લોકલ' સહિતની સ્વદેશી પહેલો અમલમાં મૂકી છે. સ્વચ્છતા, સ્વાવલંબન અને સ્વદેશીનો આપણો સંકલ્પ ભારતની ઉન્નતિનો આધાર બનશે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, પેટ્રોલિયમ પેદાશો અને કુત્રિમ ખાતરોની આયાતમાં દેશનું સૌથી વધુ ધન વપરાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની શાસનધૂરા સંભાળ્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં દેશને આત્મનિર્ભર બનાવવા માટે સક્રિય પ્રયાસો શરૂ કર્યા હતા. જેના ભાગરૂપે આજે આપણે વિવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બન્યા છીએ. આજે દેશમાં પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો પ્રત્યે નિર્ભરતા વધી છે. આ ઉપરાંત, સંરક્ષણ ક્ષેત્રે પણ આપણે આત્મનિર્ભર બન્યા છીએ. આજે આપણો દેશ સુરક્ષા ઉપકરણોની નિકાસ કરતો થયો છે. વડાપ્રધાનશ્રીના વિઝનને પરિણામે સ્વચ્છતા મહાઅભિયાનના પરિણામે દેશમાં કચરાના પહાડોમાંથી આજે વીજળી અને ખાતર મળતા થયા છે. વિશ્વસ્તરે પણ આજે દેશનું ગૌરવ વધ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્ય બાપુના આદર્શોને 'મેક ઈન ઈન્ડિયા', સ્વદેશી ભારત અને આત્મનિર્ભર ભારતની મુહિમ થકી સાકાર કરીને દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના વિચારને મૂર્તિમંત કરવાના ઉદ્દેશ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સ્વચ્છતા મહાઅભિયાનની શરૂઆત કરાવી છે. તેમણે ઘરે-ઘરે શૌચાલય બનાવવાનો સંકલ્પ લઈને તેને સાકાર કરવાની દિશામાં સતત પ્રયત્ન કર્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આપણે બીજામાં જે જોવાની ઈચ્છા રાખતા હોય એવા આપણે પોતે પણ બનવું જોઈએ. સાથે જ તેમણે સ્વાવલંબન, આત્મનિર્ભર ભારત, સ્વદેશી ભારત અને વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા સૌને સંકલ્પબદ્ધ થવા અનુરોધ કર્યો હતો. આ તકે રાજ્યપાલ શ્રીએ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાનાર સંકલ્પ સ્વદેશીયાત્રા વિશે વાત કરતા યાત્રામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક અને સક્રિય રીતે સ્વદેશી, સ્વાવલંબન, સ્વચ્છતા અને પ્રાકૃતિક કૃષિના સંકલ્પને ગામેગામ સુધી લઈ જવા અનુરોધ કર્યો હતો. સાથે જ તેમણે ઉપસ્થિત સૌને સત્ય, અહિંસા, સ્વદેશી, અસ્પૃશ્યતા નિવારણ સહિતના ગાંધીજીના વિચારોને જીવંત રાખવા અને તેમના જીવન મૂલ્યોને ઈમાનદારીથી આગળ ધપાવવા અનુરોધ કર્યો હતો. બાપુ દ્વારા સ્થાપિત આ સંસ્થા માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ શિક્ષિત અને ચારિત્રવાન પેઢી બનાવવાના અને ભારતીય જીવન મૂલ્યોને આગળ ધપાવવાના ઉદ્દેશ સાથે કાર્ય કરશે એવો આશાવાદ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે પણ ગાંધીજીની ૧૫૬મી જન્મજયંતિ નિમિતે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિની સક્રીય મુહિમની શરૂઆત કરાવવા બદલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો આભાર વ્યક્ત કર્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### શશિ થરૂરને ફરી મળી મોટી જવાબદારી

# લોકસભામાં સંસદીય સમિતિઓનું થયું પુનર્ગઠન

## લોકસભામાં અનેક સમિતિઓના અધ્યક્ષોને પુનઃનિયુક્તિ કરવામાં આવી છે જેમાં કોંગ્રેસ નેતા શશિ થરૂરને મોટી જવાબદારી સોંપવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

લોકસભામાં સંસદીય સ્થાયી સમિતિઓનું બુધવારે (૧ ઓક્ટોબર) પુનર્ગઠન કરવામાં આવ્યું હતું. જેમાં જાહેર ટ્રસ્ટ (જોગવાઈઓમાં સુધારો) બિલ અને નાદારી ઈન્સોલ્વન્સી કોડ (સુધારો) બિલ રજૂ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સંરક્ષણ સમિતિના સભ્ય, પ્રિયંકા ગાંધી વાડ્રા ગૃહ બાબતોની સમિતિના સભ્ય, પી. ચિદમ્બરમ નાણાં સમિતિના સભ્ય, જયરામ રમેશ વિજ્ઞાન અને ટેકનોલોજી, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન સમિતિના સભ્ય છે, ત્યારે લોકસભામાં અનેક સમિતિઓના અધ્યક્ષોને પુનઃનિયુક્તિ કરવામાં આવી છે. જેમાં કોંગ્રેસ નેતા શશિ થરૂરને મોટી જવાબદારી સોંપ વામાં આવી છે.



શશિ થરૂર વિદેશ મામલાના સમિતિના અધ્યક્ષ બન્યા રહેશે. ડીએમકેના કનિમોઝી કરુણાનિધિને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ સમિતિના અધ્યક્ષ તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે.

થરૂર અને કનિમોઝી સિવાય વિભિન્ન સમિતિઓના અન્ય અધ્યક્ષોમાં સામાજિક ન્યાય અને અધિકારિત માટે પીસી મોહનને, જ્યારે કોલસો-ખાણ અને સ્ટીલ માટે અનુરાગ ઠાકુરને, ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ માટે સપ્તગિરિ શંકરને જવાબદારી સોંપાઈ છે.

આ ઉપરાંત, રસાયણો અને ખાતરો માટે કીર્તિ આઝાદ ઝા, જળ સંસાધન માટે રાજીવ પ્રતાપ રૂડી, ગૃહ અને શહેરી બાબતો માટે મગુંટા શ્રીનિવાસુલુ રેડ્ડી, રેલવે માટે સીએમ રમેશ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટે સુનિલ તટકરે, શ્રમ-કાપડ અને કૌશલ્ય વિકાસ માટે બસવરાજ બોમ્મઈ, નાણાં માટે ભર્તૃહરિ મહતાબ, ઉર્જા માટે શ્રીરંગ અપ્પા ચંદુ બાર્ને, સંરક્ષણ માટે રાધા મોહન સિંહ, સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી માટે નિશિકાંત દુબે, કૃષિ-પશુપાલન અને ખાદ્ય પ્રક્રિયા માટે ચરણજીત સિંહ ચન્નીનો સમાવેશ થાય છે.

સરકારે જાહેર ટ્રસ્ટ (જોગવાઈઓમાં સુધારો) બિલ, ૨૦૨૫ પર એક પસંદગી સમિતિ અને નાદારી અને નાદારી ઈન્સોલ્વન્સી કોડ (સુધારો) બિલ, ૨૦૨૫ પર એક પસંદગી સમિતિની રચના કરી છે. તેજસ્વી સૂર્યા જાહેર ટ્રસ્ટ પરની પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે, જ્યારે બૈજયંત પાંડા બીજી સમિતિનું નેતૃત્વ કરશે. સંસદીય સમિતિઓની રચના વાર્ષિક ધોરણે કરવામાં આવે છે અને તે સતત કાર્ય કરે છે. જે નિયમિતપણે ગૃહમાં અહેવાલો રજૂ કરીને બિલને લઈને ચર્ચા કરે છે અને બિલ સંબંધિત નીતિગત પહેલ સૂચવે છે.

### તારીખની પણ થઈ ગઈ જાહેરાત

# ભારત અને ચીનની વચ્ચે ૫ વર્ષ બાદ શરૂ થશે ડાયરેક્ટ ફ્લાઈટ

## આ નિર્ણય ગલવાન ખીણના સંઘર્ષ બાદ પાંચ વર્ષ સુધી બંને દેશો વચ્ચે રહેલા તણાવપૂર્ણ સંબંધો બાદ લેવાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।



લાંબા સમયના તણાવ બાદ ભારત અને ચીન ફરીથી એકબીજાના દેશો વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવા માટે સહમત થયા છે. આ નિર્ણય ગલવાન ખીણના સંઘર્ષ બાદ પાંચ વર્ષ સુધી બંને દેશો વચ્ચે રહેલા તણાવપૂર્ણ સંબંધો બાદ લેવાયો છે. ભારતના વિદેશ મંત્રાલયે ગુરુવારે આની સત્તાવાર જાહેરાત કરી હતી. આ સાથે, ભારતની પ્રખ્યાત એરલાઈન IndiGoએ પણ જાહેર કર્યું છે કે તે ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫થી ભારત અને ચીન વચ્ચે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરશે.

ખરેખર, વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યું, “આ વર્ષની શરૂઆતથી જ ભારત અને ચીન વચ્ચે સંબંધોને ધીમે-ધીમે સામાન્ય બનાવવાના સરકારના અભિગમ હેઠળ બંને દેશોના નાગરિક ઉડ્ડયન સત્તાધિકારીઓએ તકનીકી સ્તરે વાતચીત કરી છે, જેથી ડાયરેક્ટ ફ્લાઈટ સેવાઓ ફરી શરૂ કરી શકાય અને એર સર્વિસેઝ એગ્રીમેન્ટમાં સુધારો કરી શકાય.” નોંધનીય છે કે, આશરે ૫ વર્ષ પહેલાં ડોકલામ વિવાદને કારણે ભારત-ચીન વચ્ચેની સીધી ફ્લાઈટ્સ બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ કોવિડ-૧૯ મહામારીએ આ પ્રતિબંધને વધુ લંબાવ્યો હતો. પરંતુ હવે બંને દેશોના સંબંધોમાં ધીમે-ધીમે સુધારો થઈ રહ્યો છે, અને તેના ભાગરૂપે આ નિર્ણય લેવાયો છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વર્ષની શરૂઆતથી ભારત અને ચીનના નાગરિક ઉડ્ડયન વિભાગોએ એકબીજા સાથે ચર્ચા કરી હતી. આ ચર્ચાનો હેતુ સીધી હવાઈ સેવાઓ (ડાયરેક્ટ ફ્લાઈટ્સ) ફરીથી શરૂ કરવાનો હતો. હવે નક્કી થયું છે કે ઓક્ટોબર ૨૦૨૫ના અંત સુધીમાં ડાયરેક્ટ ફ્લાઈટ્સ શરૂ થઈ જશે. આ ફ્લાઈટ્સ બંને દેશોની એરલાઈન્સ દ્વારા નિયમોનું પાલન કરીને ચલાવવામાં આવશે. આ સમજૂતીથી બંને દેશોના લોકો વચ્ચે સંપર્ક સરળ થશે અને દ્વિપક્ષીય સંબંધો ધીમે-ધીમે સામાન્ય થશે.

IndiGo એરલાઈને જાહેર કર્યું છે કે, તે ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫થી કોલકાતાથી ચીનના ગ્વાંગઝૂ (CAN) શહેર સુધી દરરોજ નોન-સ્ટોપ ફ્લાઈટ શરૂ કરશે. આ ઉપરાંત, દિલ્હીથી ગ્વાંગઝૂ સુધીની સીધી ફ્લાઈટ પણ ટૂંક સમયમાં શરૂ થશે. આ ફ્લાઈટ માટે Airbus A320neo વિમાનોનો ઉપયોગ કરવામાં આવશે. આનાથી બંને દેશો વચ્ચે વેપાર, પર્યટન અને રણનીતિક સહયોગની નવી તકો ઊભી થશે. નોંધનીય છે કે, ડાયરેક્ટ ફ્લાઈટ ફરીથી શરૂ કરવાની પ્રથમ જાહેરાત ગત મહિને ચીનના વિદેશ મંત્રી વાંગ યીની નવી દિલ્હી મુલાકાત બાદ કરવામાં આવી હતી. ગત વર્ષથી બંને દેશોના સંબંધો ધીમે-ધીમે સુધરી રહ્યા છે.

**ન્યૂઝ બ્રિફ**

### દિલ્હીમાં રાષ્ટ્રપતિની હાજરીમાં રાવણ દહન કાર્યક્રમ યોજાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

આજે દશેરા નિમિતે સાંજે દેશભરમાં રાવણ દહનનું આયોજન કરવામાં આવ્યું. જમ્મુ, દિલ્હી અને પટના સહિત દેશના અનેક શહેરોમાં રાવણ દહનના કાર્યક્રમો યોજાયા, જેમાં લાખો લોકોએ ભાગ લીધો. દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શ્રીધાર્મિક લીલા સમિતિ દ્વારા આયોજિત વિજયાદશમી ઉત્સવમાં રાવણના પુતળાનું પ્રતીકાત્મક રીતે દહન કરવા માટે તીર છોડ્યું. દિલ્હીમાં અવિરત વરસાદ છતાં, દશેરાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો. રાવણ દહન સ્થળો પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. લોકો છત્રીઓ અને રેઈનકોટ સાથે કાર્યક્રમની મજા માણી રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, “માનવતા ભલાઈની સાથે ખીલે છે. જ્યારે આતંકવાદ રૂપી દાનવ માનવ જાતિ પર આક્રમણ કરે છે, તો તેનો સફાયો કરવો જરૂરી બની જાય છે. ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલ ‘ઓપરેશન સિંદૂર’ આતંકવાદ રૂપી રાવણ પર માનવતાના વિજયનું પ્રતીક છે. આ માટે, આપણે ભારત માતાની રક્ષા કરનાર દરેક યોદ્ધાને નમન કરીએ છીએ અને તેમનો આભાર માનીએ છીએ.”

### ભારતને દયનીય સ્થિતિમાંથી બચાવવું જ જોઈએ : સ્ટાલીન

। (એજન્સી) નવીદિલ્હી, તા.૩ ।

મહાત્મા ગાંધીની જન્મજયંતિના અવસરે તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના ૧૦૦ વર્ષ પૂરા થવા પર કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા વિશેષ ડાક ટિકિટ અને સ્મારક સિક્કાનો વિરોધ કર્યો છે. તેમણે આ ઘટનાને દેશ માટે શરમજનક અને દયનીય સ્થિતિ ગણાવી છે. મુખ્યમંત્રી સ્ટાલિને આજે ચેન્નઈમાં ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ કહ્યું કે, ‘ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે, જેનો પાયો મહાત્મા ગાંધીએ નાખ્યો હતો. ગાંધીજી એવી શક્તિ છે જે આપણને હંમેશા નફરત અને ભાગલા પાડતી તાકાતો સામે લડવાની હિંમત આપે છે.’ સ્ટાલિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું છે કે, ‘આ દુઃખદ છે કે, દેશ સંભાળનાર વ્યક્તિએ આરએસએસની શતાબ્દી પર વિશેષ ડાક ટિકિટ અને સ્મારક સિક્કો જારી કર્યો છે. આ એ જ સંગઠન છે જેણે સાંપ્રદાયિક વિચારસરણીને જન્મ આપ્યો, જેણે આપણા રાષ્ટ્રપિતાની હત્યા કરી હતી. આ સ્થિતિમાંથી ભારતને બહાર કાઢવાની તમામ નાગરિકોની જવાબદારી છે.’

### સુપ્રીમ કોર્ટે પુરુષ કર્મચારી સામેની રેપની ફરિયાદ રદ કરી

# લગ્નનું વચન આપી રેપ કર્યાનો આરોપ એ બદલો લેવાનું હથિયાર : સુપ્રીમ કોર્ટ

## મધ્યપ્રદેશ હાઇકોર્ટે આરોપી સામેની રેપની ફરિયાદ રદ કરવાનો ઇનકાર કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

આરોપી સામેની રેપની એફઆઈઆર અને ચાર્જશીટ રદ કરીને સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લગ્નનું વચન આપીને રેપ કરવામાં આવ્યો હોવાના આરોપ સાથેની આ એફઆઈઆર બદલો લેવાનું એક હથિયાર છે. આ ફરિયાદ હેતુપૂર્વક કરાઈ હતી. ન્યાયાધીશ સંજય કરોલ અને એન કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે આરોપી સામેના મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને રદ કર્યો હતો. મધ્યપ્રદેશ હાઈકોર્ટે આરોપી સામેની રેપની ફરિયાદ રદ કરવાનો ઈનકાર કર્યો હતો.સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે કથિત ગુના સમયે મહિલા અને પુરુષ એક સાથે નોકરી કરતાં હતાં. મહિલા એક કમ્પ્યુટર ઓપરેટર હતી, જ્યારે પુરુષ સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રિવન્યૂ ઈન્સ્પેક્ટર હતો. પરણિત અને એક પુત્રની માતા હોવા છતાં મહિલાએ લગ્નના વચનના આધારે આરોપી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જોકે પછી આરોપીએ મહિલા સામે ઉપરી અધિકારીઓને ફરિયાદ કરી હતી કે મહિલા આત્મહત્યા અને દુર્વ્યવહારની ધમકીઓ આપીને હેરાન કરે છે. પુરુષની



આ ફરિયાદ પછી મહિલાને શોકોઝ નોટિસ અપાઈ હતી અને વર્તનમાં સુધારો નહીં કરે તો નોકરીમાંથી કાઢી મૂકવાની ચેતવણી અપાઈ હતી.આવી ચેતવણી પછી મહિલાએ રેપની ફરિયાદ નોંધાવી હતી. તેને એફઆઈઆરમાં આરોપ લગાવ્યો હતો કે ૧૫ માર્ચ ૨૦૨૩એ આરોપીએ લગ્નનું વચન આપીને બળજબરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતાં અને આ પ્રકારનો દુર્વ્યવહાર એપ્રિલ સુધી ચાલુ રહ્યો હતો.સુપ્રીમ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કો શો કોઝ નોટિસ જારી કર્યા પછી જ FIR દાખલ કરવામાં આવી હતી, તેનાથી એવું લાગે છે કે મહિલાએ સંભવિત પરિણામોને ધ્યાનમાં રાખીને વિચારપૂર્વક અને બદલો લેવાના હથિયાર તરીકે રેપનો કેસ દાખલ કર્યો હતો.

## ટ્રેક્ટર-ટ્રોલી નદીમાં પલટી જતાં ૧૧ લોકોના મોત થયા

। (એજન્સી) ખંડવા, તા.૩ ।

મધ્ય પ્રદેશના ખંડવાના પંઢાના વિસ્તારમાં અર્દલા ગામમાં દુર્ગા પ્રતિમા વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના થઈ ગઈ. જાણકારી અનુસાર, ટ્રેક્ટર-ટ્રોલી પલટી જતાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના મોત થઈ ચૂક્યા છે, જેમાં ૮ તો બાળકીઓ છે. આ દુર્ઘટના એવા સમયે થઈ છે, જ્યારે રાજગઢ ગ્રામ પંચાયતના પાડલા ફાટાથી આવેલા લોકો વિસર્જન માટે આબના નદીએ આવ્યા હતા. ટ્રોલીને નદી કિનારે પુલ પર ઊભી રાખી હતી, એ જ સમયે સંતુલન બગડતા ટ્રોલી પલટીને પાણીમાં પડી ગઈ, ટ્રોલીમાં બેઠેલા ૨૦-૨૫ લોકો ડૂબી ગયા. આ ઘટના બાદ જેસીબીની મદદથી ટ્રોલી બહાર કાઢી. રેસ્ક્યૂ ટીમ સતત પ્રયાસો કરી લોકોને શોધી રહી છે. મૃતકોની સંખ્યા હજુ વધી શકે છે.

નદીમાં ટ્રેક્ટર ટ્રોલી પડ્યા બાદ ડૂબેલા લોકોએ બચાવો-બચાવોની ચીસો પાડી હતી. કેમ કે આજે વિસર્જનને લઈને તળાવના ઘાટ પર ભીડ હતી, લોકો તાત્કાલિક પહોંચી ગયા. આ દરમિયાન અમુક લોકોનું રેસ્ક્યૂ કરી લીધું. તો વળી લગભગ ૧૪ જેટલા લોકો ગુમ હતા. સૂચના મળતા પોલીસ પ્રશાસનની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ. ટીમે રેસ્ક્યૂ ઓપરેશન ચલાવીને ગુમ લોકોને શોધવાનું શરુ કર્યું. અત્યાર સુધીમાં ૧૧ ડેડબોડી મળી છે. તેમાંથી મોટા ભાગના બાળકો છે. પોલીસે મૃતદેહોને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. ઘટનાસ્થળ પર હાલમાં પોલીસ પ્રશાસનના અધિકારીઓ હાજર છે. તો વળી બચાવેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.


### ફોટો વાયરલ થતા બબાલ

# શેખ હસીના સરકારના પૂર્વ મંત્રીનું હથકડી પહેરેલી હાલતમાં મોત

## પૂર્વ ઉદ્યોગ મંત્રી નુરુલ માજીદ મહમૂદ હુમાયૂંના નિધન બાદ સોશિયલ મીડિયા પર એક તસવીર વાયરલ થતાં ભારે હોબાળો

। (એજન્સી) ઢાકા, તા.૩ ।

બાંગ્લાદેશમાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના નજીકના અને પૂર્વ ઉદ્યોગ મંત્રી નુરુલ માજીદ મહમૂદ હુમાયૂંના નિધન બાદ સોશિયલ મીડિયા પર એક તસવીર વાયરલ થતાં ભારે હોબાળો મચી ગયો છે. તસવીરમાં ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલના ICUમાં સારવાર લઈ રહેલા ૭૫ વર્ષીય હુમાયૂંના હાથમાં હથકડી પહેરેલી દેખાઈ રહી છે. એવું કહેવાય છે કે, તેમનું હથકડી પહેરેલી હાલતમાં નિધન થયું છે, જેને લઈને ચોતરફથી ટીકા અને વિવાદ ઉભો થયો છે. સોશિયલ મીડિયા પર દાવો કરાયો છે કે, હુમાયૂંના મૃત્યુ બાદ પણ હથકડી કાઢવામાં આવી નથી. જેલ અધિકારીઓના જણાવ્યા મુજબ, ૨૪ સપ્ટેમ્બરે ધરપકડ કરાયેલા હુમાયૂંનું સોમવારે જેલ કસ્ટડી દરમિયાન આઈસીયુમાં નિધન થયું હતું. તેઓ ઉંમર સંબંધિત અનેક બીમારીઓથી પીડિત હતા. દુઃખદ તસવીસ સામે આવ્યા બાદ માનવાધિકાર કાર્યકરો અને સામાન્ય લોકો રોષે ભરાયા છે અને તેમણે હૂમાયૂંની સ્થિતિ મામલે માનવાધિકારોનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું છે. માનવાધિકાર કાર્યકર નૂર ખાન લિટને કહ્યું કે, ‘મરતા કે મૃત





વ્યક્તિના હાથમાં હથકડી પહેરેલી રહેવા દેવી અમાનવીય અને માનવાધિકારનું ઘોર ઉલ્લંઘન છે. આવી સ્થિતિ ગરિમાનું ઘોર અપમાન છે.’ બીજીતરફ બાંગ્લાદેશ જેલ પ્રશાસને આ આરોપોને ફગાવી દીધા છે. કેરાનીગંજ સેન્ટ્રલ જેલના વરિષ્ઠ જેલ અધિક્ષક સુરૈયા અખ્તરે કહ્યું કે, ‘આ દાવો ભ્રામક છે અને સુરક્ષાના કારણે જ કેદીઓને હથકડી લગાવાય છે.’ ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલના ડાયરેક્ટર બ્રિગેડિયર જનરલ મોહમ્મદ અસદુઝ્ઝમાને કહ્યું કે, ‘વાયરલ ફોટો ICUમાં દાખલ હતા ત્યારનો નથી, પરંતુ તેમને પહેલીવાર હોસ્પિટલ દાખલ કરાયા હતા ત્યારનો હોઈ શકે છે.’ ગૃહ સચિવ મોહમ્મદ નસીમુલ ગનીએ તસવીરને ફેક ગણાવી છે અને શંકા હોય તો તપાસ કરાવવાની ખાતરી આપી છે.

### તહરીક-એ-હુર્રિયતનું હેડક્વાર્ટર સીલ

# જમ્મુ-કાશ્મીરમાં આતંકી નેટવર્ક સામે મોટી કાર્યવાહી

## વર્ષ૨૦૨૩માં કેન્દ્ર સરકારે તહરીક-એ-હુર્રિયતને ગેરકાયદે સંગઠન જાહેર કર્યું હતું અને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

જમ્મુ અને કાશ્મીર પોલીસે બુધવારે (પહેલી ઓક્ટોબર) આતંકી નેટવર્ક સામે મોટી કાર્યવાહી શરૂ કરાઈ હતી. પોલીસે બડગામ જિલ્લાના હૈદરપોરામાં પ્રતિબંધિત તહરીક-એ-હુર્રિયતના મુખ્યાલયને કબજે કર્યું. આ સંગઠનની સ્થાપના ૨૦૦૪માં અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાની દ્વારા કરવામાં આવી હતી. આ સંગઠન વર્ષોથી કાશ્મીરમાં ખાસ કરીને ખીણમાં અલગતાવાદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું હોવાના અહેવાલ છે. ગિલાનીનું ૨૦૨૧માં અવસાન થયું.અહેવાલો અનુસાર, હૈદરપોરામાં રહેમતાબાદ ઓફિસને ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ (UAPA)ની કલમ ૨૫ હેઠળ જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી મિલકતમાં ૧ કનાલ ૧ મરલા જમીન (ઠાસરા નંબર ૯૪૬, ખાટા નંબર ૩૦૬) પર ત્રણ માળની ઈમારતનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ



પ્રતિબંધિત સંગઠનના કાર્યાલય તરીકે થઈ રહ્યો હતો. આ કાર્યવાહી UAPA હેઠળ બડગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR નંબર ૦૮/૨૦૨૪ સાથે જોડાયેલી છે.પોલીસના જણાવ્યાનુસાર, એકત્રિત પુરાવાઓના આધારે અને સક્ષમ અધિકારીની યોગ્ય મંજૂરી બાદ કાનૂની જોગવાઈઓ અનુસાર મિલકત જપ્ત કરવામાં આવી હતી.આ કાર્યવાહી ગેરકાયદે અને વિધ્વંસક પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી તપાસમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના જોખમોને નિષ્ક્રિય કરવા અને પ્રદેશમાં શાંતિ જાળવવા માટે બડગામ પોલીસના દ્રઢ નિશ્ચયને પ્રતિબિંબિત કરે છે. બડગામ પોલીસ, અન્ય એજન્સીઓ સાથે મળીને, રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતા માટે હાનિકારક પ્રવૃત્તિઓમાં સામેલ વ્યક્તિઓ અને સંગઠનો સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખશે.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકારે તહરીક-એ-હુર્રિયતને ગેરકાયદે સંગઠન જાહેર કર્યું હતું અને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હુર્રિયત કોન્ફરન્સના ઘટક પીપલ્સ કોન્ફરન્સ, જે પ્રોક્સી ઉમેદવારો દ્વારા ચૂંટણીમાં ભાગ લે છે, તેના પર હુર્રિયત કોન્ફરન્સના મૌનને કારણે ગિલાની ૨૦૦૨માં જમાત-એ-ઈસ્લામી જમ્મુ અને કાશ્મીરથી અલગ થઈ ગયા હતા. ત્યારબાદ તેમણે ૨૦૦૪માં પોતાનું અલગ સંગઠન, તહરીક-એ-હુર્રિયત કાશ્મીર બનાવ્યું. આના કારણે હુર્રિયત કોન્ફરન્સમાં ભાગલા પડ્યા.

### ઝુબીન ગર્ગના પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યું મોતનું સત્ય

# ઝુબીનનું મોત ડૂબવાના કારણે થયું હતું : સિંગાપોર પોલીસ

## સિંગર ઝુબીન ગર્ગના મામલે સિંગાપોર પોલીસે પોસ્ટમોર્ટમ રિપોર્ટની નકલ ભારતીય હાઈકમિશનને સોંપી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

જાણીતા સિંગર અને મ્યુઝિશિયન ઝુબીન ગર્ગનું સિંગાપોરમાં મોતને લઈને ભારે વિવાદ ચાલી રહ્યો છે. હવે સિંગરનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ સામે આવ્યો છે. આ ઉપરાંત પોલીસે પ્રાથમિક તપાસ કરી હતી, તેની વિગતો પણ સામે આવી છે.

સિંગાપોર પોલીસ દળ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેમનું તરતી વખતે ડૂબી જવાથી મોત થયું હોવાનું કહેવાયું છે. અગાઉ સ્કૂબા ડાઈવિંગને કારણે મૃત્યુ થયું હોવાની વાત સામે આવી હતી, જે પોલીસની પ્રાથમિક તપાસમાં ખોટી સાબિત થઈ છે. સિંગાપોર પોલીસે પોસ્ટમોર્ટમ રિપોર્ટની એક નકલ ભારતીય હાઈકમિશનને સોંપી દીધી છે. હાઈકમિશને કહ્યું કે, ‘અમને ઝુબીન ગર્ગના મોતની પોસ્ટમોર્ટમ રિપોર્ટની નકલ મળી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તેમનું મોત ડૂબવાના કારણે થયું છે. ઝુબીનનું મોતમાં કોઈ ગડબડ થઈ હોવાનો સિંગાપોર પોલીસે ઈંકાર કર્યો છે. પોલીસે ઝુબીનની હત્યા થઈ હોવાનું કે પછી ષડયંત્ર હોવાનો પણ ઈંકાર કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, ૧૯ સપ્ટેમ્બરે સિંગાપોર પાસેના સેન્ટ જ્હોન્સ ટાપુ પરથી ૫૨ વર્ષીય ઝુબીનને બેભાન હાલતમાં પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને તે જ દિવસે હોસ્પિટલમાં તેમનું મોત થયું હતું. બીજીતરફ ઝુબીનના પત્ની ગરિમા સૈકિયાએ બેદરકારીનો આક્ષેપ કરીને એફઆઈઆર નોંધાવી હતી કે, ‘ઝુબીનની તબિયત સારી ન હતી, છતાં તેમને જબરજસ્તી પાણીમાં ઉતારાયા હતા.’ ગરિમાની માંગ પર અસમ સરકારે આ કેસની ઊંડાણપૂર્વક તપાસ માટે ૧૦ સભ્યોની વિશેષ SIT ટીમની રચના કરી છે. આ કેસમાં ઝુબીનના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને નોર્થ ઈસ્ટ ઈન્ડિયા કલ્ચરલ ફેસ્ટિવલના આયોજક શ્યામ કાનૂ મહંતાની દિલ્હી અને ગુરુગ્રામમાંથી ધરપકડ કરવામાં આવી છે. અસમ સીઆઈડીએ સિદ્ધાર્થ શર્મા પાસેથી ઝુબીનનો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો. અસમ સરકારે કહ્યું છે કે, જો SITની તપાસથી સંતોષ નહીં થાય, તો CBIને તપાસ સોંપવામાં આવી શકે છે. આ કેસમાં ઝુબીનના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને નોર્થ ઈસ્ટ ઈન્ડિયા કલ્ચરલ ફેસ્ટિવલના આયોજક શ્યામ કાનૂ મહંતાની દિલ્હી અને ગુરુગ્રામમાંથી ધરપકડ કરવામાં આવી છે. અસમ સીઆઈડીએ સિદ્ધાર્થ શર્મા પાસેથી ઝુબીનનો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો. અસમ સરકારે કહ્યું છે કે, જો SITની તપાસથી સંતોષ નહીં થાય, તો CBIને તપાસ સોંપવામાં આવી શકે છે.

## તંત્રી લેખ...

# પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક પંડિત છન્નુલાલ મિશ્રાનું ૯૧ વર્ષે અવસાન

ભારતીય શાસ્ત્રીય સંગીતની દુનિયામાં એક અમર અવાજનું અચાનક શાંત થવું, જાણે કે કોઈ મધુર રાગનું અંતિમ સ્વર થંભી ગયું હોય. પંડિત છન્નુલાલ મિશ્રા, જેઓએ ઠુમરી અને ખયાલની શૈલીને જીવંત કરીને અનેક પેઢીઓને મંત્રમુગ્ધ કરી હતી, તેમનું આજે અવસાન થતાં સમગ્ર સંગીત જગતમાં ગમગીની છવાઈ ગઈ છે. તેમની ભાવપૂર્ણ ગાયકીએ કાશીની ગંગાની જેમ અનેકને પ્રેરણા આપી હતી.ગુરુવારે વહેલી સવારે ૪:૧૫ વાગ્યે, ૯૧ વર્ષની વયે પંડિત છન્નુલાલ મિશ્રાએ અંતિમ શ્વાસ લીધા. તેઓ ઘણા સમયથી ઉંમર સંબંધીત બિમારીઓથી પિડાઈ રહ્યા હતા અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના મેડિકલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં સારવાર લઈ રહ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે વારાણસીના મણિકર્ણિકા ઘાટ પર કરવામાં આવશે, જ્યાં અનેક શ્રદ્ધાંજલિ આપનારા એકત્રિત થશે. પંડિતજીનો જન્મ ૩ ઓગસ્ટ, ૧૯૩૬ના રોજ ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના હરિહરપુરમાં થયો હતો. તેમણે પ્રારંભિક સંગીત શિક્ષણ પોતાના પિતા બદ્રી પ્રસાદ મિશ્રા પાસેથી મેળવ્યું હતું. ત્યારબાદ, કિરાણા ઘરાનાના પ્રસિદ્ધ ઉસ્તાદ અબ્દુલ ગની ખાન પાસેથી ઉચ્ચત્તમ તાલીમ લઈને તેમણે પોતાની કળાને નિખારી હતી.પંડિત અનોખલાલ મિશ્રા પ્રખ્યાત તબલા વાદકના જમાઈ તરીકે પણ તેઓ જાણીતા હતા. કાશીની પરંપરાગત માટી સાથે જોડાયેલા પંડિત છન્નુલાલે પોતાના અનોખા અને ગહન અવાજથી પૂર્વીય ઠુમરી અને પૂરબ અંગની શૈલીઓને અમરત્વ આપ્યું છે, જે આજે પણ અનેક કલાકારો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. ભારતીય શાસ્ત્રીય સંગીતની દુનિયામાં એક અમર અવાજનું અચાનક શાંત થવું, જાણે કે કોઈ મધુર રાગનું અંતિમ સ્વર થંભી ગયું હોય. પંડિત છન્નુલાલ મિશ્રા, જેઓએ ઠુમરી અને ખયાલની શૈલીને જીવંત કરીને અનેક પેઢીઓને મંત્રમુગ્ધ કરી હતી, તેમનું આજે અવસાન થતાં સમગ્ર સંગીત જગતમાં ગમગીની છવાઈ ગઈ છે. તેમની ભાવ પૂર્ણ ગાયકીએ કાશીની ગંગાની જેમ અનેકને પ્રેરણા આપી હતી.ગુરુવારે વહેલી સવારે ૪:૧૫ વાગ્યે, ૯૧ વર્ષની વયે પંડિત છન્નુલાલ મિશ્રાએ અંતિમ શ્વાસ લીધા. તેઓ ઘણા સમયથી ઉંમર સંબંધીત બિમારીઓથી પિડાઈ રહ્યા હતા અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના મેડિકલ સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં સારવાર લઈ રહ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે વારાણસીના મણિકર્ણિકા ઘાટ પર કરવામાં આવશે, જ્યાં અનેક શ્રદ્ધાંજલિ આપનારા એકત્રિત થશે.પંડિતજીનો જન્મ ૩ ઓગસ્ટ, ૧૯૩૬ના રોજ ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના હરિહરપુરમાં થયો હતો. તેમણે પ્રારંભિક સંગીત શિક્ષણ પોતાના પિતા બદ્રી પ્રસાદ મિશ્રા પાસેથી મેળવ્યું હતું. ત્યારબાદ, કિરાણા ઘરાનાના પ્રસિદ્ધ ઉસ્તાદ અબ્દુલ ગની ખાન પાસેથી ઉચ્ચત્તમ તાલીમ લઈને તેમણે પોતાની કળાને નિખારી હતી.પંડિત અનોખલાલ મિશ્રા પ્રખ્યાત તબલા વાદકના જમાઈ તરીકે પણ તેઓ જાણીતા હતા. કાશીની પરંપરાગત માટી સાથે જોડાયેલા પંડિત છન્નુલાલે પોતાના અનોખા અને ગહન અવાજથી પૂર્વીય ઠુમરી અને પૂરબ અંગની શૈલીઓને અમરત્વ આપ્યું છે, જે આજે પણ અનેક કલાકારો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

## ચાંદલોડિયા-ખોડિયાર ખંડના ડબલીંગ લોકેશાન સર્વે (FLS)ને મંજૂરી




પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના ચાંદલોડિયા-ખોડિયાર રેલખંડ ના ડબલિંગ માટે ફાઈનલ લોકેશન સર્વે (FLS) ને મંજૂરી આપી છે. હાલમાં જ રેલ્વે બોર્ડે રેલવે બોર્ડના સભ્ય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) શ્રી નવીન ગુલાટીની અમદાવાદ ડિવિઝનની મુલાકાત દરમિયાન આ ખંડના ડબલિંગની માંગ કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં રાખીને રેલવે મંત્રાલયે ફાઈનલ લોકેશન સર્વે માટે લીલી ઝંડી આપી છે. ચાંદલોડિયા 'બી' કેબિનથી ખોડિયાર સુધી ૧૦ કિલોમીટરનો લાંબો આ ડબલ લાઈન પ્રોજેક્ટ, ખંડની ક્ષમતા અને પરિચાલન કાર્યક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ફાઈનલ લોકેશન સર્વેમાં ભવિષ્યના એલાઈમેન્ટ ભૂમિ અને જરૂરિયાત, તકનીકી મૂલ્યાંકન સહિત તમામ જરૂરી અભ્યાસો કરવામાં આવશે. જેથી ભવિષ્યમાં સંરચના આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યોની યોજનાને સટીક અને પ્રભાવી બનાવી શકાય. આ કાર્ય સંબંધિત એન્જિનિયરિંગ વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવશે.

### ચાંદલોડિયા - ખોડિયાર ખંડનું પરિચાલન મહત્વ

ચાંદલોડિયા - ખોડિયાર ખંડનું પરિચાલન મહત્વ અતિવધુ છે. તે ગાંધીનગર કેપિટલને રાજકોટ અને ઉત્તર પશ્ચિમ રેલ્વે (NWR) ક્ષેત્રને જોડતા એક મહત્વપૂર્ણ માર્ગ પર સ્થિત છે. ગાંધીનગરથી ઉપડતી તમામ ટ્રેનો જે રાજકોટ, ઓખા, પોરબંદર, ભાવનગર, સોમનાથ અને NWR ક્ષેત્ર જેમકે જોધપુર, જયપુર અને અજમેર જેવા ક્ષેત્રો તરફ જતી બધી ટ્રેનો આ ખંડમાંથી પસાર થાય છે. ભારે ટ્રાફિક ઘણીવાર આ માર્ગ પર ટ્રેનની ગતિ અને સમયસરતા માટે પડકારો ઉભો કરે છે.

ડબલિંગ બાદ આ ખંડ ની ક્ષમતામાં વધારો થશે, જેથી મુસાફરો અને માલવાહક ટ્રેનોના સંચાલનમાં સુધારો થશે. આ પ્રોજેક્ટ માત્ર ટ્રેન સંચાલનની સ્થિરતા અને સમયસરતા સુનિશ્ચિત કરશે નહીં, પરંતુ પ્રાદેશિક જોડાણને મજબૂત બનાવવામાં પણ ફાળો આપશે. સૌરાષ્ટ્ર ક્ષેત્રને ગુજરાતની રાજધાની ગાંધીનગર અને આગળ દિલ્હી/ઉત્તર ભારત થી જોડતા માર્ગ ની નિર્બાધ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે . વધુમાં, ડબલિંગથી ભીડ ઓછી થશે, ટ્રેનોની સરેરાશ ગતિ વધશે અને મુસાફરો માટે સમયસર સેવાની સુવિધા મળશે. ચાંદલોડિયા-ખોડિયાર ખંડનું ડબલિંગ ન માત્ર પરિચાલન કાર્યક્ષમતામાં સુધારો કરશે પરંતુ પ્રદેશના આર્થિક વિકાસમાં પણ ફાળો આપશે અને માલ અને મુસાફરોના પરિવહનને સરળ બનાવશે. આ પહેલ સામાન્ય લોકો અને મુસાફરો માટે લાંબા અંતરની મુસાફરીને વધુ આરામદાયક, સલામત અને સમયસર બનાવવામાં મદદ કરશે.

**જગતગુરુ શંકર કહે છે, ગુરુવેદાન્તવાક્યાદિષુ વિશ્વાસઃ શ્રદ્ધા, આપણા ગુરુ અને વેદાંતના વાક્યોમાં દ્રઢ ભરોસો અને વિશ્વાસ હોવો જોઈએ જો ન હોય તો એ અપરાધ છે.**

# સતી અને કુંભજ ઋષિ ના દ્રષ્ટાંત પરથી છ માનસિક અપરાધ બતાવ્યા



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**કથાનાં ક્રમમાં તીર્થરાજ પ્રયાગમાં કલ્પવાસ માટે એકઠા થયેલા ઋષિમુનિઓ કુંભ સ્નાન કરે છે અને આવા જ એક કુંભમેળામાં યાજ્ઞવલ્ક ભારદ્વાજ ઋષિના આશ્રમમાં રોકાઈને રામકથા વિશે જિજ્ઞાસા કરે છે. ભારદ્વાજ ઋષિ એને કહે છે કે રામકથા પહેલા શિવકથા સાંભળવી પડે અને આપણે એ આવતીકાલે કરીશું! આમ કહી માનસ અપરાધની પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો**

માનસ અપરાધની પાંચમા દિવસની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કેટલાક પ્રશ્નોના જવાબ આપ્યાં. કારણ કે શ્રોતા ભાઈ બહેનોની ફરિયાદ હતી કે, અમે આટલાં પ્રશ્નો પુછીએ છીએ, પણ આપ બે ત્રણનાં જ ઉત્તર આપો છો, કે બાપુએ કહ્યું કે કથા જવાબ નથી આપતી, જાગૃત કરે છે! જવાબ તો બુદ્ધિમાન તર્ક વિતર્ક કરીને કોઈ પણ આપી શકે, જાગૃત કરવાનું કામ કઠિન છે. પહેલો પ્રશ્ન વૃંદાવન બાકી બિહારીને ત્યાં પડદો પડે છે પછી હટે છે, એવી રીતે અમે વ્યાસપીઠની સામે બેઠા છીએ, તો વ્યાસપીઠ ક્યારેક ઓર પ્રગટ થઈ જાય છે, અને ક્યારેક પોતાને પડદામાં છુપાવી લે છે, આ બધું શું છે? એ બધું છે, અને કંઈ નથી! જમીલ હાપુડીનો એક શેર કહી એનો જવાબ આપ્યો.

મેરી આંખો ને દેખા હૈ,
સુના હૈ મેરે કાનો ને,
ગૈરત યે કહેતી હૈ કી, કિસી
કા રાજ ક્યુ ખોલું!

બીજો પ્રશ્ન, ઘણાં સંતોના મેં સાંભળીએ છીએ અમારી ભક્તિ ભાવના પ્રગટ થાય છે, પરંતુ સનાતનતા તકતી નથી, એ ટકી રહે એના માટે શું કરવું? આપણી એકાગ્રતા શ્રદ્ધા, વિશ્વાસ, જ્ઞાન એ બુદ્ધિ અખંડ નથી રહેતા, એટલે સનાતનતા ટકતી નથી, પરંતુ સત્સંગ કરે રાખવો, એનાથી જાગૃતિ આવશે. માનસનું એક પાત્ર છે, કુંભ કર્ણ જ્યારે એને જગાડવામાં આવ્યો! ગણિત ઘટનાઓ ઘટી ચૂકી હતી. યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું, એટલે રાવણે કુંભકર્ણને જગાડીને પ્રાથમિક અહેવાલ આપ્યો, ત્યારે કુંભકર્ણ એ ણે ખૂબ જ ધમકાવ્યો કે, જગદંબા જાનકીનું અપહરણ કરીને એ શઠ તું કલ્યાણ ઈચ્છે ? આ તે શું કર્યું?: જાગેલા કુંભકરણની આ વાતોથી આપણને એ જ્ઞાની અને વિશ્વાસુ લાગે. પરંતુ થોડી જ મિનિટો પછી રાવણે એને માંસાહાર કરાવ્યો, શરાબ પીવડાવ્યો, અને પછી એનું દિમાગ બદલી જાય છે. ભયંકર રૂપમાં તમોગુણ ગ્રસ્ત બનીને યુદ્ધ માટે પ્રવૃત્ત થાય છે. ક્યાં ગયું એનું જ્ઞાન, આપણી માનસિકતા પણ આવી જ છે, ભક્તિ જાગે છે, પરંતુ ટકતી નથી, વિવેક વિશ્વાસ જાગે પણ પછી તૂટી જાય. રાવણને પણ ભાન થઈ ગયું હતું જ્યારે સુરપણખા પાસેથી સાંભળ્યું કે ખર્ચ દુષણ અને ૧૪૦૦૦ રાક્ષસોને એ તપસ્વી રામે નિર્માણ આપ્યું રાવણ વિચારવા લાગ્યો કે ખદૂષણ મારા સમાન જ બળવાન છે, તો શું ભગવાને અવતાર લીધો છે? હું ભજન તો નહીં કરી શકું. હું વેર કરું અને આ ઉપાય એને દેખાયો! તુલસી લખે છે રાવણ જાનકીનું અપહરણ કરવા માટે, પંચવટીની કુટીયાની બહારથી જાનકીને મનોમન પ્રણામ કરે છે, એનો મતલબ એ છે કે, જાનકી જગદંબા છે, એ વિચારીને પ્રણામ કરે છે! પરંતુ બીજી ક્ષણે વેરનો વિચાર બળવાન બને છે, એ ક્રોધીત થાય છે, અને જાનકી નું અપહરણ કરે છે. આપણા સૌની ચિત્ત વૃત્તિ પળેપળ બદલે છે. સાંભળતા રહીએ સંત મહાત્માઓને, અથવા સત્સંગનો અર્થ વ્યાપક રીતે કરીએ તો, જેનાથી આપણી જાગૃતિ વધે, આપણો આત્મા પવિત્ર થાય એ જ સત્સંગ છે, નિરંતર સત્સંગ કરો. માનસ અપરાધની ત્રણ વાત છે, પહેલાં શારિરીક રીતે થતાં અપરાધ જેની પર વાત કરી રહ્યાં છીએ. બીજું માનસ એટલે કે મન, હૃદય ભગવાન શંકરે રામચરિત માનસની રચના કરીને પોતાના માનસમાં રાખી. માનસ અપરાધનો બીજો અર્થ માનસિક રીતે થતાં અપરાધ, અને ત્રીજો અર્થ છે માનુષ એટલે કે મનુષ્ય. આપણે મનુષ્ય છીએ, તો અમુક અપરાધ જાણે-અજાણે થઈ જાય છે, અને એનું સમાધાન કઈ રીતે થઈ શકે એ રામચરિત માનસના માધ્યમથી જોઈએ. અપરાધ કરવાના અન્ય છ કેન્દ્રો મારી વ્યાસપીઠને મળ્યા છે, એની હું ચર્ચા કરું. પહેલો અપરાધ આપણી કોઈ પૂજા કરે સેવા કરે આપણને આદર આપે અને આપણે એનો ખોટો અર્થ લઈએ તો એ અપરાધ છે કોઈ સરહદયતાથી સન્માન કરી રહ્યા હોય એનો ખોટો અર્થ કાઢવો અને માણસની રીતે સતી અને કુંભજ એ એનું ઉદાહરણ છે. બીજો અપરાધ સતીને જો કથામાં રસ નહોતો તથાથી સુખ નહીં મળે, એવી કોઈ ગ્રંથી હતી, તો પહેલેથી એણે એનો ઈકાર કરવો, અથવા તો હું નહીં આવું એમ કહેવું જોઈતું હતું. કથામાં રસ ન લઈ શક્યાં, અને સમજદારની આલોચના કરવી એ અક્ષમ્ય અપરાધ છે. શંકર કથાનો આનંદ લઈ શક્યાં, સુની મહેશ પરમ સુખમાની! સતી નો ત્રીજો અપરાધ, પરમાત્મા રામજી માટે તર્ક વીતર્ક કર્યા, જ્યારે રામ લક્ષ્મણ સીતાની શોધ કરવા દંડક વનમાં નીકળ્યા, ત્યારે શિવજીએ જય સચ્ચિદાનંદ કહી, અને દૂરથી પ્રણામ કર્યા, પરંતુ સતી તેને ઈશ્વર તરીકે સ્વીકારી શકી નહીં, અને કેવળ બૌદ્ધિક ઘમંડથી તર્ક વીતર કરવું એ અપરાધ છે. ચોથો અપરાધ પતિના વચન પર અવિશ્વાસ કરો, મહાદેવ એ કહ્યું કે દેવી આ બ્રહ્મ છે પછી માની લેવું જોઈતું હતું આશ્રિતને વિશ્વાસ સિવાય બીજું કોઈ મજબૂત સાધન નથી હોતું, ધનવાન નાં કેન્દ્રમાં ધન છે, બુદ્ધિમાનના કેન્દ્રમાં બુદ્ધિ હોય છે. બળવાનનાં જીવનનું કેન્દ્રબિંદુ બળ હોય છે, ભોગીઓનું કેન્દ્ર બિંદુ ભોગ હોય, એવી રીતે આશ્રિતનું કેન્દ્રબિંદુ કેવલ વિશ્વાસ છે. જગતગુરુ શંકર કહે છે, ગુરુવેદાન્તવાક્યાદિષુ વિશ્વાસઃ શ્રદ્ધા, આપણા ગુરુ અને વેદાંતના વાક્યોમાં દ્રઢ ભરોસો અને વિશ્વાસ હોવો જોઈએ જો ન હોય તો એ અપરાધ છે. છઠ્ઠો અપરાધ પોતાના પતિનો વચન ન માની અને વેશપલટો કરીને ભગવાનની પરીક્ષા કરી અને મહાદેવ સામે ખોટું બોલ્યા. પતિએ ત્યાગ કર્યો સતિ બોલી નથી શકતી કેમ કે નીચે અપરાધ છે અપરાધના બે પ્રકાર પહેલો પર અપરાધ, અને બીજો ની જ અપરાધ. એટલે જેમાં બીજા નું નુકસાન થતું હોય, જ્યારે નીજ અપરાધ એટલે એમાં પોતાનું જ નુકસાન થાય.

ગુરુ પાંચ પ્રકારનાં હોય છે, યોગગુરૂ ધ્યાન ગુરુ તંત્ર ગુરુ બ્રહ્મનિષ્ઠ ગુરુ પ્રેમ ગુરુ. ચેલાં પણ પાંચ પ્રકારના હોય છે, સેવક શિષ્ય, જે કેવળ સેવા કરવામાં જ માને એને જ્ઞાન નથી જોઈતું, કે ભજન નથી જોઈતું. બીજો સાધક શિષ્ય જે ગુરુના માર્ગદર્શનમાં સાધના કરે ,ત્રીજો ભાવ શિષ્ય જે ગુરુને જોવે અને રોવે. ચોથો પરિપૂર્ણ રૂપમાં સમર્પિત શિષ્ય, ન મન મારું, ન બુદ્ધિ મારી, ન ચિત્ત મારું, ન અહંકાર મારો, એણે બધું જ ગુરુનાં શીતલ યજ્ઞમાં આહુત કરી દીધું છે અને પાંચમો કપટી શિષ્ય. સતી એ કરેલા છ અપરાધ હિમાલયના મનમાં ક્યાંથી આવ્યાં? પાર્વતીને જ્યારે વિદાય આપે છે ત્યારે કહે છે, નાથ ઉમા મમ પ્રાન સમ ગૃહકીંકરી કરેહું. વીતી ગયેલી વાતને ભૂલી જજો એના બધાં અપરાધ માફ કરી દેજો! એટલે માનસ અપરાધ ડરવા માટે નહીં પણ આપણને જાગૃત કરવા માટે છે. કથાનાં ક્રમમાં તીર્થરાજ પ્રયાગમાં કલ્પવાસ માટે એકઠા થયેલા ઋષિમુનિઓ કુંભ સ્નાન કરે છે અને આવા જ એક કુંભમેળામાં યાજ્ઞવલ્ક ભારદ્વાજ ઋષિના આશ્રમમાં રોકાઈને રામકથા વિશે જિજ્ઞાસા કરે છે. ભારદ્વાજ ઋષિ એને કહે છે કે રામકથા પહેલા શિવકથા સાંભળવી પડે અને આપણે એ આવતીકાલે કરીશું! આમ કહી માનસ અપરાધની પાંચમા દિવસની કથાને વિરામ આપ્યો.

**ધ્રુવકુમારનો રાજ્યાભિષેક કરવા માં આવ્યો.ભૂમિ સાથે તેનું મિલન થયું**

# ઈશ્વર પાછળ જે પડે તેની પાછળ જગત પડે છે. પરમાત્મા જેને અપનાવે છે તેને શત્રુઓ પણ વંદન કરે છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શબરી કે મીરાં જેવો દૃઢ ભક્તિ ભાવ થાય તો ભગવાન કહે છે કે, હું તને સાચવીશ. ભગવાન જ્યાં સુધી જીવને સાચવે ત્યાં સુધી જીવ કામનો નાશ કરી શકતો નથી. ભગવાનની તાકાત વગર જીવની શું મજાલ છે કે પોતાને સાચવી શકે? રામજી જેને સાચવે છે તે કામને આધીન થતો નથી.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બ્રહ્માનંદ એકલપેટો છે એકને જ આનંદ આપે છે. યોગી આ સમાધિમાં જે આનંદ પ્રાપ્ત કરે છે તે આનંદ યોગીની સેવા કરનારને પણ મળતો નથી. સમાધિમાં રહેલા યોગીઓ એકલા તરે છે પણ સત્સંગી તરે છે અને તારે છે. કથા શ્રવણ સર્વને એકી સાથે આનંદ આપે છે તે અનેકભોગ્ય છે.તેથી કથા શ્રવણનો કથાનંદ શ્રેષ્ઠ.

કેટલાક ટીકાકારો કહે છે કે,બ્રહ્મા નંદ કરતાં કોઈ આનંદ શ્રેષ્ઠ ન હોઈ શકે, પરંતુ સત્સંગ મહિમા વધારવા માટે આ પ્રમાણે ભાગવતમાં કહ્યું છે.ધ્રુવજીને પ્રભુ એ કહ્યું, હું તારા ઉપર પ્રસન્ન છું. તું કાંઈક માગ! ધ્રુવજી કહે છે, હે નાથ,મને શું માંગવાનું તે સૂઝ પડતી નથી. આપને પ્રિય હોય તે આપો! નરસિંહ મહેતાએ આમ જ કહેલું. નરસિંહ મહેતા ઉપર શંકરદાદા પ્રસન્ન થયા અને કહ્યું, વરદાન માગ. નરસિંહ મહેતાએ કહ્યું, મહારાજ, શું માંગવું તે મને સમજ પડતી જ્ઞથી. તમને પ્રિય હોય તે આપજો. શિવજીએ કહ્યું, મને તો રાસલીલા પ્રિય છે. ચાલ,તને તેનાં દર્શન કરાવું. શિવજીએ મહેતાજીને રાસલીલા નાં દર્શન કરાવ્યાં.

પ્રભુએ આજ્ઞા કરી, તું કેટલાક કલ્પ પર્યંત રાજ્ય કરજે, પછી હું તને મારા ધામમાં લઈ જઈશ. ધ્રુવ બતાવે છે કે, હું રાજા થઈ સંસારમાં ફસાઈ જાઉં તો? મારે રાજા થવું નથી. પ્રભુ કહે છે કે, ચિંતા ન કર. આ માથા તને અસર કરી શકશે નહીં.હું તને સાચવીશ. તને રાજા થવાની ઈચ્છા નથી. બાળકને આનંદ થતો નથી, પણ માને આનંદ થાય છે. જગતને મારે બતાવવું છે કે, જે મારો થાય છે તેને લૌકિક આનંદ હું આપું છું અને અલૌકિક આનંદ પણ આપું છું.મારાભક્તને અલૌકિક સુખ સાથે હું લૌકિક સુખપણ આપું છું

શબરી કે મીરાં જેવો દૃઢ ભક્તિ ભાવ થાય તો ભગવાન કહે છે કે, હું તને સાચવીશ.ભગવાન જ્યાં સુધી જીવને સાચવે ત્યાં સુધી જીવ કામનો નાશ કરી શકતો નથી. ભગવાનની તાકાત વગર જીવની શું મજાલ છે કે પોતાને સાચવી શકે? રામજી જેને સાચવે છે તે કામને આધીન થતો નથી.

મહારાજ ઉત્તાનપાદ અનુષ્ઠાનમાં બેઠા હતા, ત્યારે સેવકે આવીને કહ્યું, મહારાજ, મહારાજ, ધ્રુવકુમાર આવ્યા છે. ઉત્તાનપાદ દોડયા!

સમજવા જેવી વાત છે. છ માસ પહેલાં ધ્રુવજી પિતાને મળવાગયા તો પિતા એને ગોદમાં લેતાં નથી અને છ મહિના પછી ભગવાનના દર્શન કર્યા પછી ધ્રુવજી આવ્યા ત્યારે ધ્રુવજીને મળવા રાજા દોડે છે.ઈશ્વર પાછળ જે પડે તેની પાછળ જગત પડે છે.પરમાત્મા જેને અપનાવે છે તેને શત્રુઓ પણ વંદન કરે છે.જેણે ધ્રુવનું અપમાન કરલું તે ઉત્તાનપાદ આજે ધ્રુવનું સ્વાગત કરવા દોડયા છે. વિચારે છે પાંચ વર્ષનો બાળક ભગવાનનાં દર્શન કરીને આવ્યો, અને હું પંચાવન વર્ષનો થયો છતાં સુરુચિમાં ફસાયો છું. ધિક્કાર છે મને! એની આંખમાંથી આનંદાશ્રુ નીકળે છે. બાળકને ઊઠાવી છાતી સરસો ચાંપે છે.

પછી ધ્રુવ માતાજીનાં દર્શન કરવા જાય છે. ઓરમાન માને વંદન કરે છે.પછી સુનીતિને!સુરુચિનું હૃદય ભરાયું છે. કેવો ડાહ્યો છે! સુનીતિ તો એક અક્ષર બોલી શક્યા નથી એને લાગ્યું કે આજે હું સાચી પુત્ર વતી થઈ!

રામચરિતમાનસમાં તુલસીદાસજી કહે છે, જેને પેટે રામની ભક્તિ કરવાવાળો દીકરો પાકે તે બાઈ પુત્રવતી કહેવાઈ.

લોકોએ ધ્રુવજીનો વરઘાડો કાઢ્યો ધ્રુવજીને હાથી ઉપર બેસવા કહ્યું. ધ્રુવજી કહેછે,હું એકલો નહીંબેસુ પહેલા ઉત્તમ પછી હું ઉત્તમને પ્રથમ હાથી ઉપર બેસાડી પછી ધ્રુવજી બેઠા.જેને પોતાના ભાઈ માં ઈશ્વર ન દેખાય તેને બીજામાં કે મૂર્તિમાં કેમ કરી દેખાવાના છે?

શાબ્દિક ઉપદેશની અસર જલદી થતી નથી. ક્રિયાત્મક ઉપદેશની અસર તરત થાય છે. સુરુચિને આજે પશ્ચાત્તાપ થયો.તેણે સુનીતિના ચરણમાં માથું મૂક્યું. આંખમાંથી આંસુ નીકળે છે. સાથે સાથે મનનો મેલ ધોવાય છે.

ધ્રુવકુમારનો રાજ્યાભિષેક કરવા માં આવ્યો.ભૂમિ સાથે તેનું મિલન થયું.ઉત્તમ એક જ વખત જંગલ માં શિકારે ગયો છે.ત્યાં યક્ષ સાથે યુદ્ધ થયું.તેમાં એ માર્યો ગયો.આ સમાચાર સાંભળી ધ્રુવ જી યુદ્ધે ચડયા. ભીષણ યુદ્ધ થયું.ધ્રુવ યક્ષોનો સંહાર કરવા લાગ્યો, ત્યારે તેમના દાદા મનુ મહારાજ ત્યાં પધાર્યા. કહે, બેટા, વૈષ્ણવો વેર કરતા નથી. વિષ્ણુ ભગવાન એ પ્રેમનું સ્વરૂપ છે. ભૃગુઋષિએ છાતી ઉપર લાત મારેલી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર વિષ્ણુ ભગવાન પ્રેમ કરે છે!મનુ મહારાજે કહ્યું,પ્રાણીમાત્ર પ્રત્યે તિતિક્ષા,કરુણા,મૈત્રી અને સમત્વ ભાવ રાખવાથી સર્વાત્માભગવાન પ્રસન્ન થાય છે અને ભગવાન પ્રસન્ન થાય ત્યારે પ્રકૃતિના ગુણો થી મુક્ત બની પુરુષ બ્રહ્મનિર્વાણ ને પામે છે.

તિતિક્ષા, કરુણા અને મૈત્રી આ ત્રણ ગુણો જીવનમાં ઉતારે અને દરેક પ્રાણ પ્રત્યે સમભાવ રાખે તો ભગવાન પ્રસન્ન થાય છે.મનુ મહારાજના ઉપદેશથી ધ્રુવે સંહાર બંધ કર્યો.બાળક હતા ત્યારે ધ્રુવજી યમુનાજી ગયા છે અને વૃદ્ધ થયા ત્યારે ગંગાજી પાસે ગયા છે. ગંગાજી મરણ સુધારે છે. ગંગાકિનારે ધ્રુવજી બેઠા. ગંગા ખડખડ દોડતી વહે છે. ધ્રુવજીના ભજનમાં વિક્ષેપ થવા લાગ્યો. ધ્રુવજી ગંગાકિનારોછોડવા તૈયાર થયા ત્યારે ગંગાજી પ્રગટ થયાં. ગંગાજી કહે, આજથી હું અવાજ નહીં કરું, પણ શાંત થઈ દયાન કરીશ. તું અહીંથી ન જતો. ગંગાજી શાંત થયા છે. ઋષિકેશથી આગળ ધ્રુવ આશ્રમ પાસે ગંગાજી શાંત થયા છે તે આજદિન સુધી શાંત છે. ઋષિકેશથી આગળ ગંગાજી શાંત દેખાતાં નથી. ફક્ત ધ્રુવાશ્રમ પાસે ગંગાજી શાંત છે.ભગવદ્ આજ્ઞાથી પાર્ષદો ધ્રુવકુમાર માટે વિમાન લઈને આવ્યા છે, પણ ધ્રુવજીને ગંગાકિનારો છોડી વૈકુંઠમાં જવાની ઈચ્છા થતી નથી. ગંગાકિનારે રહી સત્સંગ, ભજન,ધ્યાનમાં જે આનંદ-મળ્યો તે વૈકુંઠમાં ક્યાં મળવાનો છે? ધ્રુવજીએ ગંગાજીને સાષ્ટાંગ પ્રણામ કરી ગંગાજીમાં છેલ્લુ સ્નાન કર્યું. ગંગાજીને છોડતાં વેદના થાય છે. હૃદય ભરાયું છે. ગંગાજી હાજર થયાં છે. ગંગાજીએ પ્યાર કરી કહ્યું, બેટા, આ મારું ભૌતિક સ્વરૂપ છે. વૈકુંઠમાં હું આધિભૌતિક સ્વરૂપે રહું છું. પછી ધ્રુવકુમાર સર્વને વંદન કરીને વૈકુંઠમાં જ જાય છે.

મૃત્યુદેવ ધ્રુવની પાસે આવ્યા. મૃત્યુદેવે મસ્તક નમાવ્યું. ધ્રુવજી મૃત્યુના મસ્તક ઉપર એક પગ મૂકી બીજો પગ વિમાનમાં મૂકે છે ધ્રુવજી ભગવાનના ધામમાં જાય છે. ધ્રુવકુમાર વૈકુંઠમાં ગયા. ત્યારે સર્વને આનંદ થયો પણ એક નારદજી નારાજ થયા છે. મારો ચેલો મૃત્યુના માથે પગ મૂક વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયો અને હું હજી જગતમાં રખડયા કરું છું. મારા માટે વિમાન આવ નથી. મારો ચેલો મારાથી ચડિયાતો થયો. એ બતાવે છે કે, બહુ કથા કરવાથી પણ પરમાત્મા મળતા નથી. પ્રભુના લાડલા ભક્તો કાળના માથા પર પગ મૂકીને વૈકુંઠમાં જાય છે ભગવદ્ સ્કંધ ચોથાના અધ્યાય બારમા શ્લોક ત્રીસમાં સ્પષ્ટ કહેલું છે કે, ધ્રુવજી મૃત્યુના માથા ઉપર પગ મુકીને વિમાન ઉપર ચઢ્યા.

# રિતિક રોશને સબા આઝાદ સાથે ચોથી એનિવર્સરી ઉજવી

## બંનેએ પોતાના સોશિયલ મીડિયા પર એકબીજાના ક્યારેય જાહેર નહીં થયેલાં ફોટો શેર કર્યા



૨૦૨૧માં જ્યારે રિતિક રોશન એક મિસ્ટ્રી ગર્લ સાથે જાહેરમાં દેખાઈ ગયો તો તેના વિશે વિવિધ પ્રકારના અહેવાલો આવતા રહ્યા હતા. તેઓ બંને હાથમાં હાથ નાખીને એક રેસ્ટોરાંની બહાર આવતા દેખાયા હતા. તેઓ બંને પાપરાઝીના કૅમેરામાં કેદ થઈ ગયા હતા. બાદમાં જાહેર થયું હતું કે રિતિક સાથે બહાર નીકળેલી મિસ્ટ્રી ગર્લ એક્ટ્રેસ અને મ્યુઝિશીયન સબા આઝાદ હતી.કરણ જોહરની ૫૦મી બર્થડે પાર્ટીમાં તેઓ બંને પહેલી વખત ખુલીને સાથે આવ્યા હતા. ત્યારથી બંને હંમેશા એકબીજાની સાથે રહ્યા છે. ત્યારથી તેઓ સમયાંતરે સોશિયલ મીડિયા પર પોતાનો રોમાન્સ જાહેર કરતાં રહ્યાં છે. હવે સબા અને રિતિકે એકબીજા સાથે ચાર વર્ષ પુરા કરી લીધા છે. તેમની આ એનિવર્સરી પર રિતિક રોશન અને તેની ગર્લફ્રેન્ડ સબા આઝાદે એકબીજાને શુભેચ્છાઓ આપીને પોતાના ફૅન્સને ફરી તેમનાં પ્રેમમાં પાડી દીધાં છે. તેમણે બંનેએ પોતાના સોશિયલ મીડિયા પર એકબીજાના ક્યારેય જાહેર નહીં થયેલાં ફોટો શેર કર્યા હતા, જેનાથી તેમણે પોતાની ખુશહાલ જિંદગીની ઝલક આપી છે.આ તસવીરોમાં તેમની કેટલીક સેલ્ફી, બર્થ ડે સેલિબ્રેશનના ફોટો, વેકેશન અને ઘણો પ્રેમ જોવા મળ્યો છે. આ તસવીરોમાં રિતિકે સબાને પોતાનાથી નજીક પકડી રાખી છે. તેની કેપ્શનમાં રિતિકે લખ્યું હતું, "મને તારી સાથે જીવનમાંથી પસાર થવું બહુ ગમે છે...૪ની શુભેચ્છાઓ પાર્ટનર" જ્યારે સબાએ લખ્યું હતું, "મને તારી સાથે જીવનમાંથી પસાર થવા પર પ્રેમ છે...૪ની શુભેચ્છાઓ પાર્ટનર". જેવી તેમણે આ તસવીરો શેર કરી કે રિતિક અને સબા પર તેમના પરિવારો, મિત્રો અને ફૅન્સે શુભેચ્છાઓનો વરસાદ કરી દીધો હતો. કોઈ ફૅને તેમને ક્યારે લગ્ન કરે છે, તે પૂછ્યું હતું, તો કોઈએ કહ્યું હતું કે તેઓ નસીબદાર છે. તેઓ બંને એક સુંદર કપલ દેખાય છે. "મને તારી સાથે જીવનમાંથી પસાર થવા પર પ્રેમ છે...૪ની શુભેચ્છાઓ પાર્ટનર". જેવી તેમણે આ તસવીરો શેર કરી કે રિતિક અને સબા પર તેમના પરિવારો, મિત્રો અને ફૅન્સે શુભેચ્છાઓનો વરસાદ કરી દીધો હતો. કોઈ ફૅને તેમને ક્યારે લગ્ન કરે છે, તે પૂછ્યું હતું, તો કોઈએ કહ્યું હતું કે તેઓ નસીબદાર છે. તેઓ બંને એક સુંદર કપલ દેખાય છે.



# ભાગમ ભાગ ૨ માં અક્ષય સાથે મીનાક્ષી ચૌધરી જોડી જમાવશે

**નિર્માતાઓ 'ભાગમ ભાગ ૨' ને પહેલા ભાગ કરતાં વધુ મનોરંજક બનાવવાનું લક્ષ્ય રાખી રહ્યા છે**


અક્ષય કુમાર તેની ભૂતકાળની હિટ ફિલ્મો અને ફ્રેન્ચાઈઝીની સિક્વલ બનાવવામાં વ્યસ્ત છે. આ યાદીમાં અક્ષયની કોમેડી ડ્રામા "ભાગમ ભાગ ૨"નો સમાવેશ થાય છે, જે લાંબા સમયથી સમાચારમાં છે. આ દરમિયાન, ફિલ્મ અંગે એક અપડેટ સામે આવ્યું છે. નિર્માતાઓએ મુખ્ય અભિનેત્રી શોધી કાઢી છે. અક્ષય સામે અભિનય કરવા માટે પસંદ કરાયેલી અભિનેત્રી "ફોર્સ ૩" માં જોન અબ્રાહમ સામે પણ અભિનય કરવા માટે તૈયાર છે.બહુપ્રતિક્ષિત સિક્વલ, "ભાગમ ભાગ ૨" માટે, નિર્માતાઓએ બોલીવુડ સ્ટાર અક્ષય કુમાર સામે મીનાક્ષી ચૌધરીને કાસ્ટ કરી છે. ૨૦૦૬ ની આ લોકપ્રિય કોમેડી હિટ ફિલ્મની સિક્વલ અંગે આ અત્યાર સુધીનું સૌથી મોટું અપડેટ છે. મીનાક્ષીએ હવે બે બોલીવુડ ફિલ્મો મેળવી છે.'ભાગમ ભાગ' એકને જે તે સમયે જબરદસ્ત સફળતા હતી, અને ચાહકો વર્ષોથી તેની સિક્વલની રાહ જોઈ રહ્યા હતા. અક્ષય કુમારનું મુખ્ય ભૂમિકામાં વાપસી અને મીનાક્ષી ચૌધરીની જોડી પ્રોજેક્ટમાં એક નવું અને રોમાંચક પરિમાણ લાવે છે. આ નવી જોડી દર્શકો માટે એક નવો અનુભવ બનાવવામાં મદદ કરશે. ઉદ્યોગમાં પોતાને સ્થાપિત કરી ચૂકેલી મીનાક્ષી ચૌધરીને ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં કાસ્ટ કરવામાં આવી છે.અક્ષય કુમાર જેવા સુપરસ્ટાર સાથે કામ કરવું એ તેની કારકિર્દીનું એક મોટું પગલું છે, અને ચાહકો તેમની કેમિસ્ટ્રીને પડદા પર જોવા માટે ઉત્સુક છે. આ નવી જોડી કોમેડી ફ્રેન્ચાઈઝમાં નવી ઉર્જા લાવશે તેવી અપેક્ષા છે. જોકે ફિલ્મના બાકીના સ્ટાર કાસ્ટની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી, અને ગોવિંદા સિક્વલ માટે પરત ફરશે કે નહીં તે હજુ સુધી પુષ્ટિ થયેલ નથી, નિર્માતાઓ 'ભાગમ ભાગ ૨' ને પહેલા ભાગ કરતાં વધુ મનોરંજક બનાવવાનું લક્ષ્ય રાખી રહ્યા છે.પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત, "ભાગમ ભાગ" ૨૦૦૬ માં મોટા પડદા પર રિલીઝ થઈ હતી. અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ રાવલની ત્રિપુટી અભિનીત, આ એક રમૂજી વાર્તા છે અને લારા દત્તા, રાજપાલ યાદવ, જેકી શ્રોફ અને અરબાઝ ખાન જેવા શ્રેષ્ઠ સહાયક કલાકારો છે, આ એક એવી કોમેડી છે જે આજે પણ હાસ્યને પ્રેરણા આપે છે.



# મિર્ઝાપુરનો અભિનેતા વિજય વર્મા 'મટકા કિંગ' બનશે

**૧૯૬૦ના દાયકાના મુંબઈ પર આધારિત આ શ્રેણી મટકા જુગારની ખતરનાક દુનિયાને શોધશે**

મિર્ઝાપુરમાં ભરત અને શત્રુઘ્ન ત્યાગીની ભૂમિકા ભજવનાર વિજય વર્મા તેમના શક્તિશાળી અભિનય માટે જાણીતા છે. વિજય તેમના દરેક પાત્રમાં જીવંતતા ફેલાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, તેમણે પોતાને એક ઉત્તમ અભિનેતા તરીકે સાબિત કર્યા છે. વિજય ગંભીર અને ઊંડા પાત્રોને પણ સરળતાથી ભજવે છે. દરમિયાન, એવું બહાર આવ્યું છે કે અભિનેતાએ તેમના નવા પ્રોજેક્ટ માટે ૮ કિલો વજન વધાર્યું છે.વિજય વર્મા તેમની દરેક ભૂમિકામાં સંપૂર્ણપણે ડૂબી જાય છે. હવે, તેમની આગામી શ્રેણી, મટકા કિંગ સાથે, તેઓ ફરી એકવાર લોકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. ભૂગર્ભ સટ્ટાબાજીની દુનિયા પર આધારિત આ પ્રોજેક્ટ વિજયને એક એવા પાત્રમાં રજૂ કરશે જે પ્રમાણિક અને આકર્ષક બંને છે. અભિનેતાએ ખાતરી કરી છે કે તેની તૈયારી ભૂમિકાની ઊંડાઈને અનુરૂપ છે.અહેવાલો સૂચવે છે કે વિજયે મટકા કિંગ માટે ઘણી મહેનત કરી છે. તેણે લગભગ ૮ કિલોગ્રામ વજન પણ વધાર્યું, કારણ કે તે માનતો હતો કે થોડો વધારો તેના પાત્રને વધુ સુંદર બનાવશે અને 'મટકા' રાજાની સાચી છાપ ઉભી કરશે. સૈરાટ અને ફેન્ડ્રીના ડિરેક્ટર નાગરાજ



મંજુલે મટકા કિંગનું દિગ્દર્શન કરી રહ્યા છે. ૧૯૬૦ના દાયકાના મુંબઈ પર આધારિત આ શ્રેણી મટકા જુગારની ખતરનાક દુનિયાને શોધશે.શ્રેણીમાં કૃતિકા કામરા અને વિજય વર્મા મુખ્ય ભૂમિકાઓ ભજવતા જોવા મળશે. સાઈ તામહણકર અને ગુલશન ગ્રોવર પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવતા જોવા મળશે. અગાઉ, એક ઈન્ટરવ્યુમાં, વિજયે મટકા કિંગ વિશે અપડેટ શેર કર્યું હતું. અભિનેતાએ કહ્યું, "હું મટકા કિંગનું શૂટિંગ પૂર્ણ કરી રહ્યો છું. તે ફરીથી એક એવા માણસની જીવન કરતાં મોટી મહાકાવ્ય વાર્તાઓમાંની એક છે જેણે સિસ્ટમમાં છટકબારી શોધી કાઢી અને તેનો પૂરો લાભ લીધો.



# રાહા કોઈ છોકરાને ઘરે લાવશે તો રણબીર કપૂર તેને કાઢી મુકશે

**રણબીર કપૂર અને આલિયા ભટ્ટે લગ્ન કરવાનો નિર્ણય કર્યો એ પહેલા તેઓ લગભગ પાંચ વર્ષ સુધી એકબીજાને ડેટ કરતાં હતાં**

રણબીર કપૂર અને આલિયા ભટ્ટે લગ્ન કરવાનો નિર્ણય કર્યો એ પહેલા તેઓ લગભગ પાંચ વર્ષ સુધી એકબીજાને ડેટ કરતાં હતાં. લગ્ન પછી તેમને ટૂંક સમયમાં દિકરીનો જન્મ થયો અને તેનું નામ રાહા રાખ્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આલિયા ભટ્ટે કહ્યું કે રાહા તેના પિતાથી વધુ નજીક છે, સાથે જ રણબીર જ્યારે પહેલી વખત આલિયાના પિતા મહેશ ભટ્ટને મળ્યો તે વખતની વાત પણ તેણે યાદ કરી હતી. આલિયા ભટ્ટ તાજેતરમાં ટ્વિંકલ ખન્ના અને કાજોલના શોમાં આવી હતી. જેમાં તેણે મહેશ ભટ્ટ સાથે રણબીર વિશેની ચર્ચાને યાદ કરતા કહ્યું, "એક વખથ મેં અને મારા પિતાએ હું પ્રેમમાં છું એ વિશે વાત કરી. એ એક જ વખત અમે આ વિશે કંઈ વાત કરી હતી. મેં એમને કહ્યું, હું પ્રેમમાં છું અને એમણે કહ્યું, મારી દિકરી, મને એ તારી આંખોમાં દેખાય છે."જ્યારે રણબીર કપૂર અને મહેશ ભટ્ટની પહેલી મુલાકાત અંગે આલિયાએ કહ્યું કે મહેશ ભટ્ટને રનબીરથી ખાસ ફરક નહોતો પડ્યો પણ પરંતુ રાહા જ્યારે ભવિષ્યમાં કોઈ છોકરાને ઘરે લઈને આવશે, એવું નહીં થાય. આલિયાએ કહ્યું, "હું આજે એવું થશે એવી રણબીર અને રાહા સાથે કલ્પના પણ કરી શકતી નથી, એ કોઈ પણ છોકરાને ઘેર લાવશે તો રણબીર એને બહાર કાઢી મુકશે."રણબીર અને આલિયા હાલ સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં સાથે કામ કરી રહ્યાં છે. આ પહેલાં તેમણે 'બ્રહ્માસ્ત્ર' માટે સાથે કામ કર્યું હતું, ત્યાંથી જ તેઓ પ્રેમમાં પડ્યાં હતાં. "હું આજે એવું થશે એવી રણબીર અને રાહા સાથે કલ્પના પણ કરી શકતી નથી, એ કોઈ પણ છોકરાને ઘેર લાવશે તો રણબીર એને બહાર કાઢી મુકશે."રણબીર અને આલિયા હાલ સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં સાથે કામ કરી રહ્યાં છે. આ પહેલાં તેમણે 'બ્રહ્માસ્ત્ર' માટે સાથે કામ કર્યું હતું, ત્યાંથી જ તેઓ પ્રેમમાં પડ્યાં હતાં.

**સુનિતા આહુજા ૧૫ વર્ષથી અલગ રહેવાની કબૂલાત કરી**

# ગોવિંદાની પત્નીની કબૂલાત, છૂટાછેડાની અફવાથી તે દુઃખી



**નારાજગી ૧૦૦ ટકા છે, કારણ કે હું પણ બધું સાંભળું છું. પણ હું બહુ મજબુત છું કારણ કે મારી પાસે મારા બાળકો છે : સુનિતા**

છેલ્લા ઘણા સમયથી ગોવિંદા કોઈ ફિલ્મમાં જોવા મળ્યો નથી. છતાં તે પત્ની સુનિતા આહુજા સાથે છુટાછેડાના અહેવાલોથી છેલ્લાં ઘણા સમયથી ચર્ચામાં છે. જોકે, તેમણે ગણેશ ઉત્સવ વખતે સાથે ઉજવણી કરીને ડિવોર્સની અફવાઓને નકારવાની કોશિષ કરી હતી. આ વખતે સુનિતાએ એવું પણ કહ્યું હતું કે જે લોકો આવી અફવાઓ ફેલાવવાની કોશિશ કરે છે, તેમને અમને આ રીતે સાથે તહેવાર ઉજવતા જોઈને શરમ આવવી જોઈએ. એક તરફ સુનિતાએ ડિવોર્સની વાતને અફવા ગણાવી, બીજી તરફ તેમણે ડિવોર્સ ફાઈલ કરી દીધા હોવાના પણ અહેવાલો હતા. જેમાં સુનિતાએ ગોવિંદા પર છેતરપિંડીનો આરોપ મુક્યો હોવાની પણ ચર્ચા હતી. હવે સુનિતાએ પોતાની યુટ્યુબ ચેનલ શરૂ કરી છે, જેમાં તેણે કબુલાત કરી છે કે અફવાઓથી તેને દુઃખ થયું હતું.તેણે એમ પણ કહ્યું કે તે અને ગોવિંદા વર્ષોથી અલગ રહે છે અને તેમના ઘર એકબીજાની આમને સામને રહે છે. આઅફવાઓ અંગે વાત કરતા સુનિતાએ કહ્યું, "પ્રોબ્લેમ એ છે કે એના પરિવારમાં એવા લોકો છે, જે મને ગોવિંદા સાથે જોવા માગતા નથી. એમના પોતાના પત્ની-બાળકો હયાત નથી એટલે એમને એવું થાય છે કે, આમનું પરિવાર ખુશ કેમ છે. ગોવિંદા સારા લોકો સાથે બેસતો ઉઠતો નથી. તો એવુ છે કે, હું કહું છું કે જો તું ગંદા લોકો સાથે રહીશ તો એવો જ બની જઈશ. આજે મારે કોઈ મિત્રો નથી, મારા બાળકો જ મારા મિત્રો છે."સુનિતાએ આગળ કહ્યું, "હું અને ચીચી ૧૫ વર્ષથી આમને-સામને જ રહીએ છીએ અને એકબીજાના ઘરમાં આવવા-જવાનું ચાલે છે. જે સારી સ્ત્રીને દુઃખ આપશે એ ક્યારેય સુખી નહીં થાય, બેચેન રહેશે. મેં બાળપણથી અત્યાર સુધી મારી આખી જિંદગી એને આપી દીધી, આજે પણ એટલો જ પ્રેમ કરું છું. નારાજગી ૧૦૦ ટકા છે, કારણ કે હું પણ બધું સાંભળું છું. પણ હું બહુ મજબુત છું કારણ કે મારી પાસે મારા બાળકો છે." મારા બાળકો જ મારા મિત્રો છે."સુનિતાએ આગળ કહ્યું, "હું અને ચીચી ૧૫ વર્ષથી આમને-સામને જ રહીએ છીએ અને એકબીજાના ઘરમાં આવવા-જવાનું ચાલે છે. જે સારી સ્ત્રીને દુઃખ આપશે એ ક્યારેય સુખી નહીં થાય, બેચેન રહેશે. મેં બાળપણથી અત્યાર સુધી મારી આખી જિંદગી એને આપી દીધી, આજે પણ એટલો જ પ્રેમ કરું છું. નારાજગી ૧૦૦ ટકા છે, કારણ કે હું પણ બધું સાંભળું છું. પણ હું બહુ મજબુત છું કારણ કે મારી પાસે મારા બાળકો છે."

**જેમાં તેની સાથે અર્શદ વારસી પણ લીડ રોલમા છે** **તાજેતરમાં જ અક્ષય કુમારની 'જોલી એલએલબી ૩' રિલીઝ થઈ છે,**

# મેં છેલ્લા ૨૦ વર્ષથી સાંજે ૬.૩૦ પછી કશું જ ખાધું નથી

અક્ષય કુમાર એક એવો હિરો છે, જેની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફમાં ભલે ગમે તે પરિવર્તન આવ્યા હોય પરંતુ તેની તંદુરસ્તી માટેની શિસ્ત અને નિયમપાલનમાં ક્યારેય કોઈ ફરક પડતો નથી. હવે તો બધા જ જાણે છે કે તે સાંજે ૬.૩૦ વાગ્યા પછી કશું જ નહીં ખાવાનો કડક નિયમ પાડે છે. આ ઉપરાંત તે કોઈ પણ પાર્ટીમાં પણ કશું ખાતો નથી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે કબુલ્યું છે કે તે લોકોની સાથે પાર્ટીમાં ગ્લાસ ભરે છે, પણ તેને એમાં મજા આવતી નથી.અક્ષય કુમાર ઈન્ડસ્ટ્રીનો સૌથી ફિટ કલાકાર ગણાય છે. તેણે કહ્યું કે તે પોતાના ભોજન બાબતે કોઈ કડક નિયમ પાલન કરતો નથી. આ વાતથી ઘણા લોકોને આશ્ચર્ય થશે પરંતુ તેણે કહ્યું કે તે છોલે પુરી, જલેબી અને બરફો બધું જ ખાય છે. અક્ષયે કહ્યું, "હું એવો નથી કે હું કંઈ પણ ખાતી વખતે સતત કેલેરી અને પ્રોટીન ગણતો રહું. હું પણ સામાન્ય માણસ જેવું જ જીવન જીવું છું. હા પણ હું સાંજે ૬.૩૦ પછી કશું જ ખાતો નથી,




કોઈ નાસ્તો પણ નહીં. મેં છેલ્લા ૨૦ વર્ષમાં આ નિયમનું પાલન કર્યું છે. ક્યારેક કોઈ પાર્ટીમાં લોકોને બતાવવા ખાતર હું ગ્લાસ હાથમાં લઈ લઉં છું અથવા તો કોઈનું માન જાળવવા ખાતર કેકનો એકાદ ટુકડો ખાઈ લેતો હોઉં છું, પરંતુ મને એમાં મજા આવતી નથી. મેં વર્ષોથી આલ્કોહોલ નથી લીધું."નસીબદાર હોવા પર અક્ષય કુમારે કહ્યું કે એવા ઘણા લોકો હોય છે, જે સારા દેખાય છે, મારા કરતાં પણ ટેલેન્ટેડ અને જેઓ મારા કરતાં વધુ લાયક હોય છે. પરંતુ એમને હજુ કદાચ તક મળી નથી. અક્ષયે કહ્યું, "અહીં ખરેખર નસીબ કામ કરે છે. હું નસીબદાર છું કે હું યોગ્ય સમયે યોગ્ય સ્થળે હોઉં છું. સફળતામાં ૭૦ ટકા ફાળો નસીબનો અને ૩૦ ટકા મહેનતનો હોય છે."તાજેતરમાં જ અક્ષય કુમારની 'જોલી એલએલબી ૩' રિલીઝ થઈ છે, જેમાં તેની સાથે અર્શદ વારસી પણ લીડ રોલમા છે. જોલી એલએલબી ફ્રેન્ચાઈઝીની આ ત્રીજી ફિલ્મ છે. જે બોક્સ ઓફિસ પર સારી ચાલી રહી છે. અક્ષય કુમાર આ સિવાય પ્રિયદર્શન સાથે બે ફિલ્મ કરી રહ્યો છે, જેમાંથી એક તેની હેરાફેરી ફ્રેન્ચાઈઝીની ફિલ્મ છે, જેમાં ફરી એક વખત તે સુનિલ શેટ્ટી અને પરેશ રાવલ સાથે જોવા મળશે. આ સિવાયની એક ફિલ્મ છે, 'ભૂત બંગલા' જેમાં તેની સાથે વામિકા ગબ્બી લીડ રોલમાં હશે અને પરેશ રાવલ પણ મહત્વના રોલમાં હશે. આ સિવાય તે ડિરેક્ટર અમિત રાય સાથે 'ઓએમજી ૩'ની સ્ક્રિપ્ટ પર ચર્ચા કરી રહ્યો છે.

# મહિલાઓ આયોડિન અને લોહતત્વ પર ધ્યાન આપે તે જરૂરી મહિલાઓમાં પોષણની ઉણપ: આયોડિન અને લોહ તત્વ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની તાતી જરૂરિયાત

। (પ્રતિનિધી) સુરત,તા.૩ ।

ગુજરાત રાજ્યમાં મહિલાઓના આરોગ્યને મજબૂત બનાવવા માટે અનેક યોજનાઓ અને જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે. મહિલાઓ ઘર અને સમાજનું આધારસ્તંભ છે. તેમનું આરોગ્ય સારું રહેશે તો આખા પરિવારનું આરોગ્ય સારું રહેશે. ખાસ કરીને આયોડિન (Iodine) અને લોહતત્વ (Iron)ની ઉણપ મહિલાઓમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ બંને પોષક તત્વોની ઉણપ મહિલાના દૈહિક તેમજ માનસિક આરોગ્ય પર ગંભીર અસર કરે છે. માટે જ, મહિલાઓમાં આ બાબતની જાગૃતિ હોવી ખૂબ જ જરૂરી છે.

મહિલાઓને ખ્યાલ નથી કે આયોડિનનું મહત્વ ગળા (થાયરોઈડ) અને મગજના વિકાસ માટે કેટલું જરૂરી છે. તો, સર્વપ્રથમ જાણીએ, મહિલાઓમાં આયોડિનની ઉણપના કારણો કયા છે ? ૧. આયોડિનયુક્ત મીઠાનો અભાવ – ઘણા પરિવારોમાં હજુ પણ સામાન્ય મીઠાનો ઉપયોગ થાય છે. ૨. આયોડિનનું રસોઈ દરમ્યાન નુકસાન – લાંબા સમય સુધી મીઠું ગરમ કરવાથી આયોડિન નષ્ટ થઈ જાય છે. ૩. સમુદ્રતટથી દૂર વિસ્તારો – જ્યાં સમુદ્રી ખોરાક ઓછી માત્રામાં મળે છે ત્યાં આયોડિનની ઉણપ વધુ હોય છે. મહિલાઓને આયોડિનની ઉણપથી થતી વિવિધ સમસ્યાઓ થઈ શકે છે જેમ કે, ગળામાં ગોઈટર (થાયરોઈડ ગ્રંથિ મોટી થવી) થાક, કમજોરી અને ચીડિયાપણાનો અનુભવ ગર્ભાવસ્થા દરમિયાન બાળકના મગજના વિકાસમાં ખામી રહેવી માનસિક વિકાસમાં અડચણ ઉભી થવી અને હોર્મોનલ અસંતુલન સર્જાવું.

આયોડિનની ઉણપથી ઉભી થતી આ વિવિધ સમસ્યાઓને કારણે જ મહિલાઓમાં અંગે પૂરતી જાગૃતતા હોવી ખૂબ જ જરૂરી છે. આયોડિનની ઉણપ નિવારવા મહિલાઓ નીચે મુજબની ખાસ તકેદારી રાખવી જોઈએ.. ફક્ત આયોડિનયુક્ત મીઠાનો જ ઉપયોગ કરવો. મીઠું ભોજન તૈયાર થવામાં અંતે ઉમેરવું, જેથી આયોડિન નષ્ટ ન થાય. સમુદ્રી શાકભાજીનો ખોરાકમાં સમાવેશ કરવો. ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓએ આયોડિનયુક્ત ખોરાક વધારે પ્રમાણમાં લેવો. થોડીક જાગૃતતા મહિલાઓને ગંભીર સમસ્યાઓથી રક્ષણ આપી શકે છે. આયોડિનની સાથે સાથે મહિલાઓમાં લોહતત્વ અંગે પણ પૂરતી ગંભીરતા હોવી અનિવાર્ય છે. મહિલાઓમાં લોહતત્વ(Iron) ની ઉણપના કારણો વિશે વાત કરીએ તો, ૧. માસિક ધર્મ દરમિયાન રક્તક્ષય – મહિલાઓમાં માસિકથી રક્તની વધારે કમી થતી હોય છે. ૨. ગર્ભાવસ્થા દરમિયાન બાળક માટે વધારે પોષણની જરૂર પડે છે જેના કારણે માતાના શરીરમાં લોહની ઉણપ થાય છે. ૩. લોહયુક્ત ખોરાકનો અભાવ – લીલા શાકભાજી, કઠોળ, દાળ, ખજૂર, ચણા, અંજીર જેવા ખોરાક ઓછા લેવાથી લોહની ઉણપ સર્જાય છે. ૪. પોષણ પ્રત્યે બેદરકારી – ઘરનું કામકાજ અને પરિવારની ચિંતા કરતી મહિલાઓ પોતાના જ પોષણને અવગણે છે. લોહતત્વની ઉણપથી મહિલોમાં નીચે મૂજબની સમસ્યાઓ અનુભવે છે.

એનિમિયા (લોહીની ઉણપ)

ચક્કર આવવા, થાક લાગવો

ચહેરો પીળો દેખાવો

વાળ ઉતરવા અને નખ નબળા થવા

બાળકના જન્મ સમયે ઓછી વજનની સમસ્યા

લોહતત્વની ઉણપથી ગર્ભાવસ્થા દરમ્યાન માતા અને બાળક બંને માટે જોખમ થઈ શકે છે. માટે તમામ મહિલાઓ લોહતત્વની

ઉણપ નિવારવા આટલું અવશ્ય કરે..

લીલાં શાકભાજી (પાલક, મેથી) વધારે પ્રમાણમાં ખાવા જોઈએ.

ખજૂર, અનાર, ચણા, દાળ, મગફળી, ગુળ વગેરેનો રોજિંદા આહારમાં સમાવેશ કરવો.

ડૉક્ટર દ્વારા સૂચવેલ આયર્નની ગોળીઓ / સિરપ સમયસર લેવી.

લોહયુક્ત ખોરાક સાથે ફૈંટ્ટદ્વૈહ-ઝ (લીંબુ, નારંગી) લેવાથી લોહ શરીરમાં સારી રીતે શોષાય છે.

ગર્ભવતી મહિલાઓએ ગર્ભાવસ્થા દરમ્યાન ફરજિયાત આયર્ન અને ફોલિક એસિડની ગોળીઓ લેવી.

મહિલાઓના આરોગ્યની જાળવણી માટે આયોડિનયુક્ત મીઠું અને લોહયુક્ત ખોરાકનો ઉપયોગ અનિવાર્ય છે. કેન્દ્ર અને રાજ્ય

સરકાર દ્વારા આ દિશામાં સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પરંતુ સૌથી મહત્વનું છે મહિલાનું આ અંગે પોતે જાગૃત થવું.

દરેક મહિલાએ પોતાનું આરોગ્યને પ્રાધાન્ય આપીને યોગ્ય આહારશૈલી અપનાવવી જોઈએ. જેથી આયોડિન અને લોહતત્વની

ઉણપને જડમૂળથી દૂર કરી શકાય.

# ઝાલોદ પોલિસ સ્ટેશનમા દશેરાના પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગરના પોલિસ સ્ટેશનમા આજરોજ ૦૨-૧૦-૨૦૨૫ ના રોજ દશેરાના પાવન પર્વ નિમિતે પૌરાણિક પરંપરા મુજબ શસ્ત્ર પૂજન કરવામા આવ્યું હતું. વિદ્વાન મહારાજ દ્વારા દરેક શસ્ત્રો પર રક્ષા સૂત્ર બંધાવી પૂજા કરવામાં આવી હતી. આજની પૂજાના મુખ્ય યજમાન પોલિસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ રવિ ગામીત તેમજ પી.એસ.આઈ સી.કે.સીસોદીયા દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ કરવામાં આવી હતી. પોલિસ સ્ટેશનમા સ્થાપિત દેવી દેવતાઓની પૂજા પણ કરવામાં આવી હતી. આજની આ પૂજા વિધિમાં પોલિસ સ્ટેશનના સ્ટાફ પણ જોડાયો હતો. આજના વિજયા દશમીના પર્વ પર શસ્ત્ર પૂજાનો અનેરો મહત્વ છે. આજની શસ્ત્ર પૂજાનુ મૂળ મહત્વ એ છે કે જે શસ્ત્રો પોલિસ કર્મચારીઓ વાપરે છે તેનો દુરુપયોગ ન થાય તેમજ આ શસ્ત્રો થકી કોઈને હાનિ પહોંચાડવાના આશયથી ઉપયોગ ન કરાય તેવા આશીર્વાદ મા જગદંબા પાસે માંગ્યા હતા. તેમજ આજના દશેરા પર્વ પર શસ્ત્ર પૂજન કરવાથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય છે તેવી પણ એક માન્યતા છે તેમજ આ શસ્ત્રો થકી કોઈને હાનિ પહોંચાડવાના આશયથી ઉપયોગ ન કરાય તેવા આશીર્વાદ મા જગદંબા પાસે માંગ્યા હતા. તેમજ આજના દશેરા પર્વ પર શસ્ત્ર પૂજન કરવાથી શત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય છે તેવી પણ એક માન્યતા છે.

# ભાજપના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મ દિવસ નિમિત્તે યોજવામાં આવેલ સેવા પખવાડિયાની ભાજપ દ્વારા પૂર્ણાહુતિ કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ભાજપના યશસ્વી વડાપ્રધાન એવા નરેન્દ્ર મોદીનો ૧૭-૦૯-૨૦૨૫ ના રોજ ૭૫ મા જન્મદિવસ નિમિતે દાહોદ ભાજપ પ્રમુખ સ્નેહલ ધરીયાના માર્ગદર્શન હેઠળ ઝાલોદ નગરમાં ૦૨-૧૦ સુધી સેવા પખવાડિયા દિન તરીકે અનેક સેવાકીય કાર્યો ઝાલોદ ભાજપ દ્વારા કરવામાં આવેલ હતા. ગાંધી જયંતિ નિમિતે નગરપાલિકા ભાજપ હોદ્દેદારો તેમજ નગરના ભાજપના કાર્યકર્તાઓ દ્વારા મીઠાચોકમા આવેલા મહાત્મા ગાંધીના સ્ટેચ્યુને સુત્તરની આંટી પહેરાવવામાં આવી હતી. ઝાલોદ સેવા પખવાડિયાના ઈન્ચાર્જ ભરત શ્રીમાળી દ્વારા સેવા પખવાડિયાની માહિતી આપી હતી.

૧૭-૦૯ થી ૦૨-૧૦ સુધી સેવા પખવાડિયાની ઉજવણી પ્રસંગે આંગણવાડીમા બાળકોને કુપોષિત બાળકોને કીટ આપી, નગરના પ્રાથમિક શાળાઓમાં બાળકોને બિસ્કીટ અને ચોકલેટ આપી, માંડલીખૂંટા ગામે આરોગ્ય કેમ્પ યોજાયો, અલગ અલગ શૈક્ષણિક સંસ્થાઓમાં સફાઈ ઝુંબેશ યોજી વક્તુત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવા પ્રોગ્રામ યોજી સફાઈ અંગે માર્ગદર્શન અપાયું, જી.એસ.ટીની ઉજવણી, રક્તદાન શિબિર યોજાયું તેમજ આ સિવાય અનેક બીજા સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા તેમ સેવા પખવાડિયા ઈન્ચાર્જ ભરત શ્રીમાળીએ કહ્યું હતું. વધુમાં માહિતી આપતા ભરતભાઈએ કહ્યું હતુ કે સેવા પખવાડિયાનો મૂળ ઉદ્દેશ ભાજપના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આદર્શો તેમજ ભાજપની પ્રજા લક્ષી વિવિધ યોજનાઓ પહોંચાડવા માટે કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રોગ્રામ ઝાલોદ શહેર ભાજપ પ્રમુખ મયુર પંચાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતો. પંદર દિવસીય ચાલેલ સેવા પખવાડિયામા ઝાલોદ ભાજપના તમામ હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ નગરપાલિકા પ્રમુખ તેમજ ઉપપ્રમુખ અને તમામ પાલિકા હોદ્દેદારો તેમજ નગરપાલિકા ટીમ જોડાયેલ હતી. આજે સેવા પખવાડિયાની પૂર્ણાહુતિ બસ સ્ટેશન વિસ્તારમાં સફાઈ કરી પૂર્ણ કરવામાં આવી હતી.

# હિંમતનગર રેલવે સ્ટેશન બની રહ્યું છે મલ્ટીમોડલ હબ અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત પુનર્વિકાસ કાર્ય પ્રગતિ પર, સ્ટેશન બિલ્ડિંગનું લગભગ ૮૦% કામ પૂર્ણ

। (રેલવે) અમદાવાદ, તા.૦૩ ।

રેલવે સ્ટેશનને શહેર સાથે ઈંટીગ્રેટ માટે હાઈવે સુધી ૧૨ મીટર પહોળી નવી સડકનું નિર્માણ થઈ રહ્યું છે, જેથી મુસાફરોને મળશે સીધી કનેક્ટિવિટી. એક એકર જેટલી વિશાળ પાર્કિંગની સુવિધા.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના હિંમતનગર રેલવે સ્ટેશનનું કાયાપલટ અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ઝડપી ગતિએ થઈ રહ્યું છે. સ્ટેશન બિલ્ડિંગનું લગભગ ૮૦% કામ પૂર્ણ થઈ ગયું છે અને આગામી સમયમાં મુસાફરોને આધુનિક તથા ઉત્તમ સુવિધાઓથી સજ્જ સ્ટેશન ઉપલબ્ધ થશે. આ પુનર્વિકાસ માત્ર મુસાફરીની સુવિધાઓ વધારશે નહીં, પરંતુ પ્રાદેશિક પર્યટન અને આર્થિક વિકાસને પણ નવી દિશા આપશે.

સુવિધાઓ

સ્ટેશનનો પ્રવેશદ્વાર ૧૨ મીટર પહોળો બનાવવામાં આવી રહ્યો છે, જેથી મુસાફરો સરળતાથી સ્ટેશનમાં પ્રવેશી શકે.

અંદાજે ૪૧૧૦ યાર્ડ (લગભગ એક એકર જમીન) વિશાળ પાર્કિંગ, જે પર્યાપ્ત વાહન પાર્કિંગ સુવિધા પૂરી પાડશે.

પિક અપ/ડ્રોપ ઓફ એરિયા, જેથી મુસાફરોને વાહન મૂકવા અને લેવામાં સુવિધા રહેશે.

પરિસરમાં આકર્ષક લેન્ડસ્કેપિંગ કરવામાં આવી છે જે મુસાફરો અને સ્થાનિક લોકો માટે ખુલ્લું અને હરિયાળું વાતાવરણ સુનિશ્ચિત કરે છે.

મોટો કોક્રોર્સ એરિયા, મુસાફરો માટે ખુલ્લું અને વ્યવસ્થિત પ્રતીક્ષાલયની વ્યવસ્થા છે. ડીલક્સ એ.સી. વેઈટિંગ હોલ અને નોન એ.સી. વેઈટિંગ હોલ છે જે સામાન્ય મુસાફરો માટે આરામદાયક પ્રતીક્ષાલયની સુવિધા આપશે

ફૂટ ઓવર બ્રિજ ૩૬ ફૂટ પહોળો અને ૬૭ મીટર લાંબો હશે, જે પ્લેટફોર્મ વચ્ચે સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરશે.

પ્લેટફોર્મ–૧ કવર શેડ ૬૪૦ વર્ગમીટરમાં ફેલાયેલું છે, જ્યારે પ્લેટફોર્મ–૨ અને ૩ કવર શેડ ૩૨૦ વર્ગમીટરના છે જે વરસાદ અને સૂર્યપ્રકાશથી સુરક્ષા આપશે. દિવ્યાંગજન માટે શૌચાલયની વ્યવસ્થા.

નિકાસ દ્વાર ૧૨ મીટર પહોળો છે જેથી સ્ટેશનમાંથી સરળતાથી બહાર નીકળવું શક્ય બનશે, સર્ક્યુલેટિંગ એરિયા અને પાર્કિંગનો વિકાસ, જેથી વાહન સંચાલન સુવ્યવસ્થિત થશે.

સ્ટેશન ફસાડ અને પ્રવેશદ્વારનું સૌંદર્યીકરણ કરવામાં આવ્યું છે. આધુનિક સ્ટેશન બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે જે વધુ સુરક્ષા, બેઠક અને ટિકિટિંગ સુવિધા પૂરી પાડશે. વર્તમાનમાં હિંમતનગર સ્ટેશન પર ૧૨ નિયમિત અને ૪ સ્પેશિયલ ટ્રેનો રોકાય છે. અહીંથી દરરોજ લગભગ ૨૫૦૦ મુસાફરો મુસાફરી કરે છે અને આ સ્ટેશનને ભવિષ્યમાં દરરોજ અંદાજે ૫૦,૦૦૦ મુસાફરોની અવરજવર અને સુવિધાને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહ્યું છે. પુનર્વિકસિત હિંમતનગર રેલવે સ્ટેશન મુસાફરોને સુરક્ષિત, આધુનિક અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે.

# દેવગઢ બારીઆ તાલુકાના ભૂતિયા ગામે પ્રાથમિક શાળાના ઓરડાનું ખાતમુહૂર્ત રાજય મંત્રી બચુભાઈ ખાબડ દ્વારા કરવામા આવ્યું



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢબારીયા તાલુકા ના ભૂતિયા ગામની પ્રાથમિક શાળા ના નવ નવીન ઓરડાનું માનનીય રાજય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ સાહેબ ના હસ્તે આજરોજ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જેમાં ઉપસ્થિત દાહોદ જિલ્લા પંચાયત ના ઉપપ્રમુખ અરવિંદાબેન પટેલ દેવગઢ બારીઆ ખરીદ વેચાણ સંઘ ના ચેરમેન અમરસિંહ રાઠવા તાલુકા પંચાયત ના પ્રમુખ જશવંત રાઠવા મનુભાઈ મકવાણા જિલ્લા પંચાયત સભ્ય અશ્વિન મકવાણા તથા શાળા ના શિક્ષક આચાર્ય તેમજ ગામ ના આગેવાનો તથા પ્રજાજનો હાજર રહ્યા હતા...

# રાજસ્થાનના ૩૫ વર્ષીય યુવાનને હાર્ટ એટેક આવતા સંજીવની હોસ્પિટલ ઝાલોદ ખાતે સારવાર મળતા જીવ બચ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

હાલ યુવાનોમા હાર્ટ એટેક આવવાના કિસ્સામા દિન પ્રતિ દિન વધારો થતો જોવા મળી આવે છે..ઘણા કિસ્સામા સમયસર સારવાર અથવા યોગ્ય સારવાર માટેની માહિતી ના હોવાના કારણે વધુ લોકોને જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે તેવા કિસ્સામા રાજસ્થાનના એક ૩૫ વર્ષીય યુવકને છાતીમા ભયાનક દુખાવો ઉપડતા તેઓને તાત્કાલિક ઝાલોદ સંજીવની હોસ્પિટલ ખાતે તપાસ માટે લાવવામા આવ્યા હતા.ત્યાના હાર્ટ એટેક અને ડાયાબીટીસ સ્પેશિયાલિસ્ટ ડો.દતેશ કે દેવડા સાહેબેને એટેકના લક્ષણ જણાય આવતા તાત્કાલિક જરુરી રિપોર્ટ દર્દીના કરાવતા ખરેખર એટેક આવ્યો હોવાનુ જણાય આવ્યુ હતુ તે સંદર્ભે સગા સંબંધીઓને એટેક બાબતે સમજણ પુરી પાડીને દર્દીને તાત્કાલિક ભરતી કરાવવા જાણ કરી હતી ડો.દતેશ કે દેવડા સાહેબેને એટેકના લક્ષણ જણાય આવતા તાત્કાલિક જરુરી રિપોર્ટ દર્દીના કરાવતા ખરેખર એટેક આવ્યો હોવાનુ જણાય આવ્યુ હતુ તે સંદર્ભે સગા સંબંધીઓને એટેક બાબતે સમજણ પુરી પાડીને દર્દીને તાત્કાલિક ભરતી કરાવવા જાણ કરી હતી અને તાત્કાલિક એટેકની સારવાર શરુ કરી દેવાતા (૩૫) વર્ષીય યુવાન રાજુભાઈનો ગાંગડતલાઈ રાજસ્થાન રહેવાસી જીવ બચવા પામ્યો હતો.

# ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષશ્રી ધર્મિષ્ઠાબેન ગજજરના અધ્યક્ષ સ્થાને વાસણા બુઝર્ગ ખાતે ખાસ ગ્રામસભા યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૦૩ ।

૨ જી ઓક્ટોબર ૨૦૨૫ ગાંધી જયંતીના દિવસે ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષશ્રી ધર્મિષ્ઠાબેન ગજજરના અધ્યક્ષ સ્થાને વાસણા બુઝર્ગ ખાતે ખાસ ગ્રામસભા યોજાઈ હતી. ૦૨ ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિતે ગાંધીજીની પ્રતિમાને સુત્તરની આંટી અને પુષ્પમાળા પહેરાવવામાં આવી હતી અને ત્યારબાદ પ્રાથમિક શાળામાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સભામાં આદર્શ ગ્રામ બાળ મિત્ર અન્વયે અધ્યક્ષશ્રી દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા કે આજનું બાળક આવતી કાલનું ભવિષ્ય છે. દરેક બાળક દરેક ગામમાં સુરક્ષાની અનુભૂતિ કરે તેની જવાબદારી આપણા સૌની છે. વર્ષ ૨૦૪૭ ના વિકસિત ભારત સંકલ્પને સાકાર કરવા આજે આપણે સૌએ સાથે મળી બાળ લગ્ન મુકત ભારત બનાવી દરેક બાળકને પોતાના અધિકારો આપવા એ આપણા સૌની ફરજ છે. ખાસ ગ્રામ સભામાં આદર્શ બાલ મિત્ર ગામ નિર્માણ તથા બાળકોના મૂળભૂત અધિકારો સુનિશ્ચિત કરવા આદર્શ બાલ મિત્ર ગામ બનાવવા અંગે અધ્યક્ષશ્રી દ્વારા સંકલ્પ લેવડાવવામાં આવેલ. જેમાં બાળ વિવાહ મુકત ભારત અભિયાન અંતર્ગત આપણું ગામ, તાલુકો, જિલ્લો અને રાજય પણ બાળ વિવાહ મુકત બને જે માટે ગ્રામસભામાં ઠરાવ પસાર કરવામાં આવેલ અને બાળ વિવાહ મુકત ગામ બનાવવા માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. ખાસ ગ્રામ સભામાં આદર્શ બાલ મિત્ર ગામ નિર્માણના સંકલ્પ લેતા ગ્રામજનો બાળકોના મૂળભૂત અધિકારો સુનિશ્ચિત કરવા આદર્શ બાલ મિત્ર ગામ બનાવવા સંકલ્પ પત્રનું વાંચન કરવામાં આવ્યુ હતુ. આ ગ્રામસભામાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી મહેશ પટેલ, નડિયાદ ગામના સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, શાળાના આચાયશ્રી, પંચાયત સભ્યો, મહિલા મંડળ, યુવા મંડળ, શિક્ષકો, આશા વર્કર અને આંગણવાડી કાર્યકરો, આરોગ્ય વિભાગનો સ્ટાફ સહિત મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા...

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ાતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### લોકોને બળજબરીથી રાષ્ટ્રગીત માટે ઊભા કરવામાં આવે છે : મહેબૂબા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં રાષ્ટ્રગીત દરમિયાન ઊભા નહીં થવાના મામલામાં પોલીસે ૧૫ યુવકોની અટકાયત કરી છે. આ ઘટનાને પૂર્વ મુખ્યમંત્રી અને પીડીપીના વડા મેહબૂબા મુફ્તીએ વખોડી કાઢી છે. આ સાથે મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, કાશ્મીરમાં લોકોને બળજબરીથી, અહીં સુધી કે બંદૂકની અણીએ રાષ્ટ્રગીત માટે ઊભા કરવામાં આવી રહ્યા છે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી(પીડીપી)ના વડા મુફ્તીએ કહ્યું કે, આ દુર્ભાગ્યપૂર્ણ છે કે ભાજપે પ રિસ્થિતિ જ એવી પેદા કરી છે કે લોકોને રાષ્ટ્રગીત માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. જ્યારે હું સ્ટુડન્ટ હતી તો અમે ઈચ્છાથી રાષ્ટ્રગીતના સન્માનમાં ઊભા થતા હતા. પરંતુ હવે આ માટે દબાણ કરવામાં આવી રહ્યું છે, આ સરકારની નિષ્ફળતા છે. હકીકતમાં, ૩૦મી સપ્ટેમ્બરની સાંજે શ્રીનગરના ટીઆરસી ફૂટબોલ મેદાનમાં રાષ્ટ્રગાન થયું હતું.આ દરમિયાન ત્યાં ઉપસ્થિત ૧૫ યુવકો ઊભા થયા નહીં. પોલીસે તમામ ૧૫ યુવકોની અટકાયત કરી છે.

### RBIએ નિકાસકારો માટે વિવિધ પગલાં જાહેર કર્યા




। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

અમેરિકાના ૫૦ ટકા ટેરિફનો સામનો કરવા માટે નિકાસકારો માટે રિઝર્વ બેન્કે અનેક પગલાં જાહેર કર્યા છે. આ પગલામાં પેપરવર્કમાં ઘટાડો, નાના નિકાસકારો અને આયાતકારો માટે કમ્પ્લાયન્સનો બોજ હળવો કરવાનો સમાવેશ છે. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતું કે દેશના અર્થતંત્ર માટે નિકાસ મહત્વનો ભાગ છે.આરબીઆઈએ કરેલી જાહેરાતમાં ભારતીય નિકાસકારો માટે IFSCમાં ફોરેન કરન્સી એકાઉન્ટ રિપેટ્રિએશનનો સમયગાળો એક મહિનાથી વધારીને ત્રણ મહિના કરાયો છે.જાન્યુઆરીમાં આરબીઆઈએ નિકાસકારોને ભારતની બહાર બેન્કમાં ફોરેન કરન્સી એકાઉન્ટ્સ શરૂ કરવાની મંજૂરી આપી હતી જેથી નિકાસ પ્રક્રિયાનું રિયલાઈઝેશન સારી રીતે પાર પડે. આ ખાતામાં રહેલા ફંડનો ઉપયોગ આયાતની ચૂકવણી માટે કરી શકાય છે અથવા મહિનાના અંતે રિપેટ્રિયેટ કરી શકાય છે. આ માટેનો સમયગાળો હવે ત્રણ મહિના કરી દેવાયો છે. તેનાથી નિકાસકારો IFSC બેન્કિંગ યુનિટ્સમાં વધુ સંખ્યામાં ખાતા ખોલવા માટે પ્રોત્સાહિત થશે અને ફોરેક્સ લિક્વિડિટી પણ વધારશે. આ અંગે ટૂંકમાં નોટિફિકેશન બહાર પડશે. આરબીઆઈએ આ ઉપરાંત મર્ચન્ડાઈઝ ટ્રેડ ટ્રાન્ઝેક્શન્સ માટે ફોરેક્સ આઉટલે(ખર્ચ)નો સમયગાળો ચાર મહિનાથી વધારીને છ મહિના કરી દીધો છે.

### મને નોબેલ પુરસ્કાર નહીં આપવો યુએસનું અપમાન : ટ્રમ્પ

# અમેરિકામાં શટડાઉનથી ૭.૫૦ લાખ સરકારી કર્મચારીઓના પગાર બંધ

### સરકારી ખર્ચના બજેટ આયોજન બાબતે ટ્રમ્પની રીપબ્લિકન પાર્ટી અને ડેમોક્રેટિક વચ્ચે મડાગાંઠની અસર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

યુએસમાં ૧ ઓક્ટોબરથી શટડાઉન લાગુ થઈ ગયું છે જેના કારણે આવશ્યક સેવાઓ સિવાયની તમામ સરકારી કામગીરી ઠપ થઈ જતાં અમેરિકાનું અર્થતંત્ર સંકટમાં મુકાયું છે. શટડાઉનને લીધે ૭.૫૦ લાખ કર્મચારીઓના પગાર બંધ થાય તેવી સ્થિતિ છે. કેટલીક આવશ્યક સેવાના કર્મચારીઓએ પગાર વગર કામ કરવું પડશે. સેનેટમાં ફંડિંગ બિલને પસાર કરાવવામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નિષ્ફળ રહ્યા હતા. આગલી રાત્રે થયેલા મતદાનમાં બિલના સમર્થનમાં ૫૫ વોટ પડ્યા હતા અને વિરોધમાં ૪૪ વોટ હતા. બિલને પસાર કરાવવા માટે ૬૦ વોટની જરૂર હતી. ડેમોક્રેટ્સે બિલની



વિરુદ્ધમાં મત આપ્યા હતા. ૧૦૦ સભ્યોની સેનેટમાં ૫૩ રીપબ્લિકન, ૪૭ ડેમોક્રેટ્સ અને ૨ અપક્ષ સભ્યો છે. બે અપક્ષે બિલના સમર્થનમાં વોટ આપ્યા હતા, પરંતુ જરૂરી બહુમતિ મળી શકી નહતી. અમેરિકામાં નાણાકીય વર્ષની શરૂઆત ઓક્ટોબર મહિનાથી થાય છે. આ સમયે સરકાર દ્વારા બજેટ રજૂ કરાય છે અને સરકારી ખર્ચનું આયોજન થાય છે. આ બિલ પાસ ન થાય તો સરકારને મળનારું ફંડ અટકી જાય છે અને તેની અસર સરકારી સેવાઓ પર પડે છે. બિન આવશ્યક સરકારી સેવાઓ બંધ થઈ જાય છે, જેને શટડાઉન કહેવામાં આવે છે. યુએસના બે મુખ્ય પક્ષો ડેમોક્રેટ્સ અને રીપબ્લિકન વચ્ચે હેલ્થ કેર સબસિડી પ્રોગ્રામ બાબતે મડાગાંઠ સર્જાી હતી. શાસક પક્ષની ઈચ્છા હેલ્થ કેરની સબસિડી વધારવાની હતી, પરંતુ તેના આર્થિક બોજથી સરકારની અન્ય યોજનાઓ પર અસર પડવાની આશંકા સાથે ઓબામાના રીપબ્લિકને વિરોધ કર્યો હતો. ટ્રમ્પના કાર્યકાળમાં અગાઉ ૨૦૧૮ અને ૨૦૧૯માં શટડાઉનની સ્થિતિ સર્જાી હતી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નોબેલ પુરસ્કાર મેળવવાની તાલાવેલી ફરી જાહેર કરી છે. ટ્રમ્પે કહ્યુ હતું કે, ૭ યુદ્ધો પૂરા કરાવ્યા હોવા છતાં તેમને નોબેલ પ્રાઈઝ ના મળે તો તે અમેરિકાનું મોટું અપમાન ગણાશે. ગાઝા પીસ પ્લાન અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, હમાસે આ પ્લાન સ્વીકારવો જ પડશે. આ સાથે જ ૮ યુદ્ધ પૂરા કરાવ્યા હોવાનું ગણાશે. અગાઉ ક્યારેય કોઈએ આવું કર્યું નથી. આ પુરસ્કાર ટ્રમ્પને પોતાના માટે નહીં, પરંતુ અમેરિકા માટે જોઈતું હોવાનો દાવો કર્યો હતો. ગાઝા પીસ પ્લાન અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, હમાસે આ પ્લાન સ્વીકારવો જ પડશે. આ સાથે જ ૮ યુદ્ધ પૂરા કરાવ્યા હોવાનું ગણાશે. અગાઉ ક્યારેય કોઈએ આવું કર્યું નથી. આ પુરસ્કાર ટ્રમ્પને પોતાના માટે નહીં, પરંતુ અમેરિકા માટે જોઈતું હોવાનો દાવો કર્યો હતો.

### કતાર પર હુમલો કરનાર સામે હવે US લશ્કરી કાર્યવાહી કરશે : ટ્રમ્પ

# કતાર પર હુમલો કરનાર સામે હવે US લશ્કરી કાર્યવાહી કરશે : ટ્રમ્પ

### કતાર હાલમાં ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે મહત્ત્વની મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

ભામધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કતારની સુરક્ષાની જવાબદારી પોતાના હાથમાં લઈ લીધી છે. તાજેતરમાં ઈઝરાયેલ દ્વારા કતાર પર કરવામાં આવેલા હવાઈ હુમલાં બાદ, ટ્રમ્પે તાજેતરમાં કતારની સુરક્ષાની જવાબદારી લેતાં એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે. આ આદેશ અનુસાર, કતાર પર હુમલો કરનારા વિરુદ્ધ અમેરિકા સીધી લશ્કરી કાર્યવાહી કરશે. ટ્રમ્પનો આ આદેશ ઈઝરાયેલને સીધી ચેતવણી મનાઈ રહી છે. ટ્રમ્પના આદેશમાં જણાવાયું છે કે કતારની જમીન, સાર્વભૌમત્વ અથવા મહત્ત્વપૂર્ણ માળખા પરનો કોઈપણ સશસ્ત્ર હુમલાને અમેરિકાની શાંતિ અને સુરક્ષા સામેનું સીધું જોખમ માનવામાં આવશે. એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં જણાવ્યાં અનુસાર, કતાર પર હુમલાની સ્થિતિમાં, અમેરિકા રાજદ્વારી તથા આર્થિક અને જરૂર પડે લશ્કરી કાર્યવાહી સહિતના તમામ કાયદેસર અને જરૂરી પગલાં લેશે, જેથી અમેરિકા અને કતારના હિતોનું રક્ષણ કરી શકાય.ઉલ્લેખનીય છે કે, થોડાં સપ્તાહ પૂર્વે ઈઝરાયેલે કતારની રાજધાની દોહા પર ભીષણ હવાઈ હુમલાં કર્યા હતાં. આ હુમલાં અંગે ઈઝરાયેલે એવો દાવો કર્યો હતો કે, દોહામાં આતંકી સંગઠન હમાસના ટોચના નેતાઓને આશ્રય આપવામાં આવી રહ્યો હતો. જોકે, હુમલાના થોડાં દિવસો બાદ ટ્રમ્પને મળવાં અમેરિકા પહોંચેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ, કતારના વડાં સાથે ફોન પર વાત કરીને હુમલાં અંગે 'ખેદ' વ્યક્ત કર્યો હતો.

### એક કરોડના ઈનામી ૪૯ નક્સલીઓએ હથિયારો હેઠાં મૂક્યાં

# છત્તીસગઢમાં એક દિવસમાં સૌથી વધુ ૧૦૩ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યુ

### ચાલુ વર્ષે છત્તીસગઢમાં એન્કાઉન્ટરમાં ૨૫૩ નક્સલીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં એક કરોડ રૂપિયાના ઈનામી ૪૯ સહિત કુલ ૧૦૩ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હોવાનું પોલીસે જણાવ્યું છે. કેડરમાં ૨૨ મહિલાઓ સામેલ હતી જેઓએ વરિષ્ઠ પોલીસ અધિકારી તથા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) સામે હથિયારો હેઠા મૂકવા તૈયારી દર્શાવી હતી. આત્મસમર્પણ કરનારા નક્સલીઓ માઓવાદની ખોખલી વિચારધારા અને પ્રતિબંધિત સંગઠન સીપીઆઈ (માઓવાદી)માં મતભેદથી નિરાશ હોવાનું બિજાપુરના એસપી જીતેન્દ્ર કુમાર યાદવે જણાવ્યું હતું. છત્તીસગઢમાં અત્યાર સુધીમાં આ નક્સ્લીઓનું એક દિવસમાં સૌથી મોટું આત્મસમર્પણ છે. નક્સ્લીઓ બસ્તર વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કાર્યોથી પ્રભાવિત થયા હતા અને એટલા માટે જ તેમણે બળવાનો માર્ગ ત્યાગવાનો નિર્ણય લીધો હોવાનું તેમણે જણાવ્યું હતું. છત્તીસગઢ સરકારે નિયાદ નેલ્લાનાર (તમારું સારું ગામ) યોજના હેઠળ અંતરિયાળ ગામડામાં વિકાસ કાર્યો હાથ ધર્યા હોવાથી તથા બસ્તર રેન્જ પોલીસની પુર્નવસન પહેલને લઈને નક્સ્લીઓ પ્રભાવિત થયા તથા. સમર્પણ કરનાર પૈકી લાચુ પુનેમ ઉર્ફે સંતોષ (૩૬), માઓવાદી વિભાગીય સમિતિનો સભ્ય, ગુડ્ડુ ફારસા (૩૦), ભીમા સોઢી (૪૫), હિદમે ફારસા (૨૬) અને સખમતિ ઓયામ (૨૭) દરેકના માથે રૂ. આઠ લાખનું ઈનામ જાહેર થયું હતું. અન્ય ચાર નક્સ્લીઓ પર પાંચ-પાંચ લાખ અને ૧૫ સભ્યો ઉપર બે-બે લાખ જ્યારે દસ નક્સ્લીઓ ઉપર એક-એક લાખનું ઈનામ હતું.

### બ્રિટનમાં યહૂદી ધર્મસ્થળ પરના હુમલામાં બે નાં મોત, ૩ ગંભીર



। (એજન્સી) લંડન, તા.૩ ।

ઉત્તર ઈંગ્લેન્ડમાં યહૂદી વર્ષના સૌથી પવિત્ર દિવસે એક સિનેગોગ (યહૂદી ધર્મસ્થળ) પર થયેલા હુમલામાં બે લોકો માર્યા ગયા અને અન્ય ત્રણ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. આ અંગે માહિતી આપતાં ગ્રેટર માન્ચેસ્ટર પોલીસે જણાવ્યું હતું કે, પોલીસ સાથેની અથડામણમાં હુમલાખોર પણ માર્યો ગયો છે. જોકે હુમલાખોર પાસે બોમ્બ હોવાની આશંકાને કારણે તેના મૃત્યુની પુષ્ટી તાત્કાલિક થઈ શકી નહોતી. આ હુમલાને 'આતંકી કૃત્ય' જાહેર કરાયું છે. આ ઘટનાને નજરે નિહાળારા સાક્ષીઓએ પોલીસને જણાવ્યું હતું કે, ગુરૂવારે સવારે આશરે ૯.૩૦ કલાકે યહૂદી ધર્મના અનુયાયીઓ માટે સૌથી પવિત્ર અને ગૌરવપૂર્ણ દિવસ યોમ કિપ્પુર (પ્રાયશ્ચિત્તનો દિવસ) પર લોકો મોટી સંખ્યામાં સિનેગોગમાં એકઠા થયા હતાં તે દરમિયાન એક વ્યક્તિ કાર લઈ લોકોના ટોળા તરફ ધસી આવ્યો હતો અને એક વ્યક્તિ પર ચાકૂથી હુમલો કરાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થળ પર પહોંચેલી પોલીસે હુમલાખોર પર ગોળીબાર કર્યો હતો. જેમાં હુમલાખોર માર્યો ગયો હોવાનું મનાય છે. કાર અથડાવાના કારણે તથા ચાકૂથી કરાયેલાં હુમલાંને કારણે પાંચ લોકોને ઈજા થઈ હતી, જેમાં ત્રણની હાલત ગંભીર છે. જોકે આ ઘટના આતંકવાદી હુમલો હોવાનો પોલીસે ઈનકાર કર્યો હતો.બ્રિટનના વડાપ્રધાન કિઅર સ્ટાર્મરે આ હુમલા અંગે આઘાત વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે સમગ્ર યુકેમાં સિનેગોગની આસપાસ વધારાના પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવશે. સ્ટાર્મરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ ઘટના યહૂદી કેલેન્ડરના સૌથી પવિત્ર દિવસ, યોમ કિપ્પુર પર બની છે, જે તેને વધુ ભયાનક બનાવે છે. યુકેમાં યહૂદીઓ સામે થતાં વિરોધ પર નજર રાખતી ચેરિટી, કમ્યુનિટી સિક્યુરિટી ટ્રસ્ટના ડેવ રિચે જણાવ્યું હતું કે, આ પવિત્ર દિવસે શ્રદ્ધાળુઓ પર થયેલો હુમલો અત્યંત આઘાતજનક છે.

# હપ્તા ભરવા છતાં પતિ સંયુક્ત મિલકતમાં એકાધિકારનો દાવો ના કરી શકે : હાઈકોર્ટ

### મિલકતના વેચાણમાંથી મળેલી ૫૦% રકમ સ્ત્રીધન હોવાનો પત્નીનો દિલ્હી હાઈકોર્ટમાં દાવો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હી હાઈકોર્ટે પતિ અને પત્નીની સંયુક્ત મિલકતના વિવાદમાં એક મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટના મતે પતિ દ્વારા ભલે લોનના હપ્તા (ઈએમઆઈ) ભરવામાં આવી રહ્યા હોય પરંતુ સંયુક્ત મિલકતમાં તે એકમાત્ર માલિકીનો દાવો કરી શકે નહીં. દિલ્હી હાઈકોર્ટના જજ જસ્ટિસ અનિલ ક્ષેત્રપાલ અને હરિશ વૈદ્યનાથન શંકરની ખંડપીઠે ૨૨ સપ્ટેમ્બરના જાહેર કરેલા ચુકાદામાં જણાવ્યું હતું કે, પતિ-પત્નીના નામે સંયુક્ત નોંધાયેલી મિલકતનો તમામ ખર્ચ ભલે પતિએ ઉઠાવ્યો હોય તેમ છતાં તેને સંયુક્ત મિલકત પર એકમાત્ર માલિક હોવાનો હક પ્રાપ્ત થતો નથી. કોર્ટે સ્પષ્ટતા કરતા ઉમેર્યું કે, જો પતિ સંયુક્ત મિલકત પર એકમાત્ર માલિકી હકનો દાવો કરે છે તો તે બેનામી મિલકત વ્યવહારો પ્રતિબંધની કલમ ૪નું સીધું ઉલ્લંઘન કરે છે. આ મુખ્ય કલમ કાયદેસર રીતે કોઈપણ વ્યક્તિ જે મિલકતનો સાચો માલિક હોવાનો દાવો કરે છે તેને અન્ય વ્યક્તિ જે સત્તાવાર રીતે મિલકત ધરાવે છે તેની સામે દાવો અથવા કાર્યવાહી શરૂ કરવાથી પ્રતિબંધિત કરે છે. અરજદાર પત્નીએ પ્રતિદાવો કર્યો હતો કે, મિલકતના વેચાણમાંથી પ્રાપ્ત રકમમાં ૫૦ ટકા હિસ્સો તેનો છે. આ રકમ તેના સ્ત્રીધનનો ભાગ છે જેના પર તેની વિશેષ માલિકી છે.કોર્ટ સમક્ષ અરજીમાં જણાવાયું હતું કે, ૧૯૯૯માં યુગલે લગ્ન કર્યા હતા અને ૨૦૦૫માં મુંબઈમાં બંનેએ સંયુક્ત રહેણાક મિલકત ખરીદી હતી. એક વર્ષ બાદ ૨૦૦૬માં પતિ-પત્ની અલગ-અલગ રહેવા લાગ્યા હતા અને પતિએ તે જ વર્ષે છૂટાછેડા માટે અરજી કરી જેની કાર્યવાહી ચાલુ છે. દિલ્હી હાઈકોર્ટે ચુકાદામાં ટાંક્યું કે, પત્ની દ્વારા પતિને તેના પરિવારજનો સાથે સંબંધ તોડી નાંખવા સતત દબાણ તે ક્રૂરતા ગણાશે અને આ કારણથી છૂટાછેડાના અગાઉના હુકમને સમર્થન મળે છે. જાહેરમાં પતિનું અપમાન અને મૌખિક દુર્વ્યવહાર પણ માનસિક ક્રૂરતા સમાન છે.

### અમેરિકામાં વસતા લાખો ગેરકાયદે ઇમિગ્રેન્ટ્સને રહેવાની, નોકરીની છૂટ મળવાની શક્યતા

। (એજન્સી) ટેક્સાસ, તા.૩ ।

અમેરિકામાં કાનૂની ઈમિગ્રેશન સ્ટેટસ વગર રહેતા લાખ્ખો લોકોને રાહત થાય તેવા એક પગલાં ફેડરલ સરકાર એક પ્રોગ્રામ ફરી ચાલુ કરે તેવી ધારણા છે. આ પ્રોગ્રામ હેઠળ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને અમેરિકામાં રહેવાની અને વર્ક કરવાની મંજરી મળવાની શક્યતા છે. સરકાર ટૂંકસમયમાં આ પ્રોગ્રામ હેઠળ અરજીઓ સ્વીકારવાનું ચાલુ કરી શકે છે.ફેડરલ સરકારના વકીલો અને ઈમિગ્રન્ટ્સની હિમાયત કરતી સંસ્થાઓએ ફેડરલ ન્યાયાધીશ સમક્ષ એક યોજનાઓ રજૂ કરી છે. આ યોજના મુજબ ડિફર્ડ એક્શન ફોર ચાઈલ્ડહુડ અરાઈવલ્સ પ્રોગ્રામ (ઢછઝછ) હેઠળ અરજીઓ સ્વીકારવા માટે ફરીથી દરવાજા ખોલશે. આ પ્રોગ્રામ ચાર વર્ષ પહેલા બંધ કરાયો હતો. માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટીટ્યૂટના અંદાજ મુજબ આ પ્રોગ્રામથી મોટી સંખ્યામાં લોકોને લાભ થશે. ઢછઝછ હેઠળ હાલમાં ૫.૩૩ લાખ લોકોએ રજિસ્ટ્રેશન કરાવેલું છે. દેશભરમાં લગભગ ૧૧ લાખ લોકો પાત્ર બની શકે છે.જોકે એક રાજ્ય ટેક્સાસમાં કેસની સુનાવણી ચાલી રહી છે. તેથી આ રાજ્યમાં વર્ક પરમિટ નહીં મળે. અમેરિકાના ન્યાયવિભાગે કાનૂની રજૂઆતમાં આ યોજના રજૂ કરી છે. આ યોજનાને વિવિધત બનાવવા માટે ફેડરલ જજ આદેશ જારી કરે તે પછી લાખો લોકો ઢછઝછમાં નોંધણી કરાવવા માટે લાયક બનશે તેવો અંદાજ છે.ઓબામા વહીવટીતંત્ર હેઠળ આ પ્રોગ્રામ તૈયાર કર્યો હતો. આ પ્રોગ્રામ હેઠળ માતાપિતા દ્વારા બાળક તરીકે અમેરિકામાં લાવવામાં આવેલા અને કાયદેસર ઈમિગ્રેશન દરજ્જો ન ધરાવતા લોકોને અમેરિકામાં બે વર્ષ માટે રહેવાની અને નોકરી કરવાની છૂટ મળે છે. આ પરમિટને રિન્યૂ પણ કરી શકાય છે. આ પ્રોગ્રામથી કાનૂની દરજ્જો મળતો નથી, પરંતુ દેશનિકાલ સામે રક્ષણ મળે છે. આ પ્રોગ્રામ હેઠળ એવા લોકો અરજી કરી શકશે કે જેઓ ૧૬ વર્ષની ઉંમર પહેલા અમેરિકામાં પ્રવેશ્યા હોય અને ૧૫ જૂન ૨૦૧૨ સુધીમાં ૩૧ વર્ષથી વધુ ઉંમર ન થઈ હોય. આ ઉપરાંત તેઓ કોઈ ગંભીર ગુનામાં સંડોવાયેલા ન હોય. આ પરમિટને રિન્યૂ પણ કરી શકાય છે. આ પ્રોગ્રામથી કાનૂની દરજ્જો મળતો નથી, પ રંતુ દેશનિકાલ સામે રક્ષણ મળે છે. આ પ્રોગ્રામ હેઠળ એવા લોકો અરજી કરી શકશે કે જેઓ ૧૬ વર્ષની ઉંમર પહેલા અમેરિકામાં પ્રવેશ્યા હોય અને ૧૫ જૂન ૨૦૧૨ સુધીમાં ૩૧ વર્ષથી વધુ ઉંમર ન થઈ હોય. આ ઉપરાંત તેઓ કોઈ ગંભીર ગુનામાં સંડોવાયેલા ન હોય.

## વિશેષ

### 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' - ખેલ મહાકુંભ ૨૦૨૫, ખેલ મહાકુંભ ૨૦૨૫માં રેકોર્ડ બ્રેક ૭૨,૫૭,૮૮૭ રજિસ્ટ્રેશન થયા

# રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ખેલ મહાકુંભ ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેથી ખેલ મહાકુંભ ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે ત્રણ શ્રેષ્ઠ શાળાઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. ખેલ મહાકુંભમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી ત્રણ શ્રેષ્ઠ મહાનગર પાલિકા અને ત્રણ શ્રેષ્ઠ જિલ્લાઓને પણ આ ઉદ્ઘાટન સમારોહમાં મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતના યુવાધનના સૌથી મોટા ઉત્સવ 'ખેલ મહાકુંભ'નો પ્રારંભ કરાવતા રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃ ત્તિઓ વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "એક તરફ ગુજરાતમાં લોકપ્રિય ઉત્સવ નવરાત્રી ચાલી રહી છે અને બીજી બાજુ યુવાનોનો લોકપ્રિય ઉત્સવ ખેલ મહાકુંભ આજથી શરૂ થઈ રહ્યો છે. આ એક એવી અનોખી ઘટના છે જે દુનિયાના અન્ય કોઈ દેશમાં જોવા નહીં મળે." આ પ્રસંગે શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, જે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આજે ગુજરાતના ૧૮,૦૦૦ ગામડાઓમાંથી આવનારા ૭૨ લાખથી વધુ યુવાનો માટેના ખેલ મહાકુંભનો પ્રારંભ થઈ રહ્યો છે, તે જ સંકુલના બીજા વિભાગમાં છેલ્લા ત્રણ દિવસથી ૨૯ દેશોના ૧૨૦૦ જેટલા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લઈ રહ્યા છે. આ ગુજરાતની રમતગમત ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિ દર્શાવે છે. ખેલાડીઓનો ઉત્સાહ વધારતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, "સરકાર તમારા સપના સાકાર કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, તમારે બસ સપનું જોવાનું છે અને તેને પૂરું કરવા માટે સખત મહેનત કરવાની છે. સપનું ત્યારે જ સાકાર થશે જ્યારે તમે ફરિયાદ કર્યા વગર, ટીમ સ્પિરિટ સાથે એકબીજાને મદદ કરીને સતત પ રિશ્રમ કરશો." રાજ્ય સરકારની ખેલાડીલક્ષી યોજનાઓ પર પ્રકાશ પાડતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે જ્યાં ડીસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) જેવી યોજના ચાલે છે. આ યોજના અંતર્ગત રાજ્યના ૫૬૦૦ પ્રતિભાશાળી ખેલાડીઓને દર વર્ષે રૂ. ૧.૬૦ લાખની આર્થિક સહાય પૂરી પ ાડીને ઉચ્ચ સ્તરીય તાલીમ અને સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવે છે. યુવાનોને આંતરરાષ્ટ્રીય સ્તરનું લક્ષ્ય રાખવા પ્રેરણા આપ તા મંત્રીશ્રીએ કહ્યું કે, "તમે સૌ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધા કરવાની ક્ષમતા ધરાવો છો, એવા માઈન્ડસેટ સાથે જ રમવાની શરૂઆત કરજો. કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક્સ આપ ણું અંતિમ લક્ષ્ય છે. આવનારા સમયમાં જ્યારે અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે, ત્યારે ખેલ મહાકુંભમાંથી તૈયાર થયેલા પ્રતિસ્પર્ધીઓને ઘર આંગણે રમવાની સુવર્ણ તક મળશે." અંતમાં, મંત્રીશ્રીએ ખેલ મહાકુંભ જેવા ભવ્ય આયોજન પાછળ સતત કાર્યરત રહેતા રમતગમત વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને વિવિધ રમતોના કોચની દીન-રાતની મહેનતને બિરદાવી હતી.

રમતગમત, યુવા અને સાંસ્કૃ તિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. પ્રથમ વર્ષે ૧૬ લાખ રજિસ્ટ્રેશન સાથે શરૂ થયેલ ખેલ મહાકુંભ કોરોના કાળ સિવાય આજસુધી દર વર્ષે યોજાઈ રહ્યો છે. ખેલ મહાકુંભના મંચ પરથી આગળ વધીને રાજ્યના કેટલાય ખેલાડીઓએ દેશવિદેશમાં રાજ્યનું નામ રોશન કર્યું છે. શ્રી અશ્વિની કુમારે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર પણ ઈન સ્કૂલ, ઢન્જીજી, શક્તિદૂત સહિતની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો થકી રાજ્યના ખેલાડીઓને યોગ્ય પ્લેટફોર્મ આપવા સતત પ્રયાસરત છે. રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર થકી ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે. કેન્દ્રીય ગૃ હ મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં વિશ્વસ્તરના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્સનો શુભારંભ કરાવ્યો છે અને ટૂંકા ગાળામાં જ આ કૉમ્પ્લેક્સમાં વિશ્વ સ્તરની સ્પર્ધાઓ યોજાઈ રહી છે એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' મંત્ર સાથે યોજાનારા ખેલ મહાકુંભ ૨૦૨૫માં રેકોર્ડ બ્રેક ૭૨,૫૭,૮૮૭ રજિસ્ટ્રેશન થયા છે. જેમાં ૪૩,૮૩,૫૨૦ પુરુષ ખેલાડીઓ અને ૨૮,૭૪,૩૬૭ મહિલા ખેલાડીઓ વિવિધ સ્પ ર્ધાઓમાં ભાગ લેશે. શાળા અને ગ્રામ્ય કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, ઝોન કક્ષા અને રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં રાજ્યભરમાંથી ખેલાડીઓ મેડલ મેળવવા માટે મેદાનમાં ઉતરશે. વીર સાવરકર સ્પ ોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, લોકસભાના સાંસદશ્રીઓ શ્રી દિનેશભાઈ મકવાણા, શ્રી હસમુખભાઈ પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈ, ધારાસભ્ય સર્વે શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, સુરત શહેરના મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી,સુરતના મ્યુનિ. કમિશનર શ્રી શાલિની અગ્રવાલ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર ઓફ જનરલ શ્રી સંદીપ સાગળે, વડોદરાના મ્યુનિ.કમિશનર શ્રી અરુણ મહેશ બાબુ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના શ્રી આઈ.આર.વાળા તથા ખેલાડીઓ, કોચિસ,સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને અન્ય સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
બગીચા ખાતુ
ઈ-ટેન્ડર નોટીસ નં. ૨૦/૨૦૨૫-૨૬ (ઓનલાઈન)

બગીચા ખાતામાં Supling & Cut Flower For Sculptures at Flower Show Event-2026 નાં કામ માટે ઈ-ટેન્ડર નોટીસ નં. ૨૦/૨૦૨૫-૨૬ (ઓનલાઈન) થી ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. આવા કામનાં અનુભવી કોન્ટ્રાક્ટરોએ ઈ-ટેન્ડરની વિગતો www.ahmedabadcity.gov.in અને https://tender.nprocure.com ઉપરથી મેળવી શકાશે. ભરેલ ઈ-ટેન્ડરો તારીખ ૧૪-૧૦-૨૦૨૫ના રોજ ૧૪.૦૦ વાગ્યા સુધી સ્વિકારવામાં આવશે.

ડે. મ્યુનિસિપલ કમિશનર
(પાર્કસ એન્ડ ગાર્ડન્સ)

## કેએલ રાહુલની વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ પ્રથમ ઈનિંગમાં સદી

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

કેએલ રાહુલે વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ અમદાવાદ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં સદી ફટકારી દીધી છે. રાહુલે પોતાની સદી ૧૯૦ બોલ પર ૧૨ ચોગ્ગાની મદદથી પૂરી કરી છે. રાહુલની આ ઈનિંગ ખૂબ ખાસ છે. વેસ્ટ ઈન્ડિઝ સામે લીડ અપ ાવવામાં રાહુલની ઈનિંગ મહત્વની રહી છે. આ સાથે રાહુલના ખાતામાં નવી સિદ્ધિઓ સામેલ થઈ છે. કેએલ રાહુલે પોતાના ટેસ્ટ કરિયરની શરૂઆત વર્ષ ૨૦૧૪મા કરી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી એટલે કે ૧૧ વર્ષમાં તેણે ૧૧ વખત સદી ફટકારી છે. ટેસ્ટ કરિયરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે આ તેની બીજી સદી છે. આ પ હેલા રાહુલે ૨૦૧૬મા કિંગ્સટનમાં સદી ફટકારી હતી. ભારતીય જમીન પર પણ આવું ૯ વર્ષ બાદ થયું છે, જ્યારે કેએલ રાહુલે સદી ફટકારી છે. રાહુલે ભારતમાં છેલ્લે વર્ષ ૨૦૧૬મા ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સદી ફટકારી હતી.

### ભૂમિકા ૨૦૧૭થી પોલીસમાં ફરજ બજાવી રહી હતી

# પિતાને અંતિમ મેસેજ કરી મહિલા પોલીસ કોન્સ્ટેબલે જીવન ટૂંકાવ્યું

## પોલીસ કોન્સ્ટેબલ ભૂમિકા ચૌહાણે લાંબી બીમારીથી કંટાળી પોતાના પિતાને અંતિમ મેસેજ કરી આપઘાત કર્યો

બાદમાં પરિવારજનોએ તેને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચાડી હતી અને ઈમર્જન્સી વોર્ડમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી છે. આ મામલે પોલીસ દ્વારા ભૂમિકાના માતા-પિતાની પણ પૂછપ રછ કરવામાં આવી હતી. જેમાં પરિવારજનોએ ભૂમિકાને આંચકી અને વાઈની બીમારી હોવાનું જણાવ્યું હતું. તેમજ તેની ઘણા વર્ષોથી દવા પણ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.નોંધનીય છે કે, મૃતક મહિલા કોન્સ્ટેબલ ભૂમિકા ચૌહાણ વર્ષ ૨૦૧૭માં ગુજરાત પોલીસમાં જોડાઈ હતી. તેમજ અગાઉ પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન, મહિલા પોલીસ સ્ટેશન તેમજ હાલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી રહી હોવાનું સામે આવ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ભૂમિકા અગાઉ બેથી ત્રણ વખત ઊંઘની ગોળીનો ઓવરડોઝ તેમજ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

શહેરમાં ૨૭ વર્ષીય ભૂમિકા ચૌહાણ નામની મહિલા પોલીસ કોન્સ્ટેબલે પોતાની બીમારીથી કંટાળીને જીવન ટુંકાવ્યું હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. મહિલા કોન્સ્ટેબલ ભૂમિકા ચૌહાણે આજે સવારે તેના પિતાના વોટ્સએપ પર અંતિમ મેસેજ છોડી ઝેરી દવા પીને આપઘાત કરી લીધો છે, જે મામલે પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન ખાતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત રજીસ્ટર કરવામાં આવી છે. આ અંગે પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનના પીઆઈ વિક્રમ વસાવાએ વધુમાં જણાવ્યું કે, ભૂમિકા ચૌહાણે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પીને પોતાનું જીવન ટુંકાવ્યું છે. આ આત્મઘાતી પગલું ભરતા પહેલા સવારના ૧૧:૦૦ વાગ્યાના અરસામાં તેણે પોતાના પિતા કનકસિંહ ચૌહાણને વોટ્સએપ પર અંતિમ મેસેજ કર્યો હતો કે, 'મારી બીમારીનો કોઈ ઈલાજ નથી. હું દવા પીને કંટાળી ચૂકી છું. તમે બધાએ મને ખૂબ સપ ોર્ટ આપ્યો છે. ત્યારે હું દવા પી આત્મહત્યા કરી રહી છું. આના માટે કોઈપણ જવાબદાર નથી.' આ પ્રકારનો મેસેજ મળતા જ પરિવારજનો દ્વારા મહિલા પોલીસ કોન્સ્ટેબલ ભૂમિકા ચૌહાણનો સતત ફોન દ્વારા સંપર્ક કરવામાં આવી રહ્યો હતો. પરંતુ ભૂમિકા ચૌહાણનો ફોન સતત નો રીપ્લાય આવી રહ્યો હતો. ત્યાર બાદ પ રિવારજનો રાજકોટ શહેર પોલીસ દ્વારા ભૂમિકા ચૌહાણને ફાળવવામાં આવેલા પોલીસ ક્વાર્ટર ખાતે પણ પહોંચ્યા હતા. જ્યાં જોર જોરથી દરવાજો ખખડાવ્યા બાદ પણ ભૂમિકા ચૌહાણે દરવાજો ન ખોલતા પરિવારજનોએ દરવાજો તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં ભૂમિકા બેભાન હાલતમાં જણાઈ રહી હતી. બાદમાં પરિવારજનોએ તેને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચાડી હતી અને ઈમર્જન્સી વોર્ડમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી છે. આ મામલે પોલીસ દ્વારા ભૂમિકાના માતા-પિતાની પણ પૂછપરછ કરવામાં આવી હતી.

### બુકિંગના નામે થઈ રહ્યું છે આ ફ્રોડ

## દિવાળીમાં સાળંગપુર મંદિર જવાનો પ્લાન હોય તો સાચવજો

। (એજન્સી) નવસારી, તા.૩ ।

દિવાળીના તહેવારોમાં કષ્ટભંજન દેવ સાળંગ પુરના દર્શને જવાનું વિચારતા હોય તો ચેતી જજો, કારણ ધર્મશાળાનું ઓનલાઈન બુકિંગ કરવા ક્યાંક બુકિંગના રૂપિયા ખોવાનો વારો ન આવે. કારણ સાળંગ પુર ટ્રસ્ટના નામની વેબ સાઈટ ધર્મશાળાનું બુકિંગ કરવાને નામે ભક્તોને છેતરી રહી હોવાનું નવસારી સાયબર ક્રાઈમની તપાસમાં ખુલ્યુ છે. જોકે સાળંગ પુર મંદિર દ્વારા ધર્મશાળાનું ઓનલાઈન બુકિંગ થતું જ નથી. દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે. સાથે જ શાળાઓમાં પણ વેકેશન પડશે, એટલે મોટી સંખ્યામાં લોકો ફરવા નીકળશે. ત્યારે ભેજાબાજો, લોકોને ઓનલાઈન હોટલ કે ધર્મશાળા બુકિંગની વેબસાઈટ ઉપર ફસાવાની તૈયારી કરી બેઠા છે. નવસારી સાયબર ક્રાઈમ પોલીસે આવી જ એક વેબસાઈટ શોધી છે. sarangpurtrustdharmashala.co.in આ વેબસાઈટ પ્રસિદ્ધ સારંગપુર કષ્ટભંજન દેવના સારંગપુર ટ્રસ્ટના નામથી ઈન્ટરનેટ ઉપર છે. જેમાં ધર્મશાળા માટે ઓનલાઈન બુકિંગ થાય છે. પરંતુ આ વેબસાઈટ ઓપન કરતા જ તેમાં હોટલ જેવા રૂમના ફોટો આવે છે અને તેની સાથે બુકિંગનું બટન છે. જેના ઉપર કોમ્પ્યુટર કે લેપટોપ થી ક્લિક કરતા બુકિંગ થતુ નથી. પરંતુ મોબાઈલ ફોનમાં સાઈટ ઓપન કરી, બુકિંગ બટન ઉપર ક્લિક કરતાની સાથે જ એક મોબાઈલ નંબર આવી જાય છે. જેના ઉપર ફોન કરતા જ રિસેપ્શન ઉપર વાત થતી હોય એવું લાગે છે અને એ નંબર દ્વારા ક્યુઆર કોડ કે મોબાઈલ નંબર ઉપર ઓનલાઈન બુકિંગ કર્યાનું જણાવી ઓનલાઈન પેમેન્ટ મેળવવામાં આવે છે. પરંતુ અહીં પેમેન્ટ થતા જ તમે છેતરાશો અને ન તો બુકિંગ પ્રમાણે રૂમ મળશે કે ન તો રૂપિયા પરત આવશે. કારણે કે આ વેબસાઈટ ફેક છે. ઉલ્લેખનિય છે કે, સારંગપુર મંદિરની આધિકારિક વેબસાઈટ ઉપર ધર્મશાળાનું કોઈપણ બુકિંગ ઓનલાઈન થતુ ન હોવાની સ્પષ્ટ સૂચના શરૂઆતમાં જ હોમપેજ ઉપર આપવામાં આવી છે. જેથી નવસારી સાયબર ક્રાઈમ પોલીસે લોકોને કોઈપણ ઓનલાઈન ખરીદી કરવા પૂર્વે વેબસાઈટની ખરાઈ કરવા અપીલ કરી છે. સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર વિશ્વ પ્રસિદ્ધ છે અને તહેવારોમાં લાખોની સંખ્યામાં લોકો મંદિરે હનુમાનજીના દર્શને આવતા હોય છે. ત્યારે ભેજાબાજોએ એને ધ્યાનમાં રાખીને ઓનલાઈન છેતરપિંડીનું નવું ગતકડું શોધી કાઢ્યું હતું, પરંતુ નવસારી સાયબર ક્રાઈમની ટીમે ઝીણવટભરી તપાસ સાથે સારંગપુર ટ્રસ્ટના નામે ચાલતી ફેક વેબસાઈટ શોધી કાઢી છે. જેથી લોકો વેબસાઈટ ઉપર ઓનલાઈન વહેવાર કરવા પહેલા આધિકારિકતા, સ્પેલિંગ, ગ્રામર તેમજ તાર્કિક રીતે વેબસાઈટની ચકાસણી કર્યા બાદ જ આર્થિક વહેવાર કરે એ હિતાવહ છે.

## ગુજરાત તેમજ સુરત માટે ગર્વ ની ક્ષણ આશિષ રાજપુરોહિત અને નિશિત પટેલ ઇન્ડિયન નેશનલ કરાટે ટીમમાં પસંદગી પામ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાત તેમજ સુરત માટે ગર્વ ની ક્ષણ આશિષ રાજપુરોહિત અને નિશિત પટેલ ઈન્ડિયન નેશનલ કરાટે ટીમમાં પસંદગી પામ્યા છે. અને મલેશિયા ( કુલાલુમપુર) ખાતે ૩થી ૬ ઓક્ટોબર ૨૦૨૫. યોજાવનાર વર્લ્ડ કરાટે ટુર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે મલેશિયા જવા માટે રવાના થયા છે. આ ટુર્નામેન્ટ નું આયોજન વર્લ્ડ કરાટે ફેડરેશન (WKF) દ્વારા કરવામાં આવશે અને આ પ્રતિયોગીતામાં વર્લ્ડના ફેમસ કરાટે ખેલાડીઓ રમવા માટે આવશે. અને નિશિત પટેલ ગતવર્ષ ફિલિપાઈન્સ ખાતે એશિયન કરાટે ટુર્નામેન્ટમાં રમી ચૂક્યા છે અને ખૂબ જ સરસ પોતાનું પ્રદર્શન બતાવ્યું હતું. આ વર્ષે પણ આશિષ અને નિશિત પટેલ થી આશા રાખીએ છીએ કે સુંદર પ્રદર્શન કરીને દેશ માટે મેડલ જીતી આપના ગુજરાત તેમજ સુરતનું નામ રોશન કરે બંને ખેલાડીઓ સુરત તેમજ ગુજરાતના નામચીન કરાટે કોચ અમલેશભાઈ બાવરીયા ના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહ્યા છે.

### દરગાહની ચાદર હલતો હોવાનો વીડિયો વાયરલ થયો

## જૂનાગઢમાં ગેબનશાહ પીરની દરગાહે શ્વાસ લીધો હોવાની ચર્ચા

### બાળકો દરગાહ સામે રમી રહ્યા હતા ત્યારે અચાનક જ મઝારમાંથી કોઈ શ્વાસ લેતું હોય તેવું અનુભવાયું હતું

। (એજન્સી) જુનાગઢ, તા.૦૩ ।

જુનાગઢની પ્રખ્યાત ગેબનશાહ પીરની દરગાહ ખાતે ચમત્કારિક ઘટના જોવા મળી હતી. લોકો ઉભા હતા ત્યારે અચાનક દરગાહ હલવા લાગી હતી, અને મઝારમાંથી કોઈ શ્વાસ લેતું હોય તેવા દ્રષ્યો જોવા મળ્યા હતા. કુતુહલ સર્જાતા દરગાહ ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.



જુનાગઢ શહેરમાં અજીબોગરીબ ઘટના જોવા મળી હતી. શહેરના ગોધાવાવ ખાત ગેબનશાહ પીરની દરગાહ આવેલી છે. ગઈકાલે સાંજના સમયે બાળકો દરગાહ સામે રમી રહ્યા હતા ત્યારે અચાનક જ દરગાહની મઝારમાંથી કોઈ શ્વાસ લેતું હોય તેવું અનુભવાયું હતું. ત્યારે રમતા રમતા બાળકોનું ધ્યાન ગયું હતું. તેથી તેઓએ સ્થાનિક રહેવાસી રસીદભાઈને આ અંગે જાણ કરી હતી. આ બાદ રસીદભાઈ દરગાહ પાસે પહોંચ્યા હતા. જ્યા તેઓએ જોયું તો ખરેખર દરગાહમાં કોઈ હોય એ રીતે હલચલ થઈ રહી હતી. આ જોઈને લોકો એકઠા થઈ ગયા હતા. દરગાહમાં કોઈ શ્વાસ લેતું હોય તેવું લોકોએ પોતાની નજરોએ જોયું હતું.

### સ્મશાનમાં ભજન-કિર્તન કરાયા

## સાવરકુંડલામાં ડીજેના તાલે દાનવીર વિઠ્ઠલબાપાની અંતિમયાત્રા નીકળી

। અમરેલી, તા.૩ ।

અમરેલીના સાવરકુંડલા શહેરના દાનવીર અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા વિઠ્ઠલબાપા કથીરિયાના અવસાનથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાયો છે. આજે (ત્રીજી ઓક્ટોબર) સાવરકુંડલા ખાતે તેમની અંતિમયાત્રા ભજન-કીર્તનના ભક્તિમય સૂરો સાથે ભવ્ય રીતે નીકળી હતી, જેમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા અને તેમને ભાવભીની વિદાય આપી હતી. વિઠ્ઠલબાપાની અંતિમ ઈચ્છા મુજબ તેમની અંતિમયાત્રા પરંપરાગત રીતે ડી.જે. પર ભજન-કીર્તનના સૂર સાથે કાઢવામાં આવી હતી. લોકોની આંખોમાં આંસુ અને શ્રદ્ધાંજલિ વચ્ચે આ યાત્રા તેમના સેવાભાવ અને ધાર્મિક આસ્થાને અનુરૂપ બની રહી હતી. વિઠ્ઠલબાપા કથીરિયા સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં તેમની દાનવીરતા માટે જાણીતા હતા. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન લાખો રૂપિયાનું અનુદાન આપી સમાજસેવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આરોગ્ય



ક્ષેત્રે વિઠ્ઠલબાપાનું યોગદાન અદ્વિતીય રહ્યું હતું. તેમણે સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને નિઃશુલ્ક ચાલતી ટીંબી હોસ્પિટલમાં મોટું દાન આપ્યું હતું, જેનાથી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે સારવારનો લાભ મળતો હતો. આ ઉપરાંત તેમણે સ્વામિનારાયણ મંદિર, રામજી મંદિર અને શિવાલયમાં પણ લાખો રૂપિયાનું દાન આપી ધાર્મિક કાર્યોમાં સેવા આપી હતી. વિઠ્ઠલબાપાની અંતિમયાત્રામાં સામાજિક-ધાર્મિક આગેવાનો, વેપારીઓ અને સામાન્ય નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. સૌએ તેમની દાનવીરતા અને સેવાભાવને યાદ કરી હતી.

### ભાયલીમાં કિશન એલ્ટિસ સાઇટ પર જુગાર રમતા હતા

## વડોદરામાં ૧૨ મોટા નામચીન બિલ્ડર્સ જુગાર રમતા ઝડપાયા

### પોલીસે કાર્યવાહી કરતા ૧.૫૦ લાખ રોકડા અને ૧૨ મોબાઇલ સાથે 3.30 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

। (એજન્સી) વડોદરા, તા.૦૩ ।

વડોદરા તાલુકા પોલીસે શહેરના ભાયલી વિસ્તારમાં આવેલી કિશન એલ્ટિસ સાઈટ પર જુગાર રમી રહેલા ૧૨ બિલ્ડરોને ઝડપી પાડ્યા છે. જોકે, આ કાર્યવાહી દરમિયાન પોલીસે બિલ્ડરોની મોંઘીદાટ કારો જપ્ત ન કરતા અને ઝડપાયેલા આરો પીઓને રાતોરાત જામીન પર મુક્ત કરી દેતા પોલીસની કામગીરી અનેક સવાલોના ઘેરામાં આવી ગઈ છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડોદરા પોલીસ કંટ્રોલ રૂમને જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી (વર્ધી) મળી હતી. આ વર્ધીના આધારે તાલુકા પોલીસે ભાયલી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.



આ દરોડામાં સ્થળ પરથી જુગાર રમી રહેલા કુલ ૧૨ બિલ્ડરોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા ૧.૫૦ લાખ અને ૧૨ મોબાઈલ ફોન સહિત કુલ ૩.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે જુગારના ગુનામાં નીચે મુજબના ૧૨ બિલ્ડરોની ધરપકડ કરી હતી તેમાં ૧. અલ્પેશ ગોરધન નારિયા ૨. વિશાલ મોહન પ ટેલ ૩. સંજય જમનાદાસ પટેલ ૪. મેહુલ જયંતિ ઝીંઝુવાડીયા ૫. ગુંજન ભરત કાલરીયા ૬. ભાવેશ મનસુખ પટેલ ૭. વિ પુલ જયભાઈ પટેલ ૮. સંદીપ કેવલ પટેલ ૯. પિયુષ મનસુખ નાદરિયા ૧૦. પિયુષ અશ્વિન વાચાણી ૧૧. નયન ભીમજી લિંબાચીયા ૧૨. વિમલ મગન પ ટેલનો સમાવેશ થાય છે. તાલુકા પોલીસે આટલા મોટા માથા અને મોટી રકમના જુગારના કેસમાં જે પ્રકારે કાર્યવાહી કરી છે, તેનાથી અનેક શંકાઓ ઊભી થઈ છે. કાર જપ્ત ન કરવા પર સવાલ ઉભા થયા છે. જુગારના સ્થળેથી પકડાયેલા તમામ બિલ્ડરો પોતાની મોંઘીદાટ કાર લઈને આવ્યા હતા.

## રવિન્દ્ર જાડેજાએ છઠ્ઠી સદી ફટકારી ધોનીને પાછળ છોડ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ટેસ્ટ મેચમાં રવીન્દ્ર જાડેજા શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. ઈંગ્લેન્ડમાં કાઢેલી તલવાર રવીન્દ્ર જાડેજા આજે પણ મ્યાન કરી નથી. ૩૬ વર્ષીય ઓલરાઉન્ડરે શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પોતાની છઠ્ઠી સદી ફટકારી એમએસ ધોનીને પ ાછળ છોડ્યો છે. રવીન્દ્ર જાડેજાના ફોર્મના કારણે ટીમ ઈન્ડિયા વધુ મજબૂત સ્થિતિમાં આવી ગઈ છે. ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા બેટ્સમેન તરીકે પોતાની કરિયરના સૌથી શાનદાર સમયમાંથી પસાર થઈ રહ્યો છે અને સિરીઝ દર સિરીઝ તે પોતાની મહત્ત્વતાને સાબિત કરી રહ્યો છે. ઈંગ્લેન્ડમાં દરેક મેચમાં સંકટમોચક ઈનિંગ રમનાર જાડેજા પોતાના રાજ્યમાં બેટથી તલવારબાજી કરતા જોવા મળ્યો હતો. કેટલાક શાનદાર શોટ્સના કારણે તે પોતાની સદી પૂરી કરવામાં સફળ રહ્યો છે. રવીન્દ્ર જાડેજા કેટલા શાનદાર ફોર્મમાં છે તેનો અંદાજ તેના પરથી લગાવી શકાય છે કે છેલ્લી ૯ ઈનિંગ્સમાં આ તેમનો ૭મો ૫૦+ સ્કોર છે, જેમાં મેનચેસ્ટરમાં ઈંગ્લેન્ડ સામેની એક સદી પણ શામેલ છે. આ સદીની મદદથી ૨૦૨૫માં ટેસ્ટ મેચોમાં તેમની સરેરાશ ૭૫ની થઈ ગઈ છે અને તેમણે અત્યાર સુધી ૬૦૫ રન બનાવ્યા છે. ખાસ વાત એ છે કે ૨૦૧૯માં વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપ શરૂ થયા પછીથી, તેમણે ૪૫ મેચોમાં ૪૩ની સરેરાશથી ૨૪૫૧ રન બનાવ્યા છે, જેમાં ૪ સદી અને ૧૮ અડધી સદી શામેલ છે. ઉક્ત સાઈકલમાં આ રેકોર્ડ વિરાટ કોહલીના રેકોર્ડ કરતા ઘણો સારો છે. નિવૃત્તિ પહેલા, વિરાટ કોહલીએ ૪૬ મેચોમાં ૩૫ની સરેરાશથી ૨૬૧૭ રન બનાવ્યા હતા. તેમના નામે ૫ સદી અને ૧૧ અડધી સદી છે. ઋષભ પંત ૨૮ મેચોમાં ૪૩ની સરેરાશથી ૨૭૩૧ રન બનાવીને આ યાદીમાં ટોપ પર છે. રવીન્દ્ર જાડેજાએ પોતાની સદી પૂરી કરીને વધુ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી.

## આગામી ૭ દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

### હવામાન વિભાગે સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસવાની આગાહી કરી

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યમાં હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે, જેનું મુખ્ય કારણ અરબી સમુદ્રમાં સક્રિય થયેલી સિસ્ટમ છે. આ સિસ્ટમના કારણે રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવવાની શક્યતા છે.

અરબ સાગરમાં હાલમાં ડીપ ડિપ્રેશન સક્રિય છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી માત્ર ૩ કલાકમાં આ ડીપ ડિપ્રેશન ચક્રવાતમાં ફેરવાશે. આ ઉપરાંત, આગામી ૨૪ કલાકમાં અરબ સાગરની આ સિસ્ટમ વધુ મજબૂત બનીને સિવિયર સાયક્લોનિક સ્ટોર્મ (અતિ તીવ્ર ચક્રવાતી વાવાઝોડું) માં પરિવર્તિત થવાની શક્યતા છે. આ સંભવિત વાવાઝોડાના પ ગલે ગુજરાતના પશ્ચિમ ભાગમાં વરસાદી માહોલ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસવાની આગાહી કરી છે. આ વરસાદી સિસ્ટમની અસરરૂપે રાજ્યમાં પવનની ગતિ પણ વધશે.સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે. માછીમારોને આગામી ૫ દિવસ સુધી દરિયો ન ખેડવાની સ્પષ્ટ સૂચના આપ વામાં આવી છે. દરિયાકાંઠે ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આગામી ૨૪ કલાકમાં વેરાવળ અને અન્ય બંદરો પર ન્ઝજી-૩ (લોકલ કોશનરી સિગ્નલ) લગાવવામાં આવ્યું છે, જેનો અર્થ છે કે દરિયામાં પવનની ગતિમાં વધારો થવાની શક્યતા છે. દક્ષિણના દરિયાકાંઠે DC-1 (ડિસ્ટન્ટ કોશનરી સિગ્નલ) લગાવવામાં આવ્યું છે. અરબી સમુદ્રની સિસ્ટમ ઉપરાંત, ઓરિસ્સા પાસે ડિપ્રેશન સક્રિય થવાથી પણ રાજ્યના અન્ય ભાગોમાં હળવા વરસાદની આગાહી છે.

ગુજરાતમાં મોન્સૂન વિડ્રોઅલ (પાછું ખેંચાવાની) લાઈન વેરાવળ અને ભરૂચ પાસે પહોંચી ગઈ છે, છતાં પણ આ નવી સિસ્ટમ્સ વરસાદ લાવી રહી છે. રાજ્યના સૌથી મોટા શહેર અમદાવાદમાં પણ વાદળછાયા વાતાવરણ સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. નાગરિકોને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અને સાવચેત રહેવા અપીલ કરવામાં આવે છે.



